કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ


વર્ષ ૨૮મું · અંક ૧૦મો · સળંગ ૩૩૪મો અંક · ઑક્ટોબર ૧૯૫૧

તંત્રી · બચુભાઈ રાવત



સરસ્વતી

જલના તરંગો પર, વિસ્તારિત પાંખોવાળા હંસ પર વિરાજમાન, વીણાધારિણી, સ્વરનિમગ્ના ભગવતી સરસ્વતીના, સફેદ કાગળમાં કાતરેલા આ ચિત્રના કલાકાર રામપ્રસાદની અદ્ભુત શક્તિનાં અન્ય ઉદાહરણો સાથેનો પરિચયલેખ આ અંકમાં આપ્યો છે. જગતમાં વ્યાપી જતી તરંગરેખાઓ ક્રમબદ્ધ વિસ્તાર લેતી, મુખ્ય આકૃતિને કાગળની બારીક રેખાઓ વડે આધાર આપી રહી છે. સ્વચ્છ આકાશમાં, અલંકારમંડિત સુમનોહર દેવીસ્વરૂપ અને વીણા સ્પષ્ટ ઉઠાવ પામે છે. કાગળની કાતરણીની સુકુમારતા ને બારીકાઈની અદ્ભુતતાનો ખ્યાલ સહેજ ઝીણીઓથી આવશે. દરેક રેખાદર્શનમાં ને જળના ઊછળતા તરંગોમાં કોઈ કલાકારની પીંછીની સંપૂર્ણ સ્પર્ધા ને ફરી બતાવે છે.





ડાબી બાજુ: હઝરત મહમ્મદ પયગમ્બર સાહેબની, જિન્નત અને જહન્નમની તપાસણી અર્થે આકાશી સફર. પ્રાચીન ઈરાની ચિત્ર જમણી બાજુ: ઈરાની ફરસબંધીની અદ્‌ભુત શોભનકલા.
આ બંને ચિત્રોનું વિસ્તૃત રસદર્શન આ અંકના તદ્દન છેલ્લા પૃષ્ઠ ઉપર આપ્યું છે તે વાંચો.

કુમાર

ઑક્ટોબર ૧૯૫૧

અંક ૩૩૪

ચિત્રો

કાવ્યો


ચરિત્ર

વાર્તા

લેખો


વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી. મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા શિ૦ ૧૫; છુટક નકલ: બાર આના



નર્મદાતીરે • ફોટો : શ્રીદામ ભટ્ટ

સૌંદર્ય તો આપણી નજર આગળ હાજરાહજૂર હોય છે: સામાન્ય દૃશ્યો ને મામૂલી વસ્તુઓ સુદ્ધાંમાં તે રમતું હોય છે. માત્ર તેને પ્રીછવાને તથા માણવાને માટે જાગૃત અને રસપિપાસુ આંખ જોઇએ. નર્મદાનો નાનો સરખો ઘાટ; ત્યાં જોડાજોડ આરામ લેતી પડેલી હોડીની જોડી; અને જાણે રૂપાની ઘૂઘરીઓ વેરાઈ હોય એવું, પાણી પર પવનની લહેરખીઓ સાથે રમતું પ્રભાતના પ્રકાશનું હાસ્ય! આવો કાવ્યમય આહ્‌લાદ આપતા દૃશ્યને ચિત્રસંયોજનની કલાએ નમણું બનાવ્યું છે. હોડીના છાયાવાળા ને પાણીના પ્રકાશવાળા ભાગના સપ્રમાણ બ્લૂશને સંલગ્ન કરતા વીંટાએલા સઢ જેવી જ ઘાટની ત્રાંસી કિનાર ત્રિકોણાકાર સંયોજનનું બંકિમ સૌંદર્ય યોજે છે.



પંખીનાં અંગ-ઉપાંગ

મુંબાઈના પ્રકૃતિ વિજ્ઞાન મંડળ'ધ બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી'તરફથી તેના મંત્રી અને જગનામી પક્ષિવિદ્ શ્રી સાલીમ અલીનું લખેલું ભારતનાં પક્ષીઓનો પરિચય આપતું 'એ બુક ઑવ ઈન્ડિયન બર્ડ્ઝ' નામનું પુસ્તક બહાર પડયું છે. તેમાંનો પક્ષીનાં વિવિધ અંગ-ઉપાંગની સમજ આપતો આલેખ ઉપયોગી હોઈ અહીં સાભાર તેમની અનુમતિથી આપ્યો છે. મૂળમાં અંગ્રેજીમાં દર્શાવેલાં શાસ્ત્રીય નામો સાથે તેનાં ગુજરાતી અભિધાન, ચિત્રમાં દર્શાવેલા ક્રમ અનુસાર, મળી શક્યાં તેટલાં આ નીચે આપ્યાં છે. કોઈ જાણકાર વધુ તળપદાં નામો સૂચવશે તો આભાર થશે.

(૧) Forehead: કપાળ (૨) Crown તાલકું: (૩) Nape: બોડ (૪) Lores: આંખ આગળનો ભાગ (૫) Supercilium: આંખ ઉપરનો ભાગ (૬) Cheek: ગાલ (૭) Ear-coverts: કાન (૮) Upper mandible: ચાંચનું ઉપલું ફાડિયું (૯) Lower Mandible: ચાંચનું નીચલું ફાડિયું (૧૦) Culmen: ચાંચની ગોળાઈ (૧૧) Commissure: મોંફાડ (૧૨) Rictal Bristles: મૂછના વાળ (૧૩) Chin: દાઢી (૧૪) Throat: ગળુ (૧૫) Breast: છાતી (૧૬) Abdomen: પેટ (૧૭) Back: પીઠ (૧૮) Rump: કેડ (૧૯) Scapulars: પીઠ પાસે આવતાં પાંખનાં પીછાં (૨૦) Primaries: શાં (૨૧) Outer Secondaries: કરદક (૨૨) Inner Secondaries: કરદક (૨૩) Lesser wing-coverts: ખભા (૨૪) Median wing-coverts: ખભા વચ્ચેનાં પીછાં (૨૫) Greater wing-coverts: ખભાનાં ઉલ્લાં પીછાં (૨૬) Primary coverts (૨૭) Winglet or bastard wing: ટેર (૨૮) Upper tail coverts: કેડનાં પીછાં (૨૯) Tail-feathers or retrices: પૂંછડી (૩૦) Under tail-coverts: દુમ (૩૧) Tarsus: નળી (૩૨) Hind toe or first toe or hallux: અંગૂઠો (૩૩) Inner or second toe: ટચલી આંગળી (૩૪) Middle or third toe: વચલી આંગળી;(૩૫) Outer or fourth toe: બીર.

કુમાર કાર્યાલયમાં જોડાવું છે?

સંપાદનકાર્ય, પ્રુફ-રીડિંગ, ચિત્રાલેખન, ગ્રંથ તથા ચિત્રસામગ્રીસંગ્રહ, મુદ્રણવ્યવસ્થા, બ્લૉક-મેકિંગ, જાહેર ખબરનું કૅનવાસિંગ, પત્રવ્યવહાર, નામું, વગેરે પૈકી કોઈ પણ કાર્યમાં તાલીમ પામતા જવા સાથે થોડું કામ પણ આપી શકે તેવા ઍપ્રેન્ટિસ જોઈએ છે. મૅટ્રિક કે તેથી આગળનું જ્ઞાન હશે તો ચાલશે. 'કુમાર'ની પાછલી પરંપરાના જાણકાર, પ્રુફરીડિંગ તથા અંગ્રેજી, હિંદી કે બીજી પ્રાંત-ભાષા પરથી અનુવાદોની હથોટી ધરાવનાર, ચિત્રકામ, ફોટોગ્રાફી તથા અનુષંગી વિષયોના રસવાળા, કે સ્વચ્છ અક્ષરો અને થોડીઘણી લેખનશક્તિવાળા, પરંતુ ખાસ તો તાલીમ પામીને સંસ્થામાં જ નિષ્ઠાપૂર્વક સમાઈ જવાની ભાવનાવાળા હોવા જોઈએ. તાલીમ દરમ્યાન શિષ્યવૃત્તિ જેવું જે થોડું અપાય તેમાં ચલાવી લેવાની તથા ખડતલપણે પરિશ્રમ કરવાની તૈયારીવાળાએ જ ઉંમર, અભ્યાસ, લાયકાત વગેરે જણાવી લખવું. મળવા આવવાની જરૂર નથી.



ગ્રામકન્યા

ચિત્રકાર · યજ્ઞેશ્વર શુક્લ


વાંકુ થાયે તોયે[1]

હાલતાં ને હાલતાં તેં વગડાની વાટથી
લીધાં બાવળનાં ફૂલ,
મારે અંબોડલે ગૂંથતાં જરીક મને
લાગી રે એક એની શૂલઃ
સોનાની ભાતથી યે ઝાઝો સોહામણો દીઠો મેં કંકુનો રંગ:
વાંકું થાયે તો યે વ્હાલમર્હી વાલમા, ઘેલો શો ઉરનો ઉમંગ!

વાવ રે કુવાનાં તે પાણીને સીંચતાં
તૂટી ગાગરની દોર,
કાંઠે બેસીને જરા ઝૂકીને જોઉં રે
કેવી પાતાળની ઘોરઃ
જલને હિંડોલ તને જોયો મેં ઝૂલતો, ચૈતરી પુનમનો ચંદ:
વાંકુ થાયે તો યે વ્હાલમર્હી વાલમા, ઘેલો શો ઉરનો ઉમંગ!

રાત રમતાંમાં ભોર થઈ ને મારી
લોબરીની કીધી તેં પાગ,
મેંય રે ન જાણ્યું મારે શામળે તે ચીર
ક્યાંથી જાગ્યો વસંતનો રાગઃ
પલ્લવનાં પુંજમાંથી ડોકિયું કરીકરીને હરખી રહેલ શો અનંગ!
વાંકું થાયે તો યે વ્હાલમર્હી વાલમા, ઘેલો શો ઉરનો ઉમંગ!

રાજેન્દ્ર શાહ



માનવનો ન વાસ[2]

· મિશ્ર ·

રહસ્યથી કેવલ જે ભરેલું
અનંત એવું નભ વિસ્તરેલું,
ને કૈં પ્રદેશો ક્ષિતિજો પછાડી
હજુ મનુષ્યે દગ જ્યાં ન માંડીઃ

અંધાર-આચ્છાદિત શીત વ્યાપ્ત,
જ્યાં આદિ અંતે બસ શૂન્ય પ્રાપ્ત,
ક્યહીં ક્યહીં વ્હે રજ તેજ ધારા,
ઉષ્મા ક્યહીં જ્યાં ગ્રહ સૂર્યતારા;

એ તારલાની વચમાં જ કેટલું
અફાટ છે અંતર, કોણ રે કળે?
મૂંઝાય જેથી મતિ, ને વળી ઢળે
સૌ કલ્પના મૂર્છિત, એટએટલું:

છતાં ન એનો ઉર કંપ-ત્રાસ,
ત્યાં કેમકે માનવનો ન વાસ! (?)

નિરંજન ભગત

કૃષ્ણ-રાધા[3]

આ નભ ઝૂક્યું તે કાનજી ને ચાંદની તે રાધા રે!
આ સરવરજલ તે કાનજી ને પોયણી તે રાધા રે!

આ બાગ ખીલ્યો તે કાનજી ને લ્હેરી જતી તે રાધા રે!
આ પરવતશિખર કાનજી ને કેડી ચડો તે રાધા રે!

આ ચાલ્યાંચરણ તે કાનજી ને પગલી પડે તે રાધા રે!
આ કેશ ગૂંથ્યા તે કાનજી ને સેંથી પૂરી તે રાધા રે!

આ દીપ જલે તે કાનજી ને આરતી તે રાધા રે!
આ લોચન મારાં કાનજી ને નજરૂં જુએ તે રાધા રે!

પ્રિયકાન્ત મણિયાર

૧ કાંઈક વાંકું થાય તેમાંથી પણ પ્રેમનો ઉમંગ તો કાંઈક ઈષ્ટ જ શોધી કાઢે છે: અંબોડે બાવળનું ફૂલ ખોસવા જતાં શૂળ વાગીને જરી લોહી નીકળ્યું તો એમાં સોનાથીયે સોહામણો કંકુનો રંગ દેખાયો, કેમકે એ વ્હાલમને હાથે વાગી હતી!—અને એમ આગળ. ૨ કલ્પના પણ મૂર્છા પામે એટલી અસંખ્યવિધ સૃષ્ટિઓ આપણી ચોમેરના રહસ્યભર વિરાટ અવકાશમાં વિસ્તરી રહી હોવા છતાં, ત્યાં માનવીનો વાસ ન હોવાની નીરાંતથી આપણાં હૃદયને એનો લેશમાત્ર રંજ નથી થતો, એવો કટાક્ષ. ૩ નવી ઉપમાઓ યોજવાની નવોદિત કવિઓની શક્તિ દર્શાવતું બીજું ઉદાહરણ: લોકગીતોની ઢબે ને લોક કલ્પનાને ભાવે એવી, સાદી ને ચોટદાર પણ કેવી તદ્દન જ નવી ઉપમાઓ આમાં યોજી છે!

કવિતા એ નામનું, સોળેક પાનાંનું, ખિસ્સા-કદનું, એક સારું-સુઘડ અનિયતકાલિક કાઢવાનું ધાર્યું છે; જેમાં, દૃષ્ટિપૂર્વકની સોળેક નવી કવિતાઓ, તો કોઇ વાર સાથે જૂનાં કાવ્યરત્નો, તો અવારનવાર કવિતાની સમજ ને વિવેચના આપતાં નાનાં લખાણો પણ આવશે. દરેક અંકની કિંમત ચાર આના, ને પોસ્ટેજ સાથે પોણાપાંચ આના રહેશે. રસ હોય તેમણે 'કુમાર'ના તંત્રીને(અંગત રીતે) પોસ્ટની ટિકિટોથી મોકલી આપવા. ચાર મિત્રો ભેગા થઇને, ચાર નકલ માટે સામટો એક રૂપિયો મનીઑર્ડરથી મોકલશે તો પોસ્ટેજ નહિ ગણાય. અંક બહાર પડવાના ખબર આ પાના પર છપાશે.

સત્ય જેટલા કઠોર અને ન્યાય જેટલા નિશ્ચલ પત્રકાર

'I will be as harsh as truth, and as uncompromising as justice; I am in earnest; I will not equivocate; I will not excuse; I will not retreat a single inch.......And I *will* be heard.'

વીસમી સદીનાં પહેલાં વીસ વર્ષ સુધી મુંબાઈમાં રોજ સાંજે, ચર્ચગેટ સ્ટેશનના દરિયાકિનારેથી છેક ચોપાટી તથા વિલ્સન કૉલેજ સુધી, ઊજળો બરફ જેવો ધોળો મદ્રાસી ફેંટો, ધોળું પાટલૂન અને લાંબો કાળો કોટ પહેરેલી એક વ્યક્તિ, સર નારાયણરાવ ચંદાવરકરની સાથે રોજ નિયમિત ફરવા નીકળતી દેખાતી. તે કામાક્ષી નટરાજન. સર ચંદાવરકર અને એ બંને ગાઢ મિત્રો. સૌમ્ય ધીરગંભીર મુખમુદ્રા, તથા વિચારવંત અને ચિંતનશીલ આંખોવાળું નટરાજનનું વ્યક્તિત્વ કોઇને પણ તેમના પ્રત્યે આદર પ્રેરતું; અને 'ઇન્ડિયન સોશ્યલ રીફૉર્મર'ના વિદ્વાન નીડર ને ન્યાયનિષ્ઠ તંત્રી તે એ જ, એમ જાણ્યા પછી તો એ આદર પૂજ્યભાવમાં પરિણમતો.

અમેરિકાના એક પ્રમુખ વિલિયમ લૉઈડ ગૅરિસનનાં જે વચનો આ લેખને મથાળે અંગ્રેજીમાં ફતાર્યાં છે તેને શ્રી નટરાજને પોતાના એ પત્રના મુદ્રાલેખ તરીકે રાખ્યાં હતાં. અને, એ વચનોમાં જણાવ્યા મુજબ, સત્યસમ કઠોર, ન્યાય સમાન નિશ્ચલ, કદી દ્વિઅર્થી શબ્દો ન વાપરનાર કે દહીંદૂધમાં પગ ન રાખનાર ને પોતાના સિદ્ધાંતમાં તસુભાર પણ નમતું ન મૂકનાર એવી કુનેહ ને અડગ મનોવૃત્તિથી પોતાનું વક્તવ્ય સ્પષ્ટરીતે રજૂ કરવાની પ્રતિજ્ઞાનું સર્વથા પાલન કરીને, લાગટ પચ્ચાસ વરસ સુધી, એ જ અખંડ ને એકધારી નીતિથી, એમણે 'ઇંડિયન સોશ્યલ રીફૉર્મર' ચલાવ્યું.

અત્યારે પત્રકારોને જે પ્રકારની સ્વતંત્રતા અને પ્રજામતનો ટેકો છે તે સ્થિતિ વીસમી સદીની શરૂઆતનાં વર્ષોમાં ન હતી. રાજકીય વિષયોમાં પત્રકારોને પોતાના સ્વતંત્ર વિચારો બહુ સંભાળપૂર્વક

પોતાની યોગ્યતા, સ્પષ્ટવાદિતા અને વિદ્વત્તાને કારણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરનાર ત્રણ મહાન પત્રકારો હિંદમાં થઇ ગયા: શ્રી કસ્તૂરીરંગા આયંગર, શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાય અને શ્રી કામાક્ષી નટરાજન. આ ત્રણેમાં હિંદના સામાજિક ક્ષેત્રમાં વધુમાં વધુ ફાળો નોંધાવ્યો હોય તો તે 'ઇન્ડિયન સોશ્યલ રીફૉર્મર'ના તંત્રી શ્રી નટરાજને. રાજકારણમાં પણ એમનો પરોક્ષ ફાળો રહેલો છે, અને એમની નિર્ણયબુદ્ધિ પ્રત્યે ગાંધીજી સુદ્ધાં માનની નજરે જોતા; પરંતુ પોતાની પ્રતિભાનો ઉત્તમાંશ તો તેમણે સમાજકારણને જ આપેલો. સમાજના આધ્યાત્મિક અંતસ્તલને ક્ષુબ્ધ કર્યા વિના તેનામાં નવો પ્રાણ, નવી સ્ફૂર્તિ ને સમયોચિત પરિવર્તન આણવા એ આજીવન મથેલા.

સમકાલીન અનેક પત્રકારો કરતાં એમણે વધુ લાંબું પત્રકારજીવન વીતાવ્યુ હતું. પત્રની આર્થિક બાજુ સામે જ એમણે જો જોયું હોત તો આટલો દીર્ઘ પરિશ્રમ કદાચ ન ઉઠાવત. પરંતુ હિંદની સામાજિક દુરવસ્થા એ જ એમની પ્રેરણાભૂમિ હતી અને એને લઇને સમાજસુધારણા માટેનો એમનો ધર્માવેશ એમને આર્થિક બાજુ પ્રત્યે દુર્લક્ષ કરવા પ્રેરતો. આઠ પાનાંનું, ક્વચિત બાર પાનાંનું અને યુદ્ધ સમયમાં તો માત્ર બે પાનાંનું 'રીફૉર્મર' પત્ર બહોળો ગ્રાહકવર્ગ ધરાવે એ સંભવિત પણ નહોતું, અને અત્યારે પણ નથી. ગુજરાતનું એકનું-એક સમાજસુધારક પત્ર 'જ્યોતિર્ધર' જેમ સંસારસુધારા સમાજ તરફથી ચાલે છે તેમ 'રીફૉર્મર'નો નિર્વાહ પણ તેને માટે ઊભા કરવામાં આવેલા ટ્રસ્ટ ફંડ દ્વારા જ થાય છે.

શ્રી નટરાજનની વિકાસોન્મુખ પ્રતિભાને યોગ્ય ઘાટ રૂપ આપવામાં મદ્રાસના 'હિંદુ' પત્રના તંત્રી શ્રી સુબ્રહ્મણ્યમ્ અય્યરનો ફાળો સૌથી અધિક હતો. એમનાથી જ પ્રેરિત થઇને તેઓ દેશના સર્વાંગીણ વિકાસમાં રસ લેતા થએલા, અને 'રીફૉર્મર'નું પ્રકાશન પણ એમની જ પ્રેરણાને આભારી હતું. હિંદી રાષ્ટ્રીય મહાસભામાં એ રસ લેતા, પરંતુ લોકમાન્ય ટિળક કરતાં પણ મહાદેવ ગોવિંદ રાનડેની અસર એમના પર વિશેષ હતી. રાનડે એ વખતે મુંબાઇ હાઈકોર્ટના ન્યાયાધીશ હોવા છતાં કૉંગ્રેસ પર એમનો જબરો પ્રભાવ હતો, અને કૉંગ્રેસનીતિનું પરિચાલન પણ એ જ કરતા. સામાજિક વિષમતાઓ દૂર કર્યા વિના રાજકીય સ્વતંત્રા ન મેળવી શકાય એ રાનડેનો આગ્રહ હતો, અને નટરાજન પણ એ જ આગ્રહને વળગી રહ્યા. બીજો, એટલેકે લોકમાન્ય ટિળક આદિનો વર્ગ એવો આગ્રહ ધરાવતો કે રાજકીય ગુલામી જ સઘળી સામાજિક વિષમતાઓનું મૂળ હોઇને તેમાંથી મુક્ત થતાં સામાજિક વિષમતાઓ સહેજે નિર્મૂળ થઇ જશે. શ્રી નટરાજન આ વર્ગ સાથે કદી સહમત નહોતા થઈ શક્યા. પરંતુ સમયનો પ્રવાહ આ બીજા વર્ગની તરફેણમાં હતો. ગાંધીજીએ રાજકારણમાં પ્રવેશ કર્યા પછી તો હિંદી જીવનના કોઈ અંગવિશેષને બદલે સમગ્ર હિંદી જીવનને સ્પર્શતું એમનું રાજકારણ બની ગયું. રાજકારણ જેમ વ્યાસપીઠોનું ને વ્યાખ્યાનમંચોનું મટી ગયું તેમ સમાજસુધારાના લેખો ને ભાષણોને બદલે સક્રિય ભૂમિકા પર કાર્ય થવા લાગ્યું.

જોકે મુંબાઇ આવ્યા પછી પણ અહીંની પ્રાંતભાષા ન શીખવાને પરિણામે એમનો સંસર્ગ માત્ર અંગ્રેજી ભાષા જાણનારાઓ પૂરતો જ મર્યાદિત રહ્યો હતો; તેમનાં નિર્ભીક, તર્કશુદ્ધ અને ચિંતનપ્લાવિત લખાણોએ સમસ્ત હિંદના શિક્ષિત વર્ગ પર ઊંડી અસર ઉપજાવેલી.

ઉત્તમ વક્તા હોવા છતાં મૂગા કાર્યને જ એમણે વધુ મહત્ત્વ આપ્યું હતું. સામાજિક સુધારણાને લગતી કોઇ પણ પ્રવૃત્તિમાં એમનો સહકાર, અને કંઈ નહિ તો છેવટે આશીર્વાદ પણ અનિવાર્ય જેવો ગણાતો, છતાં એમણે તો પોતાના પત્રને જ પોતાનું પ્લૅટફૉર્મ બનાવી દીધું હતું. પોતાના પત્ર સાથેની આવી અભિન્નતા બહુ ઓછા તંત્રીઓમાં જોવા મળે છે.

એંશી વર્ષ જેટલા દીર્ઘ જીવનમાં સમાજસુધારણાના એકેએક ક્ષેત્રમાં મૂલ્યવાન ફાળો આપી ગએલા આ મહાન પત્રકારે પોતાના વિચાર અને આચાર વચ્ચે મુદ્દલ અંતર રહેવા દીધું ન હતું. અને એ નજરે તે એક મહાન પત્રકાર કે મહાન સમાજસુધારકનો જ નહિ, પણ મહાન માનવનો પણ આદર્શ મૂકતા ગયા છે. —**અશોક હર્ષ**

કામાક્ષી નટરાજન

લેખક · ગટુભાઇ ધ્રુ



જણાવવા પડતા હતા; અને સામાજિક વિષયોમાં પણ, દેશમાં કેળવણીનો પ્રચાર અત્યારના સમય જેટલો ન હોવાને કારણે તથા જૂના રૂઢિચુસ્ત માણસોનું પ્રબળ વિરોધ હોવાને કારણે આપણી પરંપરાગત ચાલતી આવેલી કેટલીક અનિષ્ટ રૂઢિઓ તથા માન્યતાઓ સામે ઝુંબેશ ઉઠાવવાનું કાર્ય બહુ મુશ્કેલ હતું. એવા વિષમ સંજોગો હોવા છતાં જે કેટલાક હિમ્મતવાન, વિદ્વાન, ગંભીર વિચારકો, દેશભક્તિ અને પ્રજાકલ્યાણની એકમાત્ર દૃષ્ટિ રાખી પોતાના વિચારો નિઃસ્વાર્થવૃત્તિથી તથા નીડરપણે પ્રકટ કરતા તેમાં મદ્રાસના 'હિન્દુ' પત્રના અધિપતિ શ્રી સુબ્રહ્મણ્ય આયર અગ્રગણ્ય હતા. એ જ સુબ્રહ્મણ્ય આયર પાસે કામાક્ષી નટરાજને 'હિંદુ' પત્રના સંચાલનમાં એકવીસ વર્ષની વયે જોડાઇ પત્રકારત્વની તાલીમ લીધી હતી.

કામાક્ષી નટરાજનનો જન્મ ઈ. ૧૮૬૮ની ૨૪મી સપ્ટેમ્બરે તાંજોર જિલ્લાના એક ગામમાં, મદ્રાસ પ્રાંતના ઉચ્ચ ગણાતા પરંતુ અતિશય જૂના વિચારના આયર કુટુંબમાં થયો હતો. એથી નાનપણમાં એ જૂની ધર્મપ્રણાલિકાના વાતાવરણમાં ઊછર્યા હતા. આને પરિણામે એમના સ્વભાવ, મનોવૃત્તિ અને જીવન પ્રત્યેની દૃષ્ટિમાં, આગળ ઉપર નવા વિચાર અને નવી દૃષ્ટિની પ્રબળ અસર થવા છતાં, ઊંડા આધ્યાત્મિક વાતાવરણની અસર કાયમ રહી હતી.

પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં અને માધ્યમિક શિક્ષણ જિલ્લાના મુખ્ય ગામમાં લઈ તે મદ્રાસની કુંભકોનમ્ કૉલેજમાં દાખલ થયા અને ત્યાં પોતાની તીવ્ર બુદ્ધિશક્તિ, વિશાળ વાચન અને અંગ્રેજી ભાષા ઉપરના પ્રભુત્વથી બધા પર તેમણે ઊંડી છાપ પાડી.

કૉલેજમાંથી નીકળીને એ 'હિન્દુ' પત્રમાં જોડાયા અને એમાં આપણા અવિચારી રિવાજો, સમાજમાં પ્રચલિત અન્યાયી રૂઢિઓ, સ્ત્રીઓ પ્રત્યેનું સમાજનું જુલ્મી વર્તન વગેરે અનેક સામાજિક વિષયો ઉપર તેમણે લેખો લખવા માંડ્યા. જ્ઞાતિસંસ્થાના વિસર્જનથી માંડીને અસ્પૃશ્યતાના વિચ્છેદન સુધીના એમના એ લેખોએ રૂઢિચુસ્ત અને સંકુચિત મનોવૃત્તિના મદ્રાસી બ્રાહ્મણોમાં તો ખળભળાટ મચાવી મૂક્યો અને એ લખાણો સામે એટલો તો ભારે વિરોધ થવા લાગ્યો કે 'હિન્દુ' પત્રના ગ્રાહકોની સંખ્યા ઘટી જવા માંડી!

આથી નટરાજન ને 'હિન્દુ'ના બીજા ત્રણચાર લેખકોએ પોતાનું અલગ પત્ર–માત્ર સમાજસુધારાના વિષયો ચર્ચનારું–શરૂ કર્યું, અને એ રીતે 'ઇન્ડિયન સોશ્યલ રીફૉર્મર'નો સને ૧૮૯૦માં જન્મ થયો. શ્રી સુબ્રહ્મણ્ય આયર, શ્રી ઉલાલ રઘુનાથરાવ તથા શ્રી હોટિયનગુંડી નારાયણરાવ જેવા વિદ્વાન, પ્રતિષ્ઠિત અને પીઢ દેશસેવકોનો તેને ટેકો હતો. આઠ વર્ષ સુધી તેણે મદ્રાસમાં સમાજસુધારાની જોરદાર ઝુંબેશ ચલાવી. હિન્દુ સમાજમાં પ્રચલિત અનિષ્ટ રૂઢિઓ દૂર કરી, ન્યાય નીતિ અને સમાનતાના ધોરણે વ્યવસ્થિત સમાજ સ્થાપવા માટે વિદ્વત્તાપૂર્ણ, ગંભીર વિચાર દર્શાવનારું, શુદ્ધ તર્કશાસ્ત્રના નિયમપૂર્વક સબળ દલીલો કરનારું ને ઊંડા દેશપ્રેમથી ઊભરાતું એવું સમસ્ત હિંદમાં એ એક જ પત્ર તે વખતે ચાલતું હતું, અને તેના સંચાલનનો લગભગ બધો જ ભાર શ્રી નટરાજને ઉઠાવી લીધો હતો.

આ દરમિયાન ૧૮૯૮માં, મુંબાઈમાં શ્રી બહેરામજી મલબારીના આગ્રહથી તેમના પત્ર 'ઇન્ડિયન સ્પેક્ટેટર'નું તંત્રીપદ સંભાળવાની નટરાજનને જરૂર પડી. મુંબાઇમાં એ રહ્યા તે દરમયાન તેમની શક્તિ તથા પ્રતિભાથી મુગ્ધ થએલા શ્રી મલબારી, જસ્ટીસ રાનડે, જસ્ટીસ તેલંગ, શ્રી ચંદાવરકર વગેરેએ તેમને 'ઇન્ડિયન સોશ્યલ રીફૉર્મર'ને પણ મુંબાઈ લાવવાનો આગ્રહ કર્યો. અટલ રૂઢિચુસ્ત મદ્રાસ કરતાં મુંબાઈમાં સમાજસુધારાના કાર્યને વિશેષ સફળતા મળે તેમજ પત્રને પણ વિશેષ અનુકૂળતા મળી શકે એમ સૌને લાગ્યું. વળી નટરાજન જેવા કુશળ પત્રકારનાં લખાણો મુંબાઇથી પ્રકટ થાય તો સમસ્ત દેશમાં તેમના વિચારોનો પ્રચાર વિશેષ થાય એ હેતુથી, શ્રી ચંદાવરકર વગેરેએ નટરાજનને મુંબાઇ આવવા સમજાવ્યા તથા તેમના પત્રના ખર્ચ માટે એક ખાસ ટ્રસ્ટની વ્યવસ્થા કરી; અને તેમના આવા ભાવ તથા આગ્રહને વશ થઈ નટરાજન 'ઇન્ડિયન સોશ્યલ રીફૉર્મર'ને લઈ મુંબાઈ આવીને વસ્યા.


ટૂંક સમયમાં જ એમનાં લખાણોએ મુંબાઈના પત્રકારો, સંસ્થાઓના સંચાલકો, વિદ્વાનો, વિચારકો તથા જાહેરજીવનમાં ભાગ લેનારા સર્વ કોઈનું ધ્યાન ખેંચ્યું અને એક સમર્થ પત્રકાર તરીકે એમની ગણના થવા લાગી, એટલું જ નહિ પણ એમનાં લખાણો ઇંગ્લંડ અને અમેરિકામાં પણ અતિ આદરપાત્ર ગણાવા લાગ્યાં.

'ઇન્ડિયન સોશ્યલ રીફૉર્મર'ની આવી ઝળકતી કામગીરી ઉપરાંત નટરાજને લગભગ છ વર્ષ સુધી મુંબાઈના 'ઇન્ડિયન ડેઈલી મેઇલ' નામે દૈનિકનું તંત્રીપદ સંભાળ્યું હતું. જોકે એ પત્રના વ્યવસ્થાપકોની વહીવટી ખામીઓ ને અવ્યવસ્થાને લીધે એ બંધ પડ્યું. મુંબાઈના અગ્રણી દૈનિક 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'માં દેશના અગત્યના પ્રશ્નો પર લેખો લખવાનું પણ એમને અનેક વખત નિમંત્રણ મળતું હતું અને લગભગ ઓગણીસ વર્ષ સુધી લાગટ એમણે 'ટાઈમ્સ'માં અગ્રલેખો અને બીજા ખાસ લેખો લખ્યા હતા. જોકે એમના રાજદ્વારી વિષયના વિચારો સહુને અનુકૂળ પડે તેવા નહોતા, છતાં દેશના સર્વ અગત્યના પ્રશ્નો વિષે નટરાજનનો શો અભિપ્રાય છે એ જાણવા સહુ આતુર રહેતા, અને હિન્દનાં પ્રથમ કક્ષાનાં સર્વ (અનુસંધાન પૃષ્ઠ ૩૬૩)

સારંગ બારોટ
કૃત વાર્તા

લખણ ન બદલે લાખા

આ સૂચક ચિત્રો અને ઉપરના મથાળાથી વાર્તાનું અર્ધું વલણ તો સમજાઈ જશે; બાકીનું–



ઘેરથી તૈયાર કરી લાવવાનું 'લેસન' પૂરું લખાયું ન હોવાથી શાળાએ પહોંચતાં માસ્તરના ઠપકામાંથી કયા અને કેવા અસત્ય વડે ઊગરી જવું એનો વિચાર કરતો જદુ નીચે મોઢે નિશાળે જતો હતો, ત્યારે ધૂળમાં અર્ધો દબાએલો એક આનો એની નજરે પડ્યો. નીચા નમી એણે એ સિક્કો ઉપાડી લીધો અને સિક્કા સાથે જ મળેલા એક વિચારથી 'લેસન' ન કરવાની શિક્ષામાંથી ઊગરી જવાનો એક માર્ગ પણ એને જડી આવ્યો.

એ દિવસે શુક્રવાર હતો, એટલે ઘેરથી એને ચણા ખાવા માટે એક પૈસો મળ્યો હતો. એક પાઈના ચણા ખાઈ બાકીની બે પાઈ આવતા શુક્રવારો માટે સાચવી રાખવાની હતી. ખિસ્સામાંનો એ પૈસો અને રસ્તામાંથી જડેલો એક આનો લઈ જદુ નિશાળ પાસેના ભાડભૂંજાની દુકાને થોભ્યો અને એ પાંચ પૈસાના શેર ચણા ખરીદ્યા.(એ સોંઘવારી-ના જમાનાની આ વાત છે.) ચણા ખરીદી એ નિશાળે પહોંચ્યો. કાંઇક મોડો પડેલો જદુ શાળાએ પહોંચ્યો ત્યારે શિક્ષક વર્ગમાં પ્રવેશતા હતા. ઘેરથી માએ નાક લૂછવા આપેલા એક ગાભામાં બાંધેલા ચણાની પોટલી વર્ગમાં જતાંવેંત જદુએ માસ્તરના ટેબલ પર મૂકી. એકબે વાણિયાના છોકરા ક્યારેક આવી રીતે આખા વર્ગને ચણાની લહાણી કરતા અને શિક્ષક એમના પર વાર્ષિક પરીક્ષા વખતે પણ ખુશ રહેતા એ વાત ચતુર જદુથી અજાણી ન હતી. એ દિવસે પહેલી વાર શિક્ષકે એના તરફ સ્મિત કર્યું. સાચી વાતને પણ ખોટું બહાનું લેખી અવગણ-નાર એ કડક શિક્ષકે તે દિવસે 'લેસન' નહિ લાવવા અંગેની જદુની સાવ જુઠ્ઠી વાત પણ માની લીધી ને એ દિવસથી નીચે મોઢે ચાલવા-ની લાભદાયક આદત જદુએ પ્રયત્નપૂર્વક કેળવી.

આ આદતથી જદુને એક ફાયદો એ થયો કે એની ગણત્રી સમજુ, ઠરેલ અને નીચી નજરે ચાલનાર ડાહ્યા છોકરામાં થવા લાગી. ધોળા દિવસે તારા ગણવા આસમાન સામે આંખો ફેરવતા, અને પરિણામે પગે ઠોકરો ખાતા ઊંચું જોઇ ચાલનારા છોકરાઓ એ જમાનાનાં મા-બાપને પસંદ ન હતાં. જદુ ડાહ્યો ગણાવા લાગ્યો એટલો જ એને ફાયદો રહ્યો. કારણકે પ્રયત્નપૂર્વક આંખ ખેંચી જમીન પર જોવા છતાં બીજી વાર એને આનો, પાઈ કે પૈસો જડ્યાં નહિ. પણ આ આદત જાણે એને ખરે ટાણે જ મદદરૂપ થવા અસ્તિત્વમાં આવી હોય તેમ, આનો જડ્યા પછી આઠેક વર્ષે, એક વાર જદુએ જ્યારે છૂપી રીતે ઘેરથી નાસી જવા વિચાર ગોઠવ્યો ત્યારે એની નીચી નજરે એક સો-નાનું કડું જમીન પર પડેલું જોયું. આ કડું એક આનીની જેમ ધૂળમાં દટાએલું નહતું. પણ ઘરના ઉંબર પાસે પડેલું હતું. બારણા આગળ રમતી, પાડોશમાં રહેતાં જમનાકાકીની નાની દીકરીનું એ કડું હતું એ પણ, જદુને ત્યાં રમતી એ બાળકી તરફ જોતાં, તરત સમજાઈ ગયું; કારણકે એક એવું જ બીજું કડું એના હાથ પર પહેરેલું હતું. છતાં ચુપકીદીપૂર્વક જદુએ કડું ખિસ્સામાં સરકાવી દીધું. જમનાકાકીને ત્યાં લગ્નપ્રસંગ હતો એ અંગે આમંત્રણ આપવા એ જદુને ત્યાં આવેલાં હતાં. કડું ખોવાયાની વાત એકાદ કલાક પછી જાહેર થઇ, અને શોધ-ખોળ મચી ગઇ, પણ ત્યાં લગીમાં તો ચોરેલા કડાને જદુએ યોગ્ય સ્થાને સંતાડી દીધું હતું. જમનાકાકીની દીકરીનું ખોવાએલું કડું જડ્યું નહિ. કાનખજૂરાનો એકાદ પગ તૂટતાં જેટલો અફસોસ થાય તેટલો અફસોસ કરી જમનાકાકીએ ને એમના ખૂબ રળેલા પતિએ મન વાળ્યું.


કશો જ ઉદ્યમ નહિ કરતો હોવાને કારણે રોજ બાપના ઠપકાને પાત્ર બનતા જદુએ બીજા દિવસે પેલું ચોરેલું કડું ખિસ્સામાં નાખી ચૂપચાપ ગામ છોડ્યું અને મુંબાઈ પહોંચ્યો.

મુંબાઈ જદુની આશાનગરી હતી. વગર ટિકિટે, એક ચોરેલા કડાના જોર પર, એ એની આશાનગરીમાં પહોંચી ગયો. થોડુંક પરચુરણ એની પાસે હતું. સ્ટેશન નજીકની એક હૉટેલમાં બીતાંબીતાં ખાવાની વસ્તુઓના ભાવ પૂછી પૈસાના પ્રમાણમાં ગણત્રીપૂર્વક જેટલું ખાવું એને યોગ્ય લાગ્યું તેટલું ખાઇ, એ એની આશાનગરીની સફરે નીકળ્યો. હૉટેલમાંથી બહાર પગ મૂકતાં એણે વધેલા પૈસા પર નજર ફેરવી. સાડા આઠ આનાના પૈસા હતા. બે આનામાં દાળભાતની પ્લેટ મળતી હોવાથી ચાર ટંક સુધી એને ખાવાની ચિંતા નહતી. અને ચાર ટંક પછીની ચિંતા બીજા કે ત્રીજા ટંકે શરૂ થઇ જાય તો પણ ખાસ કશો વાંધો ન હતો. કારણકે ખિસ્સામાં ખાસ્સું તોલાભારનું કડું પડ્યું હતું ત્યાં લગી જદુમાં હિંમત હતી. એણે એક પાનબીડીની દુકાને બે પૈસા ઓછા કર્યાં અને પછી સોનીની દુકાન શોધવા લાગ્યો. પણ તે નજરે પડતાં પહેલાં એને પોસ્ટઑફિસ દેખાઇ. પોસ્ટઑફિસ દેખતાં માની આકૃતિ દેખાઇ, રતૂમડી આંખોવાળા પિતા પણ દેખાયા, નાની બેનો ને ભાઈ-ઓનું સ્મરણ થયું. ને પોસ્ટઑફિસનાં પગથિયાં ચડી એક કાર્ડ ખરીદી જદુએ ઘેર લખી નાખ્યું: લખી નાખ્યું કે પોતે મુંબાઈમાં છે, કુશળ છે, તપાસ કરવી નહિ, શોધવા આવવું નહિ, ચિંતા કરવી નહિ, પોતે હમણાં ઘેર પાછો ફરવાનો નથી ને શોધવાથી જડવાનો નથી.

કાર્ડને ટપાલ-પેટીમાં નાખી જદુએ સોની શોધ્યો, કડું વટાવ્યું, ધરમશાળા શોધી, મુકામ કર્યો, એક ધોતિયું અને પહેરણ ખરીદ્યું, નાહ્યો અને નાહીને સૂઈ ગયો.

ત્રણેક દિવસ પછી એને એક ફોટોગ્રાફરને ત્યાં નોકરી મળી. ત્રણ વર્ષમાં જદુ પોતે એક સારો ફોટોગ્રાફર બની ગયો ને (અનુ૦ પૃ૦ ૩૫૫)

ઈરાન



બેનમૂન કલાકારીગરી
શેખ સાદીનાં વ્યવહારડાહ્યાં વચનો
ઉમર ખય્યામની ગૂઢ-મસ્ત રૂબાઇઓ અને
શરાબ તથા સુંદરીની રંગદર્શી જીવનલીલાનો પ્રદેશ

જે. પ્રવાહી સોના સમી પેટ્રોલની પોતાની રાષ્ટ્રીય મિલ્કતને શોષી જતા ઈંગ્લંડ જેવા દેશને આજે જાકારો દઈ રહ્યું છે.

જેના ભવ્ય ભૂતકાળની હવે તો માત્ર છાયા રહી છે એ ઈરાન (જે ફારસી સાહિત્ય ને ઈતિહાસમાં ગૌરવથી ઇરાન-ઝર-ઝમીનને નામે ઓળખાવાય છે તે ઇરાન)નું નામ હજી આજે પણ પ્રાચીન કલા-કારીગરી અને સૌંદર્ય તથા ભવ્યતાની વાત નીકળતાં તો એટલું જ રસપ્રદ બની રહે છે. ઇસ્વી સન પૂર્વે છઠ્ઠી સદીમાં મકદુનિયાથી હિંદોસ્તાં સુધીના એક મહાસામ્રાજ્યનું એ જ્યારે મધ્યબિંદુ હતું, ત્યારે તેનો સુવર્ણયુગ તપતો હતો. સિકંદરે તેનો નાશ કર્યો. પણ પાંચ જ સદી બાદ સાસાનિયન રાજવંશે તેને ફરી પ્રતિષ્ઠા અપાવી દીધી. આ કાળમાં જ ત્યાં પહલવી ભાષા પ્રચલિત થઇ, જેમાં ત્રીજા સૈકાનું ઈરાનનું ધાર્મિક સાહિત્ય લખાયું. ત્યાર બાદ પ્રાચીન ફારસી ભાષાનો વિકાસ થયો, જેમાં સૌ પ્રથમ લખાએલું કવિ ફિરદૌસીનું 'શાહનામા' આલમ-મશહૂર છે.

પારસિક પ્રદેશ તરીકે આપણે ઓળખેલા આ મુલકમાં સૌ પ્રથમ 'પેશદાદીઆન' વંશે રાજ્ય કર્યું હોવાનું જાણવા મળે છે. પરંતુ એ વખતની ઇરાની પ્રજા ઘણી પછાત અવસ્થામાં હતી. શાહજાદા સ્યાવક્ષ, તેના પુત્ર હોસંગે અને તે બાદ પૌત્ર તહેમુરસે તેને સુધારવામાં થોડી સફળતા હાસિલ કરી. પરંતુ ખરો સુધારો તો ખ્યાતનામ બાદશાહ જમશેદ જ કરી શક્યો. (ઈ.સ. પૂર્વે લગભગ ૧૦૦૦) તેના અમલ દરમિયાન ધર્મ વ્યવસ્થિત થયો ને આતશપરસ્તી — અગ્નિપૂજા પ્રચલિત થઇ. તે પછી બસોએક વર્ષે પયગમ્બર જરથુસ્તનો બોધ ધર્મ તરીકે આખા દેશમાં પ્રસરી ગયો. સાથેસાથે કલાકૌશલ્ય, સાહિત્ય આદિ સાંસ્કૃતિક અંગો પણ વિકાસ પામી ઈરાનનું નામ રોશન થયું. પછી છેક સાતમી સદીની શરૂમાં આરબોએ ઇરાન પર હુમલા કર્યા, જેમાં ઈસ્લામ-પ્રચારક મહમ્મદને હાથે હાર પામી જરથુસ્તીઓ હિંદુસ્તાન તરફ હિજરત કરી આવ્યા એ હકીકત સુવિદિત છે. ત્યાર પછી અરબ, તુર્ક અને મોંગોલ સંસ્કૃતિઓની અસર નીચે ત્યાંની સંસ્કૃતિ ઘડાઈ. એના અવશેષ રૂપે ત્યાંની કલા ને કારીગરીના બેમૂલ નમૂના, ઉમર ખય્યામની ગૂઢમસ્ત રૂબાઇઓ ને શેખસાદી જેવાનાં બોધવચનો, ગુલ અને બુલબુલ તથા શરાબ અને સુંદરીના રંગદર્શી જીવનની કથાઓ તથા ઈશ્કે હકીકી અને ઈશ્કે મિજાજીની વિચારધારાઓ આદિથી આપણે પરિચિત છીએ.

પણ આજનું ઈરાન તો નિરાળું જ છે. દુનિયાની આજની રાજનીતિ ને ઇરાનના ભૌગોલિક મહત્ત્વે આખી દુનિયાનું ધ્યાન તેના તરફ કેન્દ્રિત કરી દીધું છે. નકશો જોતાં જણાશે કે ઈરાન પર વર્ચસ્વ જમાવનાર કોઈ પણ પશ્ચિમી રાષ્ટ્ર એશિયાના બીજા દેશો પર પોતાની શેહ બેસાડી શકે. સામ્યવાદને આગળ વધતો અટકાવવાનું પણ અહીં વર્ચસ્વ જમાવવાથી જ અનુકૂળ પડે. વળી વ્યાપારી દૃષ્ટિએ જોતાં ઇરાનની સરહદનો મોટો ભાગ ઈરાનના અખાત અને અરબી સમુદ્ર પર છે. અહીંનું પાણી શિયાળામાં ઠરી જતું નહિ હોવાથી આ કિનારાનાં ઈરાની બંદરો બારે માસ ખુલ્લાં રહી શકે છે, એટલે જળમાર્ગે પોતાની જરૂરિયાતો મેળવવા ઉપરાંત તે બંદરો પર વર્ચસ્વ જમાવનારું રાષ્ટ્ર પોતાનું નૌકાદળ પણ સારીરીતે ખીલવી શકે.

એક પુરાણા ગ્રીક ચિત્ર પરથી, રંગીન કાચના ટુકડા જડીને ઇટાલીમાં બનાવાયેલું પ્રાચીન 'મોઝેઈક' ચિત્ર




એમાં ઈરાનના રાજા દરાયસ ત્રીજાને સિકંદરે જ્યાં આખરી હાર આપી તે ઈસસના યુદ્ધનું આલેખન છે.

ડાબી બાજુએ ઘસાઇ ગયેલા ભાગમાં ઘોડા પર સિકંદર છે, અને જમણી બાજુ ત્રણ ઘોડા જોડેલા રથમાં બખ્તર-ટોપ પહેરેલો દરાયસ છે.



ઉપર: ઈરાનનો નકશો—ખૂણાના નાના નકશામાં ઈરાન સાથે પડોશી દેશોનો ખ્યાલ આપ્યો છે. નીચે: ૧૩મી સદીમાં થતા ઈરાનના માટીકામનો નમૂનો: સુંદર ઘાટ અને ઓપદાર રંગીન ચિત્રકામ તથા કિનાર પર સુવાક્યો લખેલો સુલતાનાબાદમાં બનેલો કૂજો.



પણ આ બધાંમાં સૌથી મહત્ત્વનું તો છે ઈરાનમાંથી નીકળતું તેલ. આ યુગમાં, (શું શાંતિકાળમાં કે શું યુદ્ધકાળમાં) એ તેલ (પેટ્રોલ) જેટલું મહત્ત્વ બીજી બહુ ઓછી ચીજોનું છે. શાંતિના સમયમાં બધા ઉદ્યોગો, મોટર તથા વિમાન વગેરે સાધનો તેલ વિના નિષ્ક્રિય. ને યુદ્ધ તો આ જમાનામાં પેટ્રોલ વડે જ લડાય છે એમ કહીએ તો ચાલે. અમેરિકા, રશિયા ને વેનેઝયુએલા બાદ કરતાં ઈરાનનું તેલનું ઉત્પાદન દુનિયામાં સૌથી વધુ છે. એક લાખ ચોરસ માઈલ (એટલે કે ઈરાનનો લગભગ છઠ્ઠો ભાગ) તો એ તેલક્ષેત્રો જ રોકે છે. તેની માલિક ઍંગ્લો-ઈરાનિયન ઑઇલ કંપની નામે અંગ્રેજ કંપની છે, જે એ તેલના વેચાણમાંથી ઈરાનને અમુક ભાગ જ માત્ર આપે છે.

આ બધી દૃષ્ટિએ, બ્રિટન અને રશિયા, ઓગણીસમી સદીની અધવચથી જ ત્યાં પગ પેસાડવા પ્રયત્ન કરતાં હતાં. અને વીસમી સદીમાં તો ઈરાન એ બંનેના સંપૂર્ણ સકંજામાં આવી ગયું. ૧૯૦૭માં કરાર કરીને ઉત્તર ઈરાનમાં રશિયાએ અને દક્ષિણ ઈરાનમાં બ્રિટને પોતપોતાનો પગદંડો જમાવી દીધો.

દરમ્યાન ૧૯૦૫માં ત્યાં રાષ્ટ્રીય ચળવળ શરૂ થઈ, અને ઈરાનનો શાહ, જે આજ સુધી સર્વસત્તાધીશ જેવો હતો તેને રીતસરનું બંધારણ ઘડવું પડ્યું. એ પછી ૧૯૨૧માં ખેતીના એક મજૂર તરીકે ઊછરેલા યુવાન રેઝા શાહ પહલવીએ શાહ સામે ખુલ્લો બળવો કર્યો; અને ફક્ત ત્રણ હજારના નાના સૈન્ય સાથે કૂચ કરી તહેરાન સર કર્યું, પોતાને યુદ્ધમંત્રી નીમવાની શાહને ફરજ પાડી અને બ્રિટિશ કરારો રદ કરીને પોતે જ ઈરાનનો રાજા બન્યો. ગાદીએ આવીને થોડા જ વખતમાં તેણે કાયદો ને વ્યવસ્થા સ્થાપી ઈરાનની કાયા પલટી નાખી. ૧૯૨૭માં સોવિયેટ, અફઘાનિસ્તાન ને ઈરાક સાથે તેણે 'સાદાબાદ' કરારો કર્યા. પણ બીજા વિશ્વવિગ્રહમાં જર્મની પ્રત્યે સમભાવ બતાવતાં રશિયન ને બ્રિટિશ લશ્કરે ઈરાનમાં પ્રવેશ કરી તેને પદભ્રષ્ટ કર્યો.

આજે જે દુનિયા આખીનું ધ્યાન ખેંચી રહ્યાં છે તે ઈરાનના તેલના ઉદ્યોગની શરૂઆત બરાબર પચાસ વર્ષ પર થએલી. ૧૯૦૧ની ૨૮મી મેએ વિલિયમ નૉક્સ નામના એક અંગ્રેજે અહીંથી તેલ કાઢવા માટે ઈરાન સરકાર પાસેથી ૬૦ વર્ષના પટે જમીન મેળવી હતી, પણ સાત વર્ષ સુધી તેણે કાંઈ ખાસ ફાયદો ન કર્યો. ઈ.૧૯૦૮-માં મસ્જિદેસુલેમાનમાંથી ચોખ્ખું તેલ મળ્યું. આથી ૧૪૫ માઈલ દૂર આવેલા આબાદાન બંદર સુધી પાઈપ લાઈન—તેલ ખેંચી જવાના નળ નંખાયા, અને ઍંગ્લો-ઈરાનિયન ઑઈલ કંપની સ્થપાઈ. તેણે પછી ત્યાં ધીકતો ધંધો જમાવ્યો. ઈરાનની મરુભૂમિમાં આબાદાનનું અદ્યતન તેલનગર વિકસાવી તેની નંદનવન જેવી આબાદી જમાવી. આ કંપની પાસે ૮૦ થી ૧૦૦ જેટલાં ટૅન્કરો (તેલ લઈ જનારી ખાસ બનાવટની સ્ટીમરો) છે, જેનું સાતથી આઠ લાખનું તો ટનેજ છે. ઈરાનના એ તેલ ઉદ્યોગમાં ૭૦,૦૦૦ માણસો કામ કરે છે, અને ઈરાનના અખાત પાસેનો લગભગ એક લાખ ચોરસ માઈલનો વિસ્તાર રોકે છે. અમેરિકા ને રશિયામાં ખૂબ તેલ નીકળે છે એ ખરું, પણ ઈરાનના કૂવામાંથી એક જ દિવસમાં ૧૪,૦૦૦ બૅરલ (૧ બૅરલ=૫ ઘનફૂટ) તેલ નીકળે છે, જ્યારે અમેરિકામાં ૪ કે ૫ બૅરલ. ઈરાનમાંથી નીકળતું બધું તેલ ગાળવાનું કેન્દ્ર આબાદાન છે. ઈરાનના અંતરાળના કૂવાઓમાંથી ૧૪૫ માઈલ લાંબી પાઈપ લાઈન ત્યાં દ્વારા ખેંચાઈ આવતા તેલમાંથી પ્રતિવર્ષ તે અઢી કરોડ ટન શુદ્ધ તેલ તૈયાર કરે છે.

ઈરાનનો બાકીનો ૫,૨૮,૦૦૦ ચોરસ માઈલનો પ્રદેશ સરકાર અને કેટલાક જમીનદાર કુટુંબોના હાથમાં છે. આમાં કેટલીક જમીનદારી તો હજારો એકરની છે. પ્રજાનો ૮૦ ટકા ભાગ આવી જાગીરોમાં જ વસે છે અને જમીનદારની એ જમીન ખેડી પોતાનો નિભાવ કરે છે. મોસમ લઈ લીધા પછી આવકનો ૬૦ ટકા જેટલો ભાગ જમીનદારો જ લઈ જાય છે. માટીનાં નાનાં નાનાં ઘર બાંધી તેઓ આ જાગીરોમાં જ ગામ-કસબા બનાવી રહે છે, જેમાં સગવડને અભાવે અને ગંદકીને લીધે વારંવાર રોગચાળો ફેલાય છે. આ ગામડાંઓ અને તેમાંની દરેક વસ્તુ પર પણ જાગીરદારોનો જ માલિકી હક રહે છે.



از درون سوزناک و چشم تر   نیمه ای در آتشم نیمی در آب
(سعدی)

અઝ દિરૂને સોઝ્રાનાકો ચશ્મે તર;
નીમયી દર આતશમ નીમી દરઆબ.

અનુવાદ

દિલ મહીં છે આગ, આંખે અશ્રુજલ,
અર્ધ હું જલડૂબ, અરધો આગમાં.


ફારસી કાવ્ય સાહિત્યની વાનગીરૂપ શેખ સાદીનું એક મુકતકઃ મથાળે ફારસી લિપિમાં અસલભેત, નીચે તેનો ઉચ્ચાર, તથા તળે ગુજરાતી અનુવાદ આપ્યાં છે. એમાં વિરહીની દશા વર્ણવતાં કહ્યું છે કે મારું દિલ વિરહની આગથી બળે છે, અને આંખો વિરહનાં આંસુથી ઊભરાય છે. આમ, બંને રીતે પીડાતો હું અરધો આગમાં બળું છું, ને અરધો પાણીમાં ડૂબું છું!

મોટા ભાગની જમીન ફળદ્રુપ હોવા છતાં તદ્દન સૂકી છે. ફક્ત કાસ્પિયન સમુદ્રના કાંઠા પાસેની જમીન પર નહેર વિના અનાજ ઉગાડવા જેટલો વરસાદ થાય છે. ચારે તરફથી ઊંચા અને વચ્ચેથી નીચાણવાળા ઇરાનના રકાબી જેવા પ્રદેશમાં (જુઓ સામેના નાના નકશામાંની ઈરાનની આકૃતિ) ચોતરફ આવેલા પર્વતોમાંથી શિયાળુ વરસાદ અને ઓગળતા બરફનું પાણી નદી-ઝરણાં રૂપે મધ્યના નીચા પ્રદેશ તરફ ઊતરી આવે છે, અને તે ખેતી માટે વપરાય છે. પણ એ પાણી યે મધ્ય અને પૂર્વ ઇરાનનાં મોટાં રણ સુધી પહોંચતાં તો સુકાઇ જાય છે, અને જો ક્યારેક પૂરતો બરફ કે વરસાદ ન થયો હોય તો આખી ફસલ નિષ્ફળ પણ જાય છે. આથી માત્ર પાણીના અભાવે જ આ ફળદ્રુપ જમીનનો ફક્ત દસમો ભાગ ઉપયોગમાં લઇ શકાય છે. આમ, બધો પ્રદેશ સૂકો હોઈ ત્યાંનું હવામાન પણ ઊંચા પર્વતો સિવાય બધે ગરમ જ રહે છે. વિશ્વના સૌથી સુક્કા ગણાતા આ રણપ્રદેશમાં પણ આલ્પ્સ અને હિમાલય-ની ગિરિમાળા જેવો ઉચ્ચ પ્રદેશ છે, જેમાં દેમાવન્દ નામે ૧૯,૦૦૦ ફૂટ ઊંચો પર્વત છે. દક્ષિણમાં વહેતી કરુન નદી મોટી હોઈ જલમાર્ગ તરીકે તેનો ઉપયોગ થાય છે. દેશના વાયવ્ય કોણમાં ઉરુમિયા નામે એક સો માઈલ લાંબું સરોવર પણ છે.

દેશનો બધો વ્યવહાર ચલાવવાનું મુખ્ય સાધન ટ્રાન્સ-ઈરાનિયન રેલવે છે. તે ઈરાનના અખાતના શાપુર બંદરે શરુ થઇ ઉત્તરમાં ૮૬૫ માઈલ દૂર બંદરશાહ સુધી જાય છે. અંદરના પ્રદેશમાં મોટરો, ઘોડા, ખચ્ચર, ઊંટ વગેરે દ્વારા વ્યવહાર ચલાવાય છે. બસરા, કરમનશાહ અને બગદાદ ખાતે હવાઇ માર્ગની સગવડ છે. ઇરાનના ઘોડા બહુ વખણાય છે, તેમજ ત્યાંની બિલાડી પણ તેના સૌંદર્ય માટે જાણીતી છે.

ઈરાનની વસતિ લગભગ ૧,૫૦,૩૫,૧૫૫ (૧૯૪૨માં) છે, જેમાં આરબ, તુર્ક, કુર્દ, બલોચ વગેરેની ૩૦,૦૦,૦૦૦ની તો ભટકતી પ્રજા છે. યેઝદના જરથોસ્તી પારસી-ઓ સિવાય આખી પ્રજા શિયાપંથી મુસ્લિમોની છે. પ્રજા તરીકે ઈરાનીઓ અતિશય વિવેકી અને કલાપ્રેમી હોઈ 'પૂર્વના ફ્રેંચો' તરીકે પણ ઓળખાય છે.

ઇરાનનું હાલનું પાટનગર તેહરાન છે. તેની વસતિ ૭ લાખની છે (૧૯૪૨). ૧૫૦થી વધુ વર્ષથી તે ઇરાનનું પાટનગર બની રહ્યું છે. શેતરંજી, રેશમ અને રૂનું ઉત્પાદન તેના મુખ્ય ઉદ્યોગો છે. ખલીફાઓનું પુરાણું પાટનગર અને મહત્ત્વનું વ્યાપારી કેન્દ્ર ઇસ્પહાન તહેરાનની દક્ષિણે ૨૨૬ માઈલ દૂર આવેલું છે. પ્રાચીન ભવ્યતાનાં ખંડેરો વચ્ચે આવેલું આ ફળદ્રુપ ભૂમિવાળું નગર મખમલનો સામાન, તલવારનાં મ્યાન તેમજ દાગીના બનાવવા માટે મશહૂર છે. ઉત્તર ઈરાનનું બીજું પ્રાચીન નગર હમદાન, ત્યાંના 'હમદાન ટાવર' માટે પ્રસિદ્ધ છે. તહેરાનથી નૈઋત્યે ૧૦૦ માઇલ દૂર કુમ આવેલું છે. ગયા વંશોના છ રાજાઓ, ૪૦૦-૫૦૦ સંતો અને બીજી કેટલીયે જાણીતી ઈરાની વ્યક્તિઓને અહીં દફનાવાઇ છે. પણ ઈરાનનું સૌથી પ્રાચીન પાટનગર તો પર્સીપોલીસ. ઈ. પૂર્વે ૩૩૧માં સિકંદરે તેનો નાશ કર્યો. ઇસ્કહાન જવાના માર્ગ પર, પ્રખ્યાત ઇરાની કવિ શેખ સાદી અને હાફિઝની જન્મભૂમિ તથા પ્રાચીન



ઉપરઃ ઇરાનની ઉત્કૃષ્ટ કારીગરી દાખવતી, ૧૭મી સદીની બારીક, સુંદર સોનેરી નકશીકામવાળી રૂપાની શરાબની સુરાહી; નીચેઃ ૧૬મી સદીમાં રેશમ પર કરેલા જરીકામનો કસબી કાપડમાંનો એક ટુકડો. જેમાંનાં માનવપાત્રો પરથી એ કાળના પોશાકનો ખ્યાલ આવે છે.





અરબી લિપિમાં લઢણનું સૌંદર્ય ઉતારીને લખેલું
૧૧મી સદીનું કુરાનનું એક સુશોભિત પાનું

ઈરાનના સંસ્કૃતિધામ શિરાઝથી ૩૦ માઈલ દૂર એ આવેલું છે. સો સ્તંભોવાળા વિશાળ ખંડનાં ખંડિયેર આ નગરમાં છે. ઈરાનના વ્યાપારના બીજા મુખ્ય કેન્દ્ર તેબ્રીઝમાં ૨,૧૯,૦૦૦ની વસતિ છે. શેતરંજી, સૂકો મેવો, રૂ, ચામડાં વગેરેનો અહીં વેપાર છે.

કારીગરી, રંગમિલાવટ અને બનાવટની બારીકી માટે દુનિયાભરમાં જે મશહૂર છે તે, કુદરતી કસબીઓએ હાથે વણેલા ઊંચા ઈરાની ગાલીચા, ઊન, સૂકો મેવો, તમાકુ, ચામડાંનો બનાવેલો સામાન, દાગીના, અત્તર, કેસર, તલવાર ને કટાર વગેરે હથિયારો, કાચનો સામાન, આરસ અને પીરોઝના પથ્થરો વગેરે અહીંની મુખ્ય નિકાસ છે. આ ઉપરાંત, ઈરાનના અખાતમાં માછીમારી કરવા સાથે મોતી કાઢવામાં પણ આવે છે. દુનિયામાં સર્વોત્તમ ગણાતાં ગુલાબી મોતીઓ ઈરાનના અખાતમાંથી જ મળે છે. ઈરાનના કાસ્પિયન સમુદ્ર પરના ઈરાની કાંઠા પર સારી જાતની માછલીઓ પણ થાય છે, પરંતુ ત્યાં માછીમારી કરવાના હક્કો રશિયાને જ આપી દઈને ઈરાન આજે તો તેમાંથી માત્ર અમુક ભાગ જ મેળવે છે. ઈરાનના પર્વતોમાં મૅંગેનિઝ, સીસું, પારો, સોનું, રૂપું, નિકલ, જસત, વગેરેની કાચી ધાતુઓ પણ મળી આવે છે, પરંતુ બહુ થોડા પ્રમાણમાં. આથી ત્યાં ખાણોનો વિકાસ કરવામાં આવ્યો જ નથી. કારખાનાંઓ પણ ઈરાનમાં બહુ ઓછાં છે. કાપડની થોડી મિલો, સિગારેટનાં કારખાનાં વગેરે જે કંઈ થોડાં છે તે બધાં રાજ્ય દ્વારા જ ચલાવાય છે.

પરંતુ ઈરાનનો મુખ્ય ઉદ્યોગ તો તેલનો જ, જે પરદેશીઓના હાથમાં હોઈ ઈરાનને તેનો બહુ જ ઓછો લાભ મળે છે. પોતાની જ ભૂમિમાંથી નીકળતા એ પ્રવાહી સોનાનું આમ પારકાને હાથે શોષણ થતુ જોઈ ઈરાનની આંખ હવે ફરી છે, અને એ સમગ્ર ઉદ્યોગ પોતાને હાથ કરવા હવે તે પ્રવૃત્ત થયું છે. આ માટે તેણે થોડા જ વખત પર પોતાના એ તેલઉદ્યોગના રાષ્ટ્રીયકરણનો કાયદો પસાર કરી તે પોતાને હસ્તક લેવાનો નિરધાર કર્યો છે, અને વીસ કરોડ પાઉન્ડની કિંમતની એ અસ્કયામત કબજે કરવા ઍંગ્લો-ઈરાનિયન તેલ કંપનીને વિદાય આપી છે. પરિણામે ઇંગ્લંડ એની ફરિયાદ રાષ્ટ્રસંઘની સલામતી સમિતિ પાસે લઈ ગયું છે.



તેલના એક કૂવાનું દૃશ્ય

સુભાષિત

पुस्तकस्थातु या विद्या परहस्तगतं धनम् ।
कार्यकाले समुत्पन्ने न सा विद्या न तद्धनम् ॥

અનુવાદ

પોથીમાં જે રહી વિદ્યા, પૈસો જે પારકા કને.
ન એ વિદ્યા, ન એ પૈસો કામ આવે ખરે સમે.

[આપણામાં કહેવત છે કે 'ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે'. ગમે એટલું ભણ્યા હોઈએ, પણ ખરે વખતે ઉત્તર દેતાં ન આવડે કે સભામાં બોલવા જતાં ભૂલી જઈએ તો તે શા કામનું? છાપખાનાં તો હમણાં થયાં. પહેલાં તો માત્ર હસ્તપ્રતો લખાતી અને તે યે બધાંને મળી શકતી નહિ. એટલે આપણા દેશમાં પ્રાચીનકાળથી બધું મોઢે કરવાનો રિવાજ હતો. મોઢે કરનાર ગોખણિયા કહેવાય તે ખરું; પણ જે સમય આવ્યે એનો ઉપયોગ કરી શકે છે તેમને એનો લાભ જણાય છે. મોઢે કરવાનો રિવાજ ન હોત તો જગતનું સૌથી પ્રાચીન સાહિત્ય—આપણા વેદો આજે ન હોત. આપણા સંસ્કૃત સાહિત્યમાં તો શબ્દો પણ યાદ રાખવા માટે એને કવિતામાં ગોઠવીને આખા 'કોષ' મોઢે કરતા. 'અમરકોષ' વગેરે એવા ઘણા કોષો આપણામાં છે. આ જોઈ ઘણા યુરોપીય પંડિતો તો નવાઈ પામતા કે 'હિંદીઓ તો આખા ડિક્શનેરી મોઢે કરે છે!' પણ એ મોઢે કરનારા શબ્દનો ખજાનો તરત ઉઘાડી શકે છે. એ જ રીતે પૈસો પણ ઉધાર ધીર્યો હોય ત્યારે ખરે સમે કામ લાગતો નથી. એનો અર્થ આજે એમ ન લેવાય કે જૂના જમાના પેઠે પૈસા દાટી રાખવા! પણ પૈસાના રોકાણમાં કાળજીપૂર્વક ધ્યાન રાખવું કે જેથી ખરે સમયે પૈસા માટે આકાશ સામું જોવું ન પડે. રોકાણ તરત છૂટાં થઈ શકે તેવાં રાખવાં જોઈએ. આ બંને વાતો વ્યવહારનાં સત્યો છે. પણ ઘણાં સત્યોની પેઠે એનું પાલન નહિ થતું હોવાથી આપણે ઘણી વાર મુશ્કેલીમાં આવી જતા નથી? ર. ભી.

બકુલ ત્રિપાઠીની
નિર્બંધિકા

બેસતા વર્ષના સંકલ્પો



આજથી આખું વર્ષ વહેલા ઊઠવું છે.
હવેથી નિયમિત નોંધપોથી રાખવી.
આજ પછી કસરત કરી ન હોય તે દિવસે જમવું નહિ.
કદી ચા ન પીવી.
હમેશાં દોઢ કલાક કાંતવું.
ત્રણ કલાક વાંચવું, વાંચવું, ને વાંચવું જ.
રોજ ગીતાનો એકએક શ્લોક...
પાઇએ પાઇનો વ્યવસ્થિત હિસાબ...

આખા સમાજમાં જે દિવસે આ મંત્રોનું મનોમન ઉચ્ચારણ શરૂ થઇ જાય ત્યારે સમજવું કે તે દિવસે બેસતું વર્ષ છે. જેમ શરદ પૂનમની ચાંદનીનું વાતાવરણ કવિઓને ગાંડા બનાવે છે, તેમ બેસતા વર્ષના દિવસની હવા પણ સામાન્ય જનોના મનમાં કંઈક નવો ચમકારો લાવી દે છે. ઘણાને એકદમ બુદ્ધ, મહાવીર, વિવેકાનંદ કે નેપોલિયન થવાની હોંશ થઈ આવે છે, જીવનનાં વર્ષો એમ નિરર્થક સરી જતાં લાગે છે, અને એકદમ કંઈક કરી નાખવું—કંઈક તો કરી જ નાખવું એમ થઈ આવે છે. રસમીમાંસકો કહે છે કે ઉત્સાહના સ્થાયી ભાવનો સંચારી ભાવ વીરરસ છે. એટલે જ કદાચ દીવાળીનો ઉત્સાહ ઘણાને માટે વીરરસમાં પલટાઈ જાય છે, એમની આંખમાં ચમક આવે છે અને કોઈ ધન્ય પળે એ આત્મસુધારણા માટે સંકલ્પ કરી નાખે છે: 'આજથી રોજ આ કરવું.' 'હવેથી કદી આ ન કરવું!'

પણ આ સંકલ્પોની મઝા જ એ છે કે એ 'કરતાં' જેટલી મઝા આવે છે એટલી 'પાળતાં' નથી આવતી. દાખલા તરીકે મને જ એક બેસતા વર્ષે કોઇએ સલાહ આપી કે મારે આત્મસુધારણા માટે કંઈક ઉચ્ચ સંકલ્પ કરવો. વહેલા ઊઠવાનું ઠરાવીને જો હું રોજ સાતને બદલે પાંચ વાગ્યે ઊઠું તો વર્ષે મારા ૭૨૦ કલાક બચે, ને પચાસ વર્ષની જિંદગીમાં ૩૬,૦૦૦ કલાક બચે. એટલે રોજ ફક્ત બે કલાક વહેલા ઊઠવાથી મારી જિંદગીમાં લગભગ ચાર વર્ષ જેટલો મબલખ વધારો થાય!

આ વિચારથી ભોળવાઇને મેં તો સંકલ્પ કરી નાખ્યો કે બસ, કોઈ દિવસ પરોઢના પાંચથી મોડા ઊઠવું નહિ. બેસતા વર્ષને દિવસે તો જાણે પાંચ વાગ્યે ઊઠાયું, પણ એ દિવસના થાકને લીધે, બીજની સવારે તો સાડાસાત જ ઊઠ્યો. પછી પાંચમ સુધી તો જાણે દીવાળી જ કહેવાય, એટલે મોડા ઊઠવામાં વાંધો નહિ. છઠને દિવસે પાંચ વાગ્યે જ ઊઠવું'તું, પણ બન્યું એવું કે પાંચમની રાત્રે, બીજે દિવસે પાંચ વાગ્યે ઊઠવાનું છે એ વિચારે એટલી બધી ચિંતા થઇ કે રાતના દોઢ સુધી ઊંઘ જ ન આવી. આથી એ છઠની સવારે પણ આઠ વાગ્યે ઊઠાયું. છતાં સાતમે તો સંકલ્પ તાજો કરીને ઍલાર્મ ગોઠવ્યું યે ખરું. પણ બીજે દિવસે સાડા આઠે જ ખબર પડી કે કાંટો ખોટો ગોઠવાએલો! પછીને દિવસે ઍલાર્મ ગોઠવતાં ધ્યાન રાખ્યું તો વળી ઘડિયાળ બગડી ગયું અને વહેલા ના ઊઠાયું. કાર્તિકી પૂર્ણિમા સુધી ઘડિયાળનું સમારકામ ચાલ્યું. વદ પડવાની રાત્રે ઍલાર્મ તો ગોઠવ્યું, પણ ચાવી આપવાનું ભૂલી જવાથી રાત્રે અઢી વાગ્યે ઘડિયાળ જ બંધ પડી ગયું!

આમ અનેક મુશ્કેલીઓ વટાવતાંવટાવતાં વદ સાતમે પાંચ વાગ્યે બરાબર ઍલાર્મ વાગ્યું, એટલે સાડા પાંચે ઊઠ્યો તો ખરો; પણ પછી વિચાર આવ્યો કે ઊઠ્યા પછી દસ મિનિટ રહીને સૂઈ જવામાં વાંધો નહિ. એમ કરવાથી કંઇ સંકલ્પનો ભંગ નથી થતો. પાંચ વાગ્યે ઊઠ્યા તો કહેવાઇએ જ ને? થોડા દિવસ આ પ્રમાણે કર્યા પછી એક વાર સવારે પાંચ વાગ્યે સૂતેસૂતે જ વિચાર આવ્યો કે, 'હે જીવ, આ બધો ઉપાધિ શાને? ચાર વર્ષ વધુ જીવવાને માટે જ ને? જીવનનો એવો મોહ શો? સંતો મહાત્માઓ તો જીવનની માયા મૂકવાનું કહી ગયા છે, ત્યારે હું તો વહેલો ઊઠીને એ માયા વધારી રહ્યો છું! આવો મોહ શું કામ રાખવો?'

મારી આત્મસુધારણા તો આમ ફિલસૂફીને પંથે ચડી ગઈ, એટલે પેલો વહેલા ઊઠવાનો સંકલ્પ પણ, શબ્દરચના હરીફાઈના અરધા ભરાએલા વ્યૂહ જેવો, એમ ને એમ પડી રહ્યો.

બેસતા વર્ષને દિવસે ઉત્સાહમાં આવી જઈને કરેલા મોટા ભાગના સંકલ્પોની આ જ ગતિ થાય છે. એક જણે દીવાળીની રાતથી જ ચા છોડી દીધેલી. એમનો સંકલ્પ જીવેલો પણ ખરો! એક અઠવાડિયું, બે અઠવાડિયાં, ત્રણ અઠવાડિયાં...એમણે ચા ન પીધી તે ન જ પીધી. માતાનો પ્રેમ, પિતાની આજ્ઞા, ભગિનીનાં આંસુ, પત્નીની ધમકી, મિત્રોની મશ્કરી, ચાની જાહેરખબરો,—કોઇ એમને ચળાવી ન શક્યું. એમના એ સંયમનો મહિમો દિશદિશમાં ગાજી રહ્યો. છેક સ્વર્ગમાં પણ એના તરંગ પહોંચ્યા ને ઇન્દ્રનું આસન પણ ડોલી ઊઠ્યું. પરંતુ થોડાંક અઠવાડિયાં પછી જ્યારે એ ભાઈ કો'ક માંદગીની માયામાં લપટાયા તે વખતે એમને થોડા ઉપવાસ કરવા પડ્યા, અને ત્યારે એક ધન્ય ક્ષણે એમને જ્ઞાન થયું કે ચા પીવાથી ઉપવાસમાં રાહત રહે છે. એટલે એમણે હળવે રહીને ચા પીવા માંડી. એ પછી તો, બેચાર મહિને માંદગી ગઈ તો યે ચા તો રહી જ પડી. અને હવે તો એ સાજા થઇ ગયા પછી પણ, રોજના સાત પ્યાલા ચા પીએ છે. આમ, એમની માંદગીને બહાને એમનો સંકલ્પ સ્વર્ગે સિધાવ્યો અને ફરી કદી એણે પુનર્જન્મ ન લીધો.

ચા છોડવા જેવો જ બીજો એક લોકપ્રિય સંકલ્પ છે: સિગારેટ છોડવાનો. ઘણુંખરું અરસિક પત્નીઓના અને દુષ્ટ ડૉક્ટરોના આગ્રહથી જ આ સંકલ્પ કરવો પડે છે. પણ અમરપટો તો, ભાઇ, કોણ

લખાવીને લાવ્યું છે? સિગારેટના ધુમાડાની જેમ આવા સંકલ્પને પણ વેરાઇ જતાં વાર નથી લાગતી. કેટલાકને વળી દરેક કામમાં નિયમિત થઈ જવાની ધૂન વળગે છે. પણ એ ય કેટલા દિવસ? જ્યાં સૂરજ જેવો સૂરજ પણ વરસમાં અમુક મહિના રોજ થોડી થોડી સેકંડો મોડો ઊગે છે, અને પછી પાછો અમુક મહિના, આઇસ્ક્રીમ પાર્ટીમાં આવી પહોંચતા મિત્રોની જેમ, રોજ થોડી થોડી સેકંડ વહેલો ઊગે છે, ત્યાં નિયમિત થવાની મહેચ્છા રાખનાર પામર માનવી તે વળી કોણ? હા, કેટલાક મહાપુરુષો નિયમિત બની શક્યા છે ખરા; પણ એ લોકો નિયમિત છે એટલે મહાપુરુષ નથી થયા, પણ મહાપુરુષ છે એટલે નિયમિત થઈ શક્યા છે.

એક સંબંધીએ નવા વર્ષને દિવસે ક્રોધને જીતવાનો સંકલ્પ કરેલો. આમ તો એ વા વાતાં ચિડાય ને પાન ખરતાં ચિડાય એવો એમનો સ્વભાવ. પણ બેસતા વર્ષને બીજે દિવસે સવારે તો આ સંકલ્પના સંતોષમાં મલકાતા મુખે એમણે પત્નીને બૂમ મારી: 'અરે, સાંભળે છે કે?'

'શું છે?' અંદરથી જ શ્રીમતીએ જવાબ આપ્યો.

'હવે, અહીં આવ તો ખરી!'

'પણ છે શું?...લ્યો, કહો, શું કામ છે?'

'જો,' એમણે સ્મિતથી શોભતા મુખડે કહેવા માંડયું, 'ગઈ કાલથી મેં નક્કી કર્યું છે કે કદી કોઇના શબ્દોથી અકળાવું નહિ.... "હોય, દુનિયા છે"–કહીને હસી નાખવું.'

'ઠીક.' પત્નીએ પાછા ફરવા જતાં કહ્યું.

'તને મારો આ સંકલ્પ ન ગમ્યો?' એમણે પૂછ્યું

'ગમ્યો; પણ પાળો ત્યારે ખરા.'

'શું કહ્યું?' એમનું સ્મિત વિલાયું, 'પાળો ત્યારે ખરા એટલે? શું મારામાં એટલો નિયમ પાળવાની પણ તાકાત નથી?'

'હશે તો જોઈશુંને?'

'એટલે? તું તારા મનમાં સમજે છે શું? હું તે કંઈ...હું તે કંઇ ...' અને ખલાસ! એન્જિન બગડયું, મિજાજ છટક્યો. એ તો આખી સોસાએટી ગજાવવા જતા હતા ત્યાં એમનાં શ્રીમતીએ એમને યાદ કરાવ્યું કે એમનો સંકલ્પ એમણે ત્યાં ને ત્યાં જ તોડયો હતો ત્યારે જ માંડમાંડ એ શાન્ત પડયા!

આમ, નવા વર્ષના સંકલ્પો એટલે વહેલી પરોઢનું ઝાકળ: બે ઘડી સંતોષ આપી પાછું ઊડી જવાનું. વૈશાખની બપોરે જેમ વંટોળિયા જાગીજાગીને પાછા સૂઇ જાય છે, અથવા તો શિયાળાની સવારે જગતના કો' અગમ્ય ખૂણેથી એકાદ શરદીનું મોજું આવી, આપણો કબજો લઈ લે છે અને દિવસભર રમાડી-રડાવીને અંતે આવ્યું હતું એમ અનંતમાં ચાલ્યું જાય છે, કે પછી ઉસ્તાદના જલસામાં કોઇ સંગીત બરાબર જામ્યું હોય ત્યારે ઊંઘનું એકાદું ઝોકું આપણને પાવન કરીને, તબલાની પાછી એક જબરદસ્ત થાપે આપણને ચમકાવીને ભાગી જાય છે, એમ આત્મસુધારણાના ઉત્સાહનું મોજું પણ દર બેસતા વર્ષે આવે છે અને આવીને પાછું ઊડી જાય છે. વર્ષને આરંભે હોય છે એટલા વ્યાયામવીરો આખા વર્ષમાં નથી હોતા, કારતકની શરૂઆતમાં હોય છે એટલા ગીતાભક્તો બીજા અગિયારે મહિનામાં નથી હોતા, બેસતા વર્ષને બીજે અઠવાડિયે હોય છે એટલા સંયમી જનો બાકીના વર્ષભરમાં ક્યારે ય જણાતા નથી, તે આ કારણે જ.

અને આમ થવું સ્વાભાવિક પણ છે. અત્યાર સુધીમાં થઈ ગએલા મહાપુરુષોએ પોતાના જીવનમાં મહાન કાર્યો અમુક સંકલ્પોને પરિણામે કર્યાં છે એ ખરું, પણ એ બધા સંકલ્પો એમણે અચાનક જ કર્યા છે, બેસતા વર્ષને દિવસે નહિ. ભગવાન બુદ્ધે સંસાર ત્યાગવાનો નિશ્ચય કર્યો ત્યારે બેસતું વર્ષ ન હોતું કે એમનો જન્મદિવસે ન હોતો! દયાનંદ સરસ્વતી કંઈ બેસતા વર્ષના સંકલ્પોને પરિણામે સુધારક નહોતા થયા! પૂ૦ ગાંધીજીએ 'અન ટુ ધ લાસ્ટ' વાંચી જીવનપલટો કર્યો તે દિવસ પણ બેસતા વર્ષનો ન હતો. અને પરાક્રમી ભીમે દુઃશાસનવધની પ્રતિજ્ઞા કરી ત્યારેય વરસના વચલા દહાડામાંનો જ એક દિવસ હતો. અરે, પરીકથાઓમાં રાજકુમારીઓ સંકલ્પ કરે છે કે 'પરણું તો એને જ, બીજા બધા બાઈબાપ!' તેય બેસતા વર્ષને દિવસે જ નથી હોતું. આમ, નવા વર્ષને જ દિવસે સંકલ્પ કરીને કોઈ મહાપુરુષ થયું નથી.

પણ આનો અર્થ એ નહિ કે બેસતા વર્ષને દિવસે સંકલ્પો ન કરવા. કરવા, જરૂર કરવા. આત્મસુધારણાની વૃત્તિ પર સંયમ ન જ રાખી શકાતો હોય તો બીજું થાય પણ શું? અને એથી બીજું કંઇ નહિ તો વગર નાહ્યે માત્ર મોં ધોઈને કપડાં બદલવાથી નાહ્યાનો જેવો સંતોષ મળે છે, એવો એક ખાસ પ્રકારનો સંતોષ તો મળે છે જ ને? એટલું ય ઘણું છે! જે એકાદ અઠવાડિયું ધરતીથી બેપાંચ ફૂટ ઊંચે ચાલ્યા તે!

બાકી એ સંકલ્પોથી ખરેખર સુધરી જવાની વાત તો કરવા જેવી જ નથી. બેસતું વર્ષ એ તો આપણે રસ્તામાં થાક ખાવા વડલાને છાંયે ગોઠવેલો પથરો છે. ત્યાં આરામ કરવો, નાસ્તો કરવો (રોજ કરતાં વધારે) અને 'સાલ મુબારક' કરી આગળ વધવું એમાં જ ખરી મઝા છે. આપણને નરેન્દ્રભાઇમાંથી નેપોલિયન બનાવવાની જવાબદારી બીચારા બેસતા વર્ષ ઉપર નાખી એના જેવા આનંદી દિવસને હેરાન કરવો ઠીક નહિ. એ કામ તો ભલેને અણપૂછ્યો, અણપ્રીછેલો વર્ષનો કો' અજાણ દિવસ બજાવતો!

આ વાંચશો નહિ

કેમ વારુ? ઉપર લખ્યું તે વાંચ્યું નહિ? આ વાંચવાનું નથી એ તમને ના સમજાયું? તો પછી કેમ વાંચવા માંડયું?

આમ જુઓ; આ નીચે જે છાપ્યું છે એ વાંચીને તમારો કશો જ શુક્રવાર વળવાનો નથી; કે નથી તમને એથી કોઈ ફાયદો થવાનો. માત્ર તમારો સમય નકામો વેડફાવાનો છે.

હજુ સુધી યે જો તમે આ વાંચતા હો તો કમાલ છે ભાઈ તમારી! તમને શું વખતની કિંમત નથી? આ લખાણમાં શો અર્થ છે? શું ડહાપણ છે? કાંઈ જ નહિ. નીચે હવે કશું જ મહત્ત્વનું છાપ્યું નથી એ વાતની અમે તમને ખાતરી આપીએ છીએ. માટે હવે આ લખાણ અહીંથી જ વાંચવાનું બંધ કરી દો, અને તમારો દૃઢ નિશ્ચય પુરવાર કરો.

કાંઈ સમજાયું નહિ? વાચન બંધ કરો!

થયું. અરધું લખાણ તો તમે વાંચી પણ લીધું. અને હજુ યે તમે વાંચતા જણાઓ છો; હવે આગળ વાંચ્યા વગર તમને ચેન નહિ જ પડે શું? કે...તમારાથી રહી શકાશે? જોઇએ, કેવાક કૃતનિશ્ચય છો તમે.

છટ્! કેવી રીતે રહેવાવાનું હતું! અમારી ધારણા જ ખરી હતી.

આ બધું વાંચીને તમારા જ્ઞાનમાં કશો જ વધારો નથી થવાનો. લ્યો, કહો; અહીં સુધીનું વાંચ્યે કાંઈ ફેર પડયો ખરો? કાંઈ જ નહિ. જાણે એક પ્રકારની ઘેલછા વળગી હોય એવી રીતે તમે વાંચ્યા કર્યું છે.

જુઓ, હવે તો બહુ જ ઓછી લીટીઓ બાકી રહી. હવે તો વાંચવું બંધ કરો, અને તમારામાં યે થોડીઘણી ઈચ્છાશક્તિ છે એ વાતની જગતને ખાતરી કરાવી આપો. જુઓ વાચન બંધ કરો! અરે, બંધ કરો!!

પણ, ના! કદાચ તમને હજુ સુધી એમ લાગ્યા જ કરે છે કે આ છેવટની બે લીટીમાં તો કશુંક મહત્ત્વનું હશે જ હશે. કેમ ખરી વાત ને?

(રીડર્સ ડાઈજેસ્ટ પરથી) —સુમતિ ર. દલાલ



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

સોળે સાન ને વીસે વાન. અને પછી આવતી પચ્ચીસીને તો આપણે 'ગદ્ધા પચ્ચીસી' પણ કહીએ છીએ. સોળ ગયાં ને વીસ પણ વહ્યાં. હવે તો પચ્ચીસીની આસપાસ અથડાતા હતા. બ. ક. ઠાકોરે ત્યારે ગુરુ-લઘુનાં ઉપરાઉપરી આવતાં આવર્તનોના બનેલા નવા 'ગુલબંકી' છંદનો પહેલો પ્રયોગ અજમાવેલો, ને આપણી બરાબર પચ્ચીસીનો પણ સમો એ જ વખતે ચાલી રહેલો. એટલે 'પચ્ચીસી' નામની કવિતા એ જ ગુલબંકીમાં લખી નાખેલી.

તાપી નહિ. વાંકી પણ નહિ, અને શોલાપુરનું વિશાળ તળાવે ય નહિ. હવે આપણે આવ્યા અમદાવાદમાં સાબરમતીને કાંઠે, દૂધેશ્વર. ત્યાં નદીના છીછરા પાણીમાં અનેક વાતો કરતાં નહાતાં: અનસૂયા, સુમતિ, એની નાની બેન ભદ્રા. ત્યાં વૉટર વર્કસની સામેની વાડીમાં પ્રિયંવદાને હવાફેર માટે લાવ્યા હતા. એ જ નદીમાં, એ જ છીછરા પાણીમાં બીજાં પચ્ચીસ વર્ષ વીતતાં, ભર બપોરે મારે કયા સંજોગોમાં કેમ આવવું પડશે એનું તો ત્યારે સ્વપ્નું પણ નહોતું.

જે થોડા દિવસ દૂધેશ્વર રહ્યા તે દરમ્યાન હું કદિક શહેરમાં પણ રહેતો. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હવે વિદ્યાસભા)ના પીઢ, મહેનતુ, જૂનવાણી ઢબના, સૌ સાક્ષરોના મિત્ર સમા, જાણીતા મંત્રી સ્વ. હીરાલાલ પારેખને ત્યાં રહેતો; નહિ તો ગોટીની શેરીમાં ડાકોરલાલ પ્રમોદરાય ઠાકોરને ત્યાં. પારેખ સુરતના, મારા બાપુજીના દોસ્ત થાય. મારા પર બહુ મમતા રાખતા. વર્નાક્યુલર સોસાયટી વિષે ઘણી જૂની પણ જાણવાજોગ વાતો કહેતા. એમણે નર્મદને પણ જોએલા ને દલપતરામને પણ એ મળેલા, એટલે ત્યાંથી શરૂઆત કરતા.

એ દરમ્યાન કવિ નાનાલાલને ત્યાં તો રોજ જતો અને ભારે ટપાટપી થતી. જેમ અમે લડતા, તેમ અમારો મેળ જામતો ને ઉમરનો ભેદ ભાંગતો જતો. ઘણા મને પૂછતા 'નાનાલાલ સાથે તારી દોસ્તી કેમ જામી ને છેવટ સુધી કેમ ટકી?' કોણ જાણે: લેણાદેણી. પણ કારણ કહું તો આટલું જ કે એ ઘાંટા પાડતા તો હું બેવડા પાડતો. ડાકોરની મને બીક લાગતી; પણ કવિ નાનાલાલની મને કદી બીક લાગી જ નથી. એમને લખતા જોવામાં યા એમનાં ચાલુ લખાતાં પુસ્તકો વાંચવામાં હું લહાવો માનતો. એમને ઘણું પૂછતા: 'કવિ! હમણાં શું લખો છો?' ત્યારે કવિ એક જ જવાબ આપતા: 'લુહારના અંગારામાં પાંચ-સાત ચીજો તપ્યા કરે. એક વાર એકને સાણસામાં પકડી જૂએ; રાતુંચોળ લાગે તો એને હથોડે ટીપે ને બે-ચાર-પાંચ ઘા મારી પાછું તાપમાં મૂકી દે; પછી બીજું હાથ ધરે; એમ ચાલ્યા કરે. અમારું લખવાનું તો એવું, ભાઇ!'

ઘણાને આ એકનો એક જવાબ એમને આપતાં સાંભળીને એક દિવસ મેં ઘાંટા પાડી કહ્યું, 'એ શું એકનું એક બધાને કહો છો; કંઈ નવું કહોને?' ત્યારે હસીને કવિ કહે 'તમે કોઇ નવું કહી શકો તો કહો, નવા નીકળ્યા છો તે. બાકી કવિને કહેવાનું તો એકનું એક જ છે, અને કહેવાઈ ગયું છે તે જ છે. અને એક જ સવાલના બે જુદા-જુદા જવાબ આપું તો સાંભળનારા મને જુઠ્ઠો કહે.'

એ જ અરસામાં ધ્રુવસાહેબને ત્યાં જઇને પણ બેસતો. ગોટીની શેરીમાં, ડાકોરલાલના પડોશના જ ઘરમાં, ત્રીજે માળે, ચોપડીઓથી ખડકાએલા ખંડમાં, ગાદીતકિયે, હાથમાં મૅગ્નીફાઇંગ ગ્લાસ લઈ એ બુઝર્ગ વિદ્વાનને અભ્યાસમાં સદા લીન જોતો. એ ધ્યાનમાંથી એમને સરકાવી કંઇ બીજા જ વિષય પર ચડાવી દેતાં અમે અચકાતા નહિ, એવા એ વત્સલ હતા. સંસ્કૃતપ્રચૂર, સૌજન્યશીલ એવી ઢબના સાક્ષરનાં દર્શન હવે કે નજદીકના ભવિષ્યમાં પણ થશે કે કેમ એની મને તો શંકા છે. શુદ્ધ ઉચ્ચાર, તોળેલા શબ્દો, ધીમાં વાક્યો અને બધામાં ઉચ્ચ પ્રકારના રસોનો સમન્વય એમના વાર્તાલાપમાં અમે માણતા.


એમના સંપર્કથી મને બેવડો લાભ થયો: એક તો એમના સન્મિત્ર સ્વ. ડાહ્યાભાઈ દેરાસરી સાથેનું ઓળખાણ: અને બીજો, એમના ચિરંજીવી શ્રી વિલોચન ધ્રુવ સાથે લાંબી ને ગાઢ મિત્રાચારી.

ડાહ્યાભાઇ દેરાસરીનું 'સાઠીનું સાહિત્ય' વાંચ્યું હતું, એટલે એમ તો ઓળખીએ. પણ એ ઘણો કાળ સુરતમાં રહેલા એને અંગે કહો કે ગમે તેમ, પણ એમના સ્વભાવમાંનું ટીખળ તો કદી નહિ ભુલાય. ગોટીની શેરીમાં, નીચે, હીંચકે ઝૂલતા જાય, બાજુમાં ઠરેલ ધ્રુવસાહેબ બેસે, ને ડાહ્યાભાઇ એકેકી આસ્માની સુલ્તાનીની સંભળાવે. કદી કૃષ્ણલાલ ઝવેરીના પિતાની વાત, તો કદી લલ્લુભાઇ શાહ સાહેબની, કદી ચીમનલાલ સેતલવાડની તો કદી દલપતરામની, એમ એમના જમાનાની અનેક રમૂજી વાતો ચટાકાભટાકા સાથે સંભળાવે.

એક દિવસ અમે મુંબાઇથી અમદાવાદ જઇએ. અરધીક રાત થઇ હશે ને એમણે મને જગાડ્યો. હું બેઠો થયો એટલે કહે, 'આ સુરત છે; જરા ભૂસું મળે તો લઇ લે.' હું નીચે ઊતરી થોડું ભૂસું લઉં છું ત્યાં તો એમણે ગાડીમાંથી જ બૂમો પાડી કહ્યું કે 'એકલું ભૂસું નહિ, થોડી ઘારી ને છૂટા ગાંઠિયા પણ.'

ગાડી ઊપડી ને હું સૂવાની તૈયારી કરું છું ત્યાં તો એ બોલ્યા, 'લે! સૂઈ શેનો જાય છે, આ ખાવા લાગ!' 'પણ રાત્રે બે વાગે?' મેં કહ્યું. તો કહે 'છ: છ: ભૂસાને કંઈ ટાઈમનો બાધ લાગતો જ નથી!' આ પ્રસંગે એમની ઉંમર લગભગ ૭૦ની આસપાસ હશે.

સુરતી ભૂસાના એટલા શૉખીન, સ્વાભાવિકરીતે જ વાતોની ગૂંથણીમાં તરેહવાર રંગબેરંગી બુટ્ટાઓ ઉઠાવી, સાંભળનારના કાન આંજી નાખે એ કુદરતી છે. 'સાઠીના સાહિત્ય'ના એ લેખક એક



કવિ નાનાલાલ : જે કાળની આ વાત છે તે સમયમાં

સરસ ગઝલકાર પણ હતા. હજી મારી પાસે એક નાનકડું પુસ્તક છે : છાપ્યા સાલ ૧૮૯૦, સંવત ૧૯૪૬. કિંમત ચાર આના, છાપનાર નામે જમશેદ સ્ટીમ પ્રેસ, આવૃત્તિ બીજી, નામ 'બુલબુલ', અર્પણ હરિ હર્ષદ ધ્રુવને, લેખકનું નામ નથી. એમાં બાર ગઝલો છે. એ દેરાસરી સાહેબની કૃતિઓ.

આમ શહેરમાંથી દુધેશ્વર, ને દુધેશ્વરથી શહેરમાં. એવા આંટાફેરામાં આવા ઘણા પરિચયો થયા. પ્રિયંવદાને હમેશનો હિસાબ આપતો. અનસૂયા એની ખડેપગે ચાકરી કરતી; સુમતિ મદદ કરતી; અને હું એનાં માબાપ સાથે ચિંતામાં થોડોઘણો બળ્યોઝળ્યો રહેતો.

'ભ્રમ'ની ૩૦૦-૪૦૦ લીટી લખી નાખી હતી. એલિજી! એલિજી! સાંજ, મધરાત ને પરોઢ, એમ ત્રણ ભાગમાં કાવ્યને વહેંચી, આખરના 'પરોઢ'ના ભાગમાં ચિંતનાત્મક, અમુક ફિલસૂફીનું પ્રતિપાદન કરવાની ભાંજગડમાં પડ્યો રહેતો. પણ વિચિત્ર સંજોગ એવો બન્યો કે પ્રિયંવદાના હાથમાં અનાયાસ એ લખાણ ગયું. એણે વાંચ્યું. અને મારી જાણ બહાર ખાટલે પડ્યાંપડ્યાં એણે એની નકલ ઉતારી લીધી.

'હવે; પછી પાછી પેલી ડાયરી ખોઇ નાખી એમ આ પણ ખોઇ નાખશો. હવે એક નકલ તો હું જ રાખું છું. અને બનશે તો બીજી પણ બનાવીશ.'

'ભ્રમ'ની પછી તો ત્રણ ચાર નકલો કરી. કૃતિ તો અધૂરી જેવી જ હતી, પણ ખોખું તૈયાર હતું, અને જે હતું તે પરથી આભાસ પૂરો આવતો. ઉપેન્દ્ર દેસાઈએ એક નકલ વાંચી તે એ લઈ ગયો. હજી એની પાસે એ સંઘરાએલી છે. બીજી નકલોમાંથી એક મેં બ. ક. ઠાકોરને, બીજી નરસિંહરાવને અને ત્રીજી ખબરદારને આપી, અને ત્રણે મહારથીઓએ પોતપોતાના સુધારાવધારા સૂચવ્યા.

નરસિંહરાવે જોડણીની ખૂબ ભૂલો કાઢી અને લખ્યું, 'ઈટ ગ્રેટન્સ ટુ બી એ ગુડ એલિજી.' બળવંતરાયે થોડીક લીટીઓ એમની શૈલીની બનાવી બતાવી, અને ખબરદારે આખરમાં એક આખું ગીત ઝૂલણામાં ઉમેરી આપ્યું. એ ત્રણેના સુધારાના હસ્તાક્ષરોવાળી નકલો હજી પણ મારી પાસે સચવાઈ છે! નાનાલાલ કે ધ્રુવસાહેબને મેં એ કૃતિ કદી પણ બતાવી નહિ. કેમ, તે હું જાતે જ સમજી શકતો નથી.

'ટિયાં તો વેગરે આવેલો એક બેટ, ને ટિયાં મારો નન્નો દીકરો રેએ. ઇને થોરી પૂંજી આપીને હું એ મોકઈલો, અને ટિયાં આવટાં જટાં વહાણોને બટ્ટીથી ખબર આઈપા કરે; અને જવારે ટન ચાર મહિના થવાના ટવારે ઇ હોડીમાં ઇયાં આવવાનો. અને બીજો મોટો દીકરો ટો ડીટરાનો ડરિયો ખૂંદે જો.'

કોની છે આ ભાષા? ઉપલક વાંચતાં વહોરાજીની લાગશે; પણ ના, એ મલ્લાજીની બોલી છે તથી. જરા ધ્યાનથી વાંચો તો કદાચ સમજાશે. એ છે આલમમશહૂર, સાહસશૂર, ભોળા ભડવીર, ભીમપોરના ખારવાઓની. અને ભીમપોરનો ખારવો એટલે ધરિયાલાલ.

એ—એ—એક વાર, એક વાર, એક વાર,
એ...એક વાર ભીમપોર જાજો રે ઘેરિયા
ધૂમવા દરિયાલાલ, ઘેરિયા ભીમપોરિયા
રે...ઘેરિયા ભીમપોરિયા.

નવરાત્રિમાં કેડે ઘૂઘરા બાંધી, ગળે ગલગોટાના હાર પહેરી, એકાદ જણ 'બિલાડી' બની ઘેરિયા રમવા આવે, ત્યારે જાતજાતનાં ગીતો ગાય. સુરતથી ભીમપોર ચૌદ જ માઈલ દૂર, અને એ રસ્તે શ્રાવણ મહિનામાં અસલ બળદના એક્કા દોડાવવાની શરતો થતી તે જોઇ હતી. શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે—યા શનિવારે ભીમપોરિયા હનુમાનનો મેળો થતો અને સુરતી લાલા સાહેલાણીઓ બળદ દોડાવતા તાં વેર દર્શન કરવા જતા.

સુરતમાં ઘર રંગવા આવતા ત્યારના ખારવાઓને તો હું ઓળખું, અને એમની ભાષા પણ જાણું. મછી ખારવણ અમારે ત્યાં લગનસરામાં કાં કાં કામ કરવા જતી. એની ફો ભીમપોર, અને આની ફો ડુમ્મસ, અને સામેકાર દેખાય એ હજીરાની દીવાદાંડી. ભીમપોરના એક બુઢ્ઢા ખારવાનો જવાન દીકરો તાં નોકરીએ રએલો, અને બીજો ટો ડીટરાનો ડરિયો ખૂંદે.

'ડીટરો' એટલે 'મેડીટરેનિયન'—ભૂમધ્ય સમુદ્ર. અને વર્ષો સુધી,—આજે પણ, પી. ઍન્ડ ઓ.ની સ્ટીમરોમાં ખલાસીઓ મોટે ભાગે ભીમપોર-ડુમ્મસના ખારવા જ રહેતા. 'ડરિયો ખૂંદવો' એ તો એમના હાથની નસમાં. વીલાત જવું એ તો ભીમપોરથી સુરત જવા કરતાં સૂતરું. જિબ્રાલ્ટર અને માલ્ટા તો એની આંખ નીચે. રાતો દરિયો તો આમ કુદાવી જાય. આગળ ઉપર સિંધિયાના અફસરો, હિન્દની આઝાદ આરમાર 'દીલ્હી' વગેરેના કપ્તાનો સાથે મુસાફરીમાં ઘણીવાર વાતો કરતા, તેઓ કહેતા કે સરસમાં સરસ સેલરો ચટગાંવના, મદ્રાસના, અને ભીમપોર-ડુમ્મસના.

'આગગાડી'માં 'ડીટરાનો ડરિયો' વારંવાર ખૂંદી આવેલા મમીરાને કદાચ તમે વાંચ્યો હશે. એ મમીરો, તે ઉપરનાં વાક્યો બોલનારનો જ 'ડીકરો.' એ મમીરાના બાપને હું ડુમ્મસમાં મળેલો. બધુ પહેરણ, પટ્ટાવાળી ટોપી, ગળે રંગીન રૂમાલ, ને હાથમાં બાસ્કેટ એમ દુનિયા ફરતા દરિયાના ડુંગરા એણે કંઈવાર ઓળંગેલા જગન કારા, ઇસબ માલમ, આંબો ટંડેલ અને ઇશર ગોવન, એ ચારજણ જ્યારે ડુમ્મસના બજારને ચોતરે વાતે વળગે ત્યારે વિશાળ દિક્કાલમાં વિસ્તરેલા જગપગથારના ઓટલા ખંડાતા. એ જોઇને મુંબાઇના ભૂલેશ્વરમાં, કે સૂરતના ચૌટાચોકે, કે વડોદરે બાજવાડે, કે અમદાવાદમાં ખાડિયા ગેટ પર ભણેલાગણેલાઓની મંડાતી કુથલીની સરખામણી થઇ જતી.

જગન કારા મમીરાનો બાપ. જમાનાનો ખાધેલ, કંઈક દરિયાનો ખૂંદનારો હતો. ભલભલા ટંડેલો અને માલમો, એની સલાહ પૂછવા આવતા. વહાણની બાંધણી જોઇને એની સાલવારી અને બંદરબારું કહી આપતો. દરિયાના તાગ પારખી લેવા, અને કંઇક આવતી જતી ફતેહમારીની જન્મોત્રી ઉકેલી આપતો.

જગન કારાએ 'બે સો આંટા ગલાસગોના મારેલા', અને તિયાં નજીકમાં હિન્દી ખારવા ખલાસીઓએ વસાવેલા નાનકડા કસ્બાના લોકોની વંશાવળી લલકારી આપતો. એણે આગબોટો ડૂબતી-ડુબાડાતી જોઈ હતી, બળતી ખાંગી થતી નિહાળી હતી, ખડકે અથડાતી ફૂટેલી પાછી કઢાતી પણ માણી હતી. એના મોટા દીકરાએ '૧૪-૧૮-ની પહેલી લડાઈમાં હિન્દના કાંઠાને રંજાડવા આવેલી જર્મન સ્ટીમર એમડનની પૂંઠ પકડવામાં ભાગ લીધો હતો.

એ જગન કારાએ 'ગ્રીનલૅન્ડ'ની સફર કરી હતી, અને 'તિયાના તરતા ડુંગરા એવા તો સફાઈથી છુપા રહીને તરે જો! એક વાર અડફટે ચમડા તો તરિયે જામી જવાના. બરી મોટ્ટી ઇસ્ટીંબર ટિટેનીક તિયા એમ જ ડૂબી ગીએલી' કહેતો તે સાંભળવાની મઝા આવતી.

કેપ ઑવ ગુડ હોપની તો કેટલી પ્રદક્ષિણા કરી હશે. 'તિયાના વાયરાને તે એવો આફરો ચડે અને ફીફરી ખાઇને ફૂંકાય કે ભલભલાં વહાણે તમરી ખાઇ જાય, અને પાણીના મોટા જુવારમાં તો મોજાં એવાં ફાટે કે ઉપરની ડુમકી જોતાં આધણે ધરાઇએ જ ની!' કોઈ એવી ભાષા અને એવા લહેકાથી એ બોલતો કે આપણને પણ ઘડીભર હોડકું લઈ સાગરના ઘોડા કુદાવવાનું મન થઇ જાય!

'રોશિયા ટાપુઓ ને મૉરીશસ, આગીગમ (અનુ૦ પૃ ૩૫૦)


નાનાં આંતરડાં ★

કાયાની કરામત : હપતો ૨૩મો

આપણા પેટની નાની સરખી બખોલમાં ગૂંચળું વળીને બેઠેલી વીસ ફૂટ લાંબી અજબ જેવી નળી જે, પચીને રસરૂપ થએલા ખોરાકને મોજાંના જેવી ગતિ વડે હલાવીહલાવીને લોહીમાં ભેળવી દે છે

લેખક : ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

★



પોલી નળી જેવાં આપણાં આંતરડાં બે પ્રકારનાં હોય છે: નાનું અને મોટું, આ નામ તેની પહોળાઈના આધારે અપાયાં છે. નાનું આંતરડું એક ઇંચ પહોળું હોય છે અને મોટું અઢી ઇંચ. પણ લંબાઈમાં એથી ઊલટું છે: નાનું આંતરડું વીસ ફૂટ લાંબું હોય છે, જ્યારે મોટું પ્રમાણમાં તદ્દન ટૂંકું.

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે ગ્રહણી એ આ નાનાં આંતરડાંની શરૂઆતનો જ ભાગ છે, જ્યાં ખોરાકના પાચનની ક્રિયા શરૂ થાય છે. હોજરીમાં આવેલો ખોરાક પચીને આમરસ બન્યા પછી, આ 'ગ્રહણી'માં આવતાં તેની સાથે ત્યાં સ્વાદુપિંડનો રસ તથા પિત્ત ભળીને તેને સવિશેષ પચાવે છે, અને એમ પચેલો આમરસ પછી નાનાં આંતરડાંમાં આગળ ધપે છે. આ આંતરડાંની દીવાલની ગ્રંથિઓમાંથી પાછો એક નવા પ્રકારનો પાચક રસ પેદા થતો હોય છે. તેનું નામ આંત્ર-રસ. આ આંત્ર-રસ આંતરડાંમાંથી આમ તો કુદરતી રીતે ચોવીસે કલાક સતત થોડોથોડો સ્રવ્યા જ કરતો હોય છે, પણ જ્યારે ખોરાક ત્યાં આવે છે ત્યારે તેમાં વધારો થાય છે.

એ આંત્ર-રસમાં બે જાતનાં આથવણો હોય છે. ઇરેપ્સીન અને ઈન્વર્ટેઝ. એમાંનું ઇરેપ્સીન પેપ્ટોનના પેપ્ટાઇડો તથા એમાઇનો ઍસિડો બનાવે છે અને ઈન્વર્ટેઝ ખાંડનું પાચન કરે છે. સ્ટાર્ચમાંથી બનેલી માલ્ટ-સુગર તથા ખોરાકમાંની લેક્ટોઝ-સુગરમાંથી ગ્લુકોઝ અને ફ્રુક્ટોઝ એવી હળવી ખાંડ અહીં બનાવાય છે.

નાના આંતરડાના ત્રણ વિભાગ પાડ્યા છે: શરૂનો તે ગ્રહણી, વચ્ચેનો મધ્યાન્ત્ર (મધ્ય+આંત્ર), ને છેવટનો તે શેષાન્ત્ર. ગ્રહણી દસ ઇંચ લાંબી છે. બાકીના ૧૯ ફૂટ જેટલા લાંબા આંતરડાના $\frac{2}{5}$ ભાગને મધ્યાન્ત્ર (Jejunum) અને $\frac{3}{5}$ ભાગ શેષાન્ત્ર (Illeum) કહે છે.

વીસ ફૂટ લાંબા આ આંતરડાને માત્ર એક જ ઘનફૂટની પેટની બખોલમાં સરજનહારે બહુ જ ખૂબીથી ગૂંચળાં રૂપે ગોઠવ્યું છે અને જાણે તેના રક્ષણ માટે હોય તેમ તેની બંને બાજુએ તેમજ, ઉપરના ભાગમાં મોટાં આંતરડાંનો બંધ લીધો છે. એ બંને ઉપર પછી એક આંત્ર-આવરણ (Peritoneum) નામનું ચીકણું પડ લપેટેલું છે, જે પીઠમાં આવેલી કરોડ સાથે રેષાઓથી બંધાએલું છે, અને જે આંતરડાના આ વીંટલાને સ્થિરપણે બાંધી રાખે છે.

આંતરડાં માંસપેશીઓના બે થરનાં બનેલાં છે: અંદરનો થર ગોળાકારપુષ્ટ માંસપેશીઓનો હોય છે; બહારનો ઊભી માંસપેશીઓનો. અંદરની બાજુએ, આ લેખ છપાયો છે એ કાગળ જેટલું પાતળું શ્લેષ્મ-કલાનું પડ હોય છે; બહારની બાજુ ઉપર ફેફસાં હૃદય તથા જઠરની જેમ પાતળી ત્વચાનું આંત્ર-આવરણ (Peritoneum) છે.

ગયા હપતામાં આપણે જોઈ ગયા કે ખોરાકના પાચનમાં મહત્ત્વનો અને મુખ્ય ભાગ તો નાના આંતરડાની શરૂઆતના ભાગ 'ગ્રહણી'માં કલેજા તથા સ્વાદુપિંડના રસો ભજવે છે. હોજરી તો ફક્ત યાંત્રિક રીતે પાચનક્રિયામાં મદદ કરનારું અંગ જ છે. તે ખોરાકને વલોવીને માત્ર એક-રસ અને પાચન થવા યોગ્ય બનાવે છે. પણ ખોરાકનું પૂર્ણ પાચન તો ગ્રહણીમાં જ થાય છે. ગ્રહણીમાંનું એ પાચન નાના આંતરડામાં પ્રગતિમાન બને છે.

આ પાચન થવું એટલે શું? એમાં બે ભાગ છે: એક, ખૂબ ચવાએલા ખોરાક ઉપર હોજરીની થતી વલોણા-ક્રિયા; અને બીજો, એ વલોણા-ક્રિયાથી છૂટાં પડતાં ખોરાકની અંદરનાં તત્ત્વો ઉપર પછી જઠર, પિત્તાશય, સ્વાદુપિંડ અને આંતરડામાંથી ઝરતા રસોની થતી રાસાયનિક ક્રિયાઓ. આ જઠર-રસ, પિત્ત, સ્વાદુપિંડ-રસ અને આંત્ર-રસ ખોરાકના પદાર્થોને ઓગાળી નાખી તેનું એક એવું હળવું રૂપ તૈયાર કરે છે કે જે પછી તરત નાના આંતરડામાં શોષાઇને લોહીમાં દાખલ થઈ જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, ખોરાકમાંના પ્રોટીન, સ્ટાર્ચ અને ચરબી વગેરે ઘટકો આ પાચનક્રિયા વડે વલોવાઇને, છણાઇને તથા રસાયનો ભળીને, પ્રવાહી ઍસિડો, ખાંડ અને ગ્લિસરીનના રૂપમાં ફેરવાઈ જાય છે; અને આવું થાય ત્યારે જ તે આંતરડામાં શોષાવા લાયક તથા લોહીમાં જવા લાયક બને છે. એમાં પાચન થયા વગરના ખોરાકના બાકી રહેલા પદાર્થો તથા કૂચા મળ રૂપે શરીરની બહાર ફેંકાઈ જાય છે.

પણ આવી રીતે પચેલા આ ખોરાકનું નાના આંતરડામાં પૂરેપૂરું શોષણ થવાને જે સમય જોઇએ તે માટે નાના આંતરડાની વીસ ફૂટની લંબાઈ પણ પૂરતી નથી. આથી આંતરડાની સપાટી વધારવા માટે સરજનહારે કરેલી કરામત તો જુઓ! ઓણે એમાં જે શ્લેષ્મ-કલાઓ ગોઠવી છે તે ઝાલરવાળી, ગોળાકાર અને કરચલી-બંધ ગોઠવી



કોઇ પોલા નળના ટુકડા સોંસરી નજર કરતાં દેખાતો હોય તે રીતનો, નાના આંતરડાના એક ટુકડાનો, મોટો કરી બતાવેલો અંદરનો કરચલીઓવાળો ભાગ, ઉપર મથાળામાં મોટા ચિત્રમાં બતાવ્યો છે. એ કરચલીઓ (જેને શ્લેષ્મકલા કહે છે તેને) ઉપર મખમલની રૂંવાટી જેવા ઝીણાઝીણા અંકુરો ફૂટેલા હોય છે. નીચેના ચિત્રમાં, એવા અંકુરો સાથેના શ્લેષ્મકલાના એક ટુકડાને અતિશય મોટો કરીને બતાવ્યો છે, જેની નીચે લસી અને લોહીને ખેંચી જનારી દૂધવાહિનીઓ અને રક્તવાહિનીઓ બતાવી છે.

છે! દેખાવમાં જાણે કે ખેતરમાં પાડેલા ચાસ જોઇ લો! એ કરચલીઓના ખાડામાં આમરસને થોડી જગામાં મોટું ક્ષેત્ર મળી રહે છે. વળી તેનાથી બીજો પણ એક અર્થ સરે છે. કરચલીઓની કિનારો ખોરાકના માર્ગમાં વચ્ચે આવીને 'અડચણ'ની ગરજ સારે છે, જેથી આમરસ અણઘટતી ઉતાવળથી પસાર થઈ જતો નથી.


એ શ્લેષ્મકલા ઉપર પાછા સૂક્ષ્મ અંકુરો ફૂટેલા હોય છે: $\frac{1}{48}$થી $\frac{1}{8}$ ઈંચ જેટલા લાંબા. જાણે કે મખમલની રૂંવાટી જ જોઈ લો! આની સંખ્યા આસરે ચાલીસ લાખની હશે! આને શોષણઅંકુરો (villi) કહેવામાં આવે છે. એ શોષણઅંકુરોમાં પાછી લોહીની કેશવાહિનીઓ અને લસી-વાહિનીઓ આવેલી હોય છે. એ બંને દ્વારા જ રસ રૂપ બનેલા ખોરાકનું શરીરમાં શોષણ થાય છે.

એ શોષણ પણ અજબરીતે થાય છે. એમાંના એમાઇનો ઍસિડો, ખાંડ, ક્ષારો અને પ્રવાહી વગેરે (પ્રવાહી એટલે આપણે જે પાણી, ચા, દારૂ વગેરે લઇએ તે) કેશવાહિનીઓમાં શોષાય છે અને ત્યાંથી લોહીમાં દાખલ થાય છે તથા ચરબી-અમ્લો અને ગ્લિસરીન લસી-વાહિનીઓમાં શોષાય છે. ચરબી દૂધ જેવા સફેદ પ્રવાહી રૂપમાં હોય છે. તેથી ખાધા બાદ પ્રાણીના આંતરડાનું દૃશ્ય જોઇએ તો લસી-વાહિનીઓ જાણે કે દૂધની નદીઓ. આથી આંતરડાની લસી-વાહિનીઓને દૂધવાહિનીઓ (Lacteals) કહે છે. નાની દૂધ-વાહિનીઓ એકત્ર થઈ મોટી લસીવાહિનીઓમાં મળે છે. અને એ બધી જોડાઇ એક મોટી લસીવાહિની બને છે. એનું નામ થૉરૅસિક ડક્ટ. ચરબીથી ભરાએલી થૉરૅસિક ડક્ટ દૂધસાગર જેવી લાગે છે.


આપણું શરીર પોષકતત્ત્વોથી જ નભે છે ને વૃદ્ધિ પામે છે. એમાં એમાઇનો, ઍસિડો, ક્ષારો ને પાણી, એ શરીરની 'ઈંટો' સમાન છે. તેનાથી શરીરની વૃદ્ધિ ને તૂટેલા કોષોની મરામત થાય છે. ખાંડ, ચરબી, અમ્લો અને ગ્લિસરીનથી શક્તિ મળે છે. ખનિજ ક્ષારો અને વિટામિનોથી જીવનક્રિયાઓનું નિયંત્રણ અને રક્ષણ થાય છે.

આ બધાં તત્ત્વોની શોષણક્રિયા નાના આંતરડામાં થાય છે. પણ આપણે જો દારૂ પીએ તો તેનું શોષણ હોજરીમાં થાય છે. આથી તે પીવાય કે થોડા વખતમાં જ તેની અસરો વરતાય છે. બાકી પાણી, કેટલાક ક્ષારો અને ગ્લુકોઝ મોટા ભાગે મોટા આંતરડામાં શોષાય છે. આથી, કોઈ દરદી સતત ઉલટીથી પીડાતો હોય તો પોષણ આપવા માટે આ જ હકીકતને આધારે, તેને ગુદા વાટે ગ્લુકોઝ અને મીઠાનું મિશ્રણ એનીમા વડે આપવામાં આવે છે.

ખોરાકના આંતરડામાં થતા અભિશોષણની આ ક્રિયા પણ સમજવા જેવી છે. દાખલા તરીકે આપણે એક પોટલીમાં ખાંડ અથવા ખાંડનું ઘટ્ટ દ્રાવણ–ચાસણી–ભરીને પાણીમાં બોળીએ તો ખાંડ



ડાબી બાજુ: આંતરડાની શ્લેષ્મકલાની એક કરચલીને ઊભા છેદમાં કાપીને બતાવેલું બીજું દૃશ્ય (ખૂબ મોટા રૂપમાં); જેમાં સર્પાકારે દેખાય છે તે શોષણ અંકુરો છે. એવા એક શોષણ અંકુરને પાછો અત્યંત મોટા રૂપમાં કરીને જમણી બાજુના ચિત્રમાં બતાવ્યો છે. તેમાં ડાબી બાજુની આકૃતિમાં તેની સાથેની રક્તવાહિનીઓ દર્શાવી છે, ને જમણી બાજુના ચિત્રમાં, તેમાંની દૂધવાહિનીઓ છૂટી પાડીને બતાવી છે. દૂધવાહિનીઓ, પાચન થએલાં ચરબી તત્ત્વોને શોષે છે, અને રક્તવાહિનીઓ બીજાં પ્રોટીન વગેરે તત્ત્વોને.




અથવા ચાસણી તો પાણીમાં થોડીક જ જશે, પરંતુ વધારે પ્રમાણમાં તો પાણી ખાંડની પોટલીમાં પેસી જશે. એમાંની પહેલી ક્રિયા તે રસાકર્ષણ (osmosis)ની, ને બીજી તે પ્રસરણ(diffusion)-ની. આવી જ રીતે રસાકર્ષણના ભૌતિક બળથી આંતરડાંમાંનો ઘટ્ટ આમરસ, પોટલીમાંની ચાસણીની માફક, શોષણઅંકુરોની દીવાલની આરપાર કેશવાહિનીઓમાં ભળી જાય છે. ચરબીની બાબતમાં શોષણ-અંકુરો તેને પકડીને દુગ્ધવાહિનીઓમાં ઠાલવે છે.

આંતરડામાં આવેલો આમરસ આકુંચન-લહરીની ક્રિયાથી આગળ ધકેલાય છે. આ ક્રિયા કીડાની ગતિ જેવી હોવાથી તેને કીટગતિ પણ કહેવાય છે. આ ગતિ ખૂબ ધીમી અને આંતરડાના થોડા ભાગ પૂરતી હોય છે. તેમાં ખોરાક એક મિનિટે એક ઇંચ જેટલો આગળ ધપે છે. વળી અહીં બીજી પણ એક ગતિ હોય છે: મોજાંના જેવી. અંદરની ગોળાકાર માંસપેશીનો થોડો ભાગ થોડા થોડા અંતરે ત્વરિત ગતિએ સંકોચાયા કરે છે, સાથે વચ્ચેના ભાગો પહોળા થાય છે અને સંકોચાય છે. આમ થવાથી શોષણઅંકુરો ઊંચાનીચા થાય છે અને આજુબાજુ હાલે છે; ઉપરાંત ખોરાક અને આંતરડાની દીવાલો પણ એકબીજા ઉપર દબાય છે. આથી શોષણક્રિયા સરળ અને ઝડપી બને છે. આંતરડાના થોડા ભાગમાં મોજાં જેવું સંકોચન થાય છે અને પછી આકુંચન-લહરી ઉત્પન્ન થાય છે.

આપણો ખોરાક કે પીણાં અસ્વચ્છ હોય તો તેની સાથે રોગજનક જીવાણુઓ પણ પેટમાં જાય છે. આમાંના ટાઈફૉઈડના જીવાણુઓ નાના આંતરડામાં આવે છે કે તરત શોષણ-અંકુરોમાંની લસીવાહિનીઓમાંનાં ધોળા કણો ધસી આવી તેમને ખાઈ જાય છે. પણ જીવાણુઓનું જોર જો વધારે હોય કે ધોળાં કણોનું કાર્ય મંદ હોય તો રોગ-જીવાણુઓ શોષાન્ત્રના છેવટના ભાગમાં જામી પડે છે. એ જો વધારે જામે તો ત્યાં ચાંદાં પડે છે અને ટાઇફૉઈડનો તાવ શરૂ થાય છે.

આમરસ નાના આંતરડાના છેડાના ભાગમાં આવતાં **પ્રવાહી**, પીળા રંગનો અને મળ જેવી દુર્ગંધવાળો બની જાય છે. તેની આ ગંધ તેમાંના ઈન્ડોલ, સ્કેટોલ અને બીજા પદાર્થોને લીધે હોય છે.

(ચાલુ)



કિસમકિસમના કોસ-પથ્થર

શૉખના યે કાંઈ આછા પ્રકાર છે? ટિકિટો ને સિક્કા સંઘરવાનો શૉખ તો જાણીતો છે. પંખીનાં પીછાં ને ભાતભાતનાં ઇંડાં, દીવાસળીનાં લેબલો ને અવનવી પેન્સિલો, ગંજીપાનાં પાનાં ને કિસમકિસમનાં બટનો, પ્રકારપ્રકારના પત્થરો ને વિવિધ વનસ્પતિ,—એમ અનેક ચીજો સંઘરવાના શૉખ આજે પ્રચલિત છે. કોઈ પ્રાચીન ને કલાત્મક વસ્તુઓ સંઘરે છે, તો કોઇ ચિત્રવિચિત્ર ને અજબ-અભિનવ ચીજો. થોડા દિવસ પર એક માણસે વિવિધ ફાનસો જ એકઠાં કર્યાંનું જણાયું હતું, જેનો મોટો સંગ્રહ એની પાસે હતો. એમાં, મળી શક્યાં એટલાં ફાનસો ઉપરાંત જગતમાં જે કોઈ ઘાટ-જાત-ભાતનાં ફાનસો વિષે તે સાંભળે કે જુએ તેના ફોટોગ્રાફ અને સ્કેચો પણ તેણે એકઠા કરેલા. હમણાં ઇંગ્લંડના એક પત્રમાં એક માણસે પોતાની પાસેના વિવિધ પ્રકારના કોસ-પત્થરો (માઈલ તથા અંતર દર્શાવતા પત્થરો)ના ફોટોગ્રાફો આપેલા. તેમાં જે પ્રાચીન-અર્વાચીન તથા કિસમકિસમના ઘાટનાં સીમાચિહ્નો તેને મળી આવ્યાં તે પૈકી થોડાનાં આલેખન આ ઉપર આપ્યાં છે.

આ એરોપ્લેનના જમાનામાં હવે કોસ-પત્થરોનું ખાસ મહત્ત્વ ન હોય, છતાં પણ ગ્રામપ્રદેશમાં વૅકેશનો ગાળવા નીકળનારા સાઈક્લિસ્ટો, ભમતારામ યુવાનો વગેરેને આવી વસ્તુઓના ઘાટ ને આકારો ઉપરાંત તે પરના અક્ષરોની લિપિ તથા તેના ઉપર ચીતરેલાં પ્રતીકો વગેરે પરથી ઘણું નવું ને રસમય જાણવા મળે.

ઉપરનાં ચિત્રમાં પહેલો પત્થર ઇંગ્લંડની જૂની ઢબનો નમૂનો છે, તેની બેસણીના પત્થરો ઘસાઇ ગયા છતાં તેના પરના અક્ષરો હજી ઉકલે છે. બીજો પત્થર ઐતિહાસિક છે. ઈ. ૧૭૨૭માં કેમ્બ્રિજના ટ્રિનિટી હૉલના બે સભ્યોએ પોતાના હૉલના પ્રતીક—કાળી બીજ-રેખાવાળી શીલ્ડ (ઢાલ)ની આકૃતિઓ ધરાવતા ૧૬ કોસપત્થરો ઊભા કરેલા, અને તેની મરામત વગેરે માટે ૧૬૦૦ પૌંડની રકમ પણ મૂકતા ગએલા! આ જ ૨૦૦ વર્ષ હજી તેમાંના થોડા બચ્યા છે. ઉપર આપેલો પત્થર કેમ્બ્રિજથી એક માઇલ દૂર છે. એ મૂળ તો ૧૪ ફૂટ ઊંચો હતો પણ હાલ મોટા ભાગનો જમીનમાં દટાએલો છે. ત્રીજું ચિત્ર ઇંગ્લંડના પ્રાચીનમાં પ્રાચીન કોસપત્થરનું છે. તે છેક રોમનોના કાળનો છે અને લંડનની કૅનન સ્ટ્રીટમાં આવેલા સેન્ટ સ્વિથિનના દેવળની દીવાલમાં સાચવીને જડી રાખેલો છે. એ 'લંડન સ્ટોન' યા 'સૅક્સન લૅાન્ડિનિયમ'ના નામથી ઓળખાય છે. એમ મનાય છે કે એને કેન્દ્ર ગણીને બધાં અંતરો ત્યાંથી મપાતાં. ચોથું ચિત્ર છે તો એક પુરાણા પત્થરનું, પણ તેને આજના ઉપયોગમાં લઇને તે પર આધુનિક જુદાંજુદાં અંતરો નોંધેલાં છે. છેલ્લા ચિત્રમાંનો કોસ-પત્થર કદાચ ઊંચામાં ઊંચો છે, ને એક માઈલ છેટેથી દેખાય છે. બકિંગહામ સાયરમાં ચાલ્ફન્ટ મુકામે આવેલો એવડો મોટો એ અણિયાળો મિનારો ઈ. ૧૭૮૫માં એક પાદરીએ એટલા માટે ઊભો કરેલો કે એક રાત્રે તે ભૂલો પડેલો!

આપણાં ગામ-ગામડાંમાં પણ આવાં અનેક સીમાચિહ્નો-સ્મૃતિચિહ્નો પડેલાં હશે. કોઈ તેનાં ચિત્રો તથા ઇતિહાસ મોકલશે?

કાગળ-કટાઇના કાબેલ કલાકાર

રામપ્રસાદ ભૈયાજી

લેખક
રવિશંકર રાવળ




કપોત-યુગ્મ : કલાકાર રામપ્રસાદજીએ પોતાની કાગળ-કટાઇમાં કથા અને ઇતિહાસનાં પાત્રોની જેમ પ્રકૃતિ ને જીવનમાંથી પણ પ્રસંગો ઉપાડ્યા છે તેના સુંદર દૃષ્ટાંત રૂપ ઉપલી કૃતિમાં અદ્‌ભુત બારીક સુશોભનની વચ્ચે, પક્ષીયુગલની સાથોસાથ એક સૂત્રવાક્ય પણ ગૂંથ્યું છે. સુરેખતા, સુવાચ્યતા, સુરૂપતા ને સુસંયોજનની ગુણવત્તા ધરાવતી આ રચનામાં કોતરણીનો પ્રકાર પણ નવીનતા બતાવે છે.

નખ કાપવાની નરેણી જેવા એક મામૂલી સાધન વડે, સફેદ કાગળમાં જાળીઓ કોરેલી નાનાવિધ આકૃતિઓમાં, ચિત્રો અને સુશોભનોની કોતરણીની બારીકાઇનો જાણે ચમત્કાર કરી બતાવનારા પાટણના જે અભિનવ કારીગરની થોડી કૃતિઓ આ પાનાંઓ પર આપી છે તે ભૈયા રામપ્રસાદજીનું જીવન પણ અજબરંગી છે.

શ્રીકૃષ્ણની બાળલીલાની ભૂમિ વ્રજમાં ગોકુલ તેમનું મૂળ વતન. કુટુંબનો મૂળ વ્યવસાય ખેતીનો, છતાં તેમના વડીલો અસલ સંસ્કારી રાજપુતો હતા. તેમના પિતા ઝવેરાતનું કામ કરતા ને કાકા સોનીકામ તથા જડતરમાં નિષ્ણાત હતા. એમનું પૂરું નામ રામપ્રસાદ પન્નાલાલ.

નાનપણથી જ રામપ્રસાદજીને રમતગમત, કુસ્તી તથા તરવાનો ખૂબ શોખ હતો. એટલી જ ભણવામાં બેપરવાઇ હતી. અભ્યાસ માંડ પાંચ-છ ચોપડી સુધી જ કરેલો, પણ તરવામાં એવા પારંગત કે ગોકુલથી મથુરાસુધીની તરવાની હરીફાઈમાં ૧૧ વરસની વયે પણ પહેલા આવેલા! આ રમતગમત અને વ્યાયામની સિદ્ધિઓથી તે મિત્રો ને બીજા આમજનોમાં પ્રિય થઈ પડેલા. પરંતુ વડીલોને આ રૂચતું નહિ.

અગિયાર બાર વર્ષની વયનાએ જ કાળમાં અકસ્માત એક વૃદ્ધ



મેવાડના મહારાણા પ્રતાપ: મુઘલ શાહનશાહ અકબરની સામે પોતાના સ્વાતંત્ર્ય માટે જીવનભર યુદ્ધરત અને અણનમ રહેનાર ભારતવીર રાણા પ્રતાપનું ગૌરવ કરતા આ ચિત્રમાં, કલાકારના શસ્ત્રની ધારમાંથી, વીરકાવ્યની પેઠે અલંકારો અને આકૃતિઓ રૂપ ધરતાં નીકળે છે. કમળપુષ્પો અને સ્વસ્તિકની રચનાથી આચ્છાદિત આકાશ વચ્ચે, બખ્તર, ટોપ અને શસ્ત્રોથી સજ્જ અશ્વારોહી રાણા પ્રતાપનો ઉગ્ર ચહેરો માત્ર કટાઇની ખૂબી જ નહિ પણ કલાકારનો ભાવોદ્રેક પણ દર્શાવે છે. કટાઈનું શસ્ત્ર આમાં અદ્ભુત પરીક્ષા આપી શક્યું છે.



સાધુ ત્યાં આવી ચડ્યા. તે કોઈના આલંબન વિના જીવન જીવવાનો યોગ સાધી શક્યા હતા. કોઇ ભોજન કરાવે તો ઠીક, નહિતર વૃક્ષ પરથી ખરેલાં પાન ખાઇ નિર્વાહ કરી લેતા. રામપ્રસાદજી તથા તેમના ચારપાંચ મિત્રોને એ સાધુનું આકર્ષણ થયું અને તેમની આસપાસ બેઠક જમાવવા લાગ્યા. એક વાર સાધુએ તેમને સ્લેટ-પેન લઇ આવવા કહ્યું. તેમણે પેન વડે સ્લેટ પર વચ્ચે ગોળ મીંડું રાખી, ચારે તરફ છ પાંખડી લગાવી ફૂલ કરતાં શીખવ્યું અને તે પાકું ન આવડે ત્યાં સુધી અનેકવાર તે કરવા કહ્યું. પરંતુ પાંચ મિત્રોમાંથી ફક્ત બે જ જણાએ તે પાઠ પૂરો કરી બતાવ્યો. પછી તેમણે 'ડ' આકારની પાંદડી કરવાનું શીખવ્યું. આટલું બતાવી તે જવા નીકળ્યા ત્યારે રામપ્રસાદજીએ પગમાં પડી વધુ શીખવવા વિનતિ કરી, પરંતુ તેમણે કહ્યું કે 'મેં બતાવ્યું છે તે જ રીતે હવે આપમેળે હાથની આગળ સાધના કરો અને જે જુઓ તેની નકલ ઉતારતાં શીખો. મારા આશીર્વાદ છે કે તમને જે હાથમાં લેશો તે આવડશે.' આ ગુરુ-મંત્ર ઉપર રામપ્રસાદજીએ ઉપાસના ચાલુ રાખી. એ ગુરુનું નામ પણ તે તો જાણતા નથી, પણ એકલવ્યની માફક તેમને જ ગુરુ ગણે છે, અને માને છે કે પોતાને તેમના ખરેખરા આશીર્વાદ મળી ચૂક્યા હતા. એ શ્રદ્ધા અને સાધનાના બળે એમનો હાથ આજ આટલી અજબ કલા સાધી શક્યો છે.

સત્તરેક વર્ષની ઉંમરે એમના પિતા તથા વડીલોએ એમનું લગ્ન કરવાનો નિરધાર કર્યો. રામપ્રસાદજીએ હઠ લીધી કે હુન્નર હાથ કર્યા વિના પરણવું નહિ. ઘરનાં બધાં સાથેની આ રકઝક વખતે તેમની આવી જિદથી ચિડાઇને અચાનક તેમના ફુઆએ તેમને થપ્પડ મારી; એટલે કસરતી શરીરવાળા રામપ્રસાદજીએ તેમનો હાથ પકડી લઇ કહી દીધું કે 'બસ; હવે વધુ હાથ ઉપાડશો તો સામી થપ્પડ ખાશો! અને હવે તમે મારું લગ્ન કરાવી રહ્યા. હું પ્રતિજ્ઞા કરું છું કે જીવનભર હું લગ્ન જ નહિ કરું.' આમ કહી, ગામનું પાણી હરામ કરી તે ચાલી નીકળ્યા.

હાથમાં કારીગરી હતી, આંખમાં પિતા અને કાકાનો સોની તથા જડતરકામનો અંકુર હતો, અને લોહીમાં રાજપુતની ખુમારીભરી ટેક હતી, એટલે, ગામ છોડી નીકળેલા એ પ્રતિજ્ઞાબદ્ધ કિશોરે હાથરસ, અલવર, જયપુર વગેરે ગામોમાં ફરીફરીને પરિશ્રમ, તપસ્યા અને પુરુષાર્થના બળે વૈષ્ણવ તથા જૈન મંદિરોમાં કામ કરીકરીને અલંકારો અને મુકુટોમાં રત્નો તથા મોતી વગેરેના જડતરકામમાં પ્રાવીણ્ય મેળવ્યું, અને વીસ વર્ષની વયે કામની શોધમાં ફરતા ફરતા કલોલ આવ્યા. ત્યાં ત્રણેક વર્ષ ગાળી તે અમદાવાદ આવ્યા ને એકાદ વર્ષ અમદાવાદમાં ગાળ્યું. પણ શહેરી જીવન રૂચ્યું નહિ એટલે બિકાનેર જવાનો વિચાર કર્યો. એવામાં એક સન્મિત્રે તેમને પાટણમાં ગોઠવણ કરી આપી. એ તેમને ફાવતું સ્થાન લાગ્યું એટલે ત્યાં સ્થિર થયા અને આજ પચ્ચીસેક વર્ષથી ત્યાં જ જૈનોનાં મંદિરો માટે મુકુટો, અલંકારો વગેરે બનાવી પોતાનો યોગક્ષેમ ચલાવે છે. જડતરકામના તે સિદ્ધ કારીગર છે, એટલું જ નહિ, પણ જે કાંઈ કામ હાથમાં લે છે તેને તે પાર પાડ્યે જ જંપે છે. મોતી છોલવાનો હુન્નર તેમણે આ રીતે પોતાની મેળે જ હ.

અને એવું જ આ કાગળ-કટાઇમાં બનેલું. એક ફક્કુંખલ યુવાન 'કારે તેમને જરા મેણું માર્યું. એટલે તેને આહ્વાન આપવા કાગળ લ બેસી ગયા અને પહેલું જ ચિત્ર સુંદર નમૂનો બની રહ્યું. પછી તો એક પછી એક નવાનવા વિષયો પર હાથ અજમાવતા કાગળ-કટાઈમાં એવી અવનવી શોભનકારીગરી અને ચમત્કારિક બારીકાઈ ઉતાર્યા, કે જેથી તેમની એ કારીગરી એક અદ્દ્ભુત પ્રકાર બની રહ્યો. આ કામ આપણી કલ્પનામાં પણ ન આવે તેટલું કપરું ને મુશ્કેલ છે. આંખની તીવ્રતાની સાથે મનની સચોટ એકાગ્રતા અને હાથની અટલ સ્થિરતા એમાં સિદ્ધ થએલાં જોઈએ. ક્રિયા અને સાધનમાં જુઓ તો વાત નજીવી લાગે: સફેદ કાગળ પર પેન્સિલનું રેખાંકન કરી, તેના પર ધારદાર સાદી નરેણી ચલાવતા જવાની, અને કોતરાએલા કાગળનો નકામો ભાગ ઝીણા ચીપિયા વડે ઉઠાવી લેવાનો. પણ હાથની નસેનસ અને તંતુએ તંતુ ઉપર એટલો અજબ કાબૂ જોઇએ કે જરાકે નરેણી રેખા બહાર જઈને ખોટો કાપ ન મૂકે; નહિતર એક ઇંચના ચોસઠમા ભાગ જેટલા એ ખોટા કાપથી પણ આખી કૃતિ રદ થઈ જાય! પોતાનું આ ઓજાર પણ એ જાતે જ ઘડી લે છે, અને તેને ધાર કાઢવાના પથ્થરનો મસાલો પણ જાતે જ બનાવ્યો છે.

રામપ્રસાદ બળના ચુસ્ત ઉપાસક છે. વિશુદ્ધ બ્રહ્મચર્ય અને વ્યાયામથી તેમણે શરીરને વજ્ર જેવું કર્યું છે. પાટણમાં 'ડૉ. પંડ્યા અભ્યાસગૃહ'ની જાણીતી સંસ્થા સાથે રહી એમણે ઘણા અખાડા સ્થાપ્યા છે, ઘણા વિદ્યાર્થીઓને તાલીમ આપી છે. અને બળની તેમની આ ઉપાસના ખાલી પ્રદર્શનની નથી. કોઈની લાડ કે સંકટને વખતે વીર હનુમાનની જેમ તેઓ નિઃસ્વાર્થપણે વહારે ચઢી જાય છે. દુષ્ટ ધંધાદારીઓ પાટણમાંથી સ્ત્રીઓનાં હરણ કરી ગએલા એવા અનેક પ્રસંગોએ તેઓ તેમની પાછળ દૂર ગામડાંઓમાં અને વિકટ જગ્યાઓ પર જઇને તેમની પાસેથી એ અસહાય નારીઓને છોડાવી લાવેલા.

શરીરના બળ અને કારીગરીનાં કૌશલની સાથે તેમનામાં હૃદયની ઉચ્ચ ભાવના અને બુદ્ધિમત્તા પણ છે. ઉત્તમ ગ્રંથો અને સાહિત્યનો તેઓ પરિચય રાખે છે અને સુંદર રીતે વ્યાખ્યાન પણ કરી શકે છે. એ સાથે, ઘણી સાદાઇથી તેમજ નિર્લોભી અને સંતુષ્ટ પ્રકૃતિથી, કોઇ જાતના પરિગ્રહ વિનાનું આનંદમય જીવન ગુજારે છે.

ગણિતનો ચમત્કાર

મૂળજી જેકુ જોષી

ગમે તે ત્રણઅંકી સંખ્યા લખો. (દા. ત. ૧૨૭) તેમાં ૭ ઉમેરો. (૧૨૭+૭=૧૩૪) હવે એ બંનેને પડખેપડખે મૂકતાં જે રકમ આવશે તેને ૭ વડે નિઃશેષ ભાગી શકશો. ૧૨૭૧૩૪÷૭ તો શેષ નહિ વધે.

પણ જો ૭ ઉમેરતાં બીજી સંખ્યા ત્રણને બદલે ૪ અંકની થઈ જાય તો તેને પડખેપડખે ન ગોઠવતાં નીચે મુજબ ગોઠવવી. દા. ત.

૯૯૭; ૯૯૭+૭=૧૦૦૪. તો ૯૯૭
૧૦૦૪
૯૯૮૦૦૪ તેને ૭થી નિઃશેષ ભગાશે.

આ ૭ની જ રીતે ૧૧ અને ૧૩ નું પણ થશે. ગમે તે ત્રિઅંકી સંખ્યા લઇને તેમાં ૧૧ કે ૧૩ ઉમેરી, જે આવે તે રકમને મૂળ રકમને પડખે મૂકવાથી, ૧૧ કે ૧૩ જે ઉમેર્યા હશે તે વડે ભાગવાથી શેષ નહિ વધે.


૧૧નો દાખલો: ૫૭૬; ૫૭૬+૧૧=૬૮૭; ૫૭૬૬૮૭÷૧૧ તો નિઃશેષ

૧૩નો દાખલો: ૧૨૫; ૧૨૫+૧૩=૧૩૮; ૧૨૫૧૩૮÷૧૩ તો નિઃશેષ

પણ જો ૧૧ કે ૧૩ ઉમેરતાં બીજી સંખ્યા ચાર અંકની બની જાય તો ઉપર ૭ની બાબતમાં જણાવેલી રીતે ગોઠવીને સરવાળો કરવો.



ગીતાબોધક શ્રીકૃષ્ણ : કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ ઉપર અર્જુનનો વિષાદ ટાળીને 'વિનાશાય ચ દુષ્કૃતામ્' (દુષ્ટ કાર્યો કરનારાનો નાશ કરવા)નો બોધ આપનાર કૃષ્ણનું આ ચિત્ર કલાકારની જીવનભાવનાનો પ્રતિઘોષ લાગે છે, એમ એમની આ સાથેની જીવન-રેખાથી પ્રતીત થશે. ખુલ્લા ખડ્ગ સાથે દુષ્ટ જનોને પડકારતા ઊભેલા વીર યોદ્ધા જેવા શસ્ત્રસજ્જ કૃષ્ણની પાછળના ધર્મધ્વજ ઉપર તેમના આભામંડળમાં અંકિત થએલા ॐ અક્ષરથી તેમનું પ્રભુત્વ નિર્દેશ્યું છે. પ્રતિમાના મુકુટ પર, બખ્તર પર, અલંકારો પર, તલવારના મ્યાન પર, પાદત્રાણ પર, તેમજ અક્ષરોમાં, સર્વત્ર કટાઇની બારીકી કલાકારની શક્તિનો પરિચય આપે છે. સાદી પણ આકર્ષક ફૂલ-બિછાત ઉપર ચિત્ર ઉચિત ઉઠાવ પામી રહ્યું છે. પ્રતિમા આશ્વાસન, નિર્ભયતા અને પ્રતિકારનું પ્રતીક બની રહી છે.



મહાત્મા ગાંધીજી : સિદ્ધાંતના શહીદ બનેલા ભારતના આ ઉદ્ધારક રાષ્ટ્રપિતા આજની દુનિયામાં સત્ય અને અહિંસાના પયગમ્બર હતા છે. રેંટિયાના તારમાંથી રાજનીતિ ઉપજાવી તેને એક રાષ્ટ્રધ્વજ ઉપર સ્થાન અપાવનાર એ ગરીબનો બેલી આ આકૃતિમાં તો એવા જ સાદા માનવી રૂપે આલેખેલો છે; પણ તેને માટેની પોતાના ભાવોની ખરી ગંગા તો કલાકારે તેની ચોમેર પરિવર્તિત શોભામાં ઉતારી છે. પ્રયત્ન વિના નરી આંખે તો પિછાની પણ ન શકાય એવાં જે પંખીઓ અને ફૂલપત્તી એમાં કોતર્યાં છે તે 'અદ્ભુત'નો ઉદ્ગાર કઢાવે છે. આ કામમાં તેમને મહિનાઓ સુધી સ્થિર શ્વાસે પોતાનું ઓજાર ચલાવવું પડ્યું હતું, અને તેનાં સુફળ રૂપે આ અપૂર્વ રચનાવાળી ફ્રેમ નિર્માણ થઈ છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૩૪ મો : આસો ૧૯૮૨

ભવિષ્યમાં ભારતનો મહાન ચિત્રકાર થાત એવી શક્તિવાળો 'કલાના ચિંતામણિ સમો' જે અદ્‌ભુતરસસૌંદર્યનું ઝરણું બની રહ્યો હતો તે, આંધ્રદેશનો યુવાન કલાકાર રામરાવ ૨૮ જ વર્ષની વયે કાળનો ભોગ થયો. શ્રી રવિશંકર રાવળે કરાવેલો એનો જે પરિચય અનેક રંગીન-સાદાં ચિત્રો સાથે આ અંકમાં આપેલો તેમાંનો એક પ્રોત્સાહક ગુરુનો તથા તેની થોડી સાધનાનો પરિચય તારવીએ :

'ચૌદ વર્ષની ઉમરે એ હાઇસ્કૂલમાં ગયો ત્યારે ત્યાંના પ્રિન્સિપલ મિ. ઓ. જે. કૂલ્ડ્રેના સંબંધમાં આવ્યો. મિ. કૂલ્ડ્રે કલાના એક પરમ ઉપાસક હતા. પરણ્યા નહોતા. જેટલો પગાર આવે એટલો કલા અને અભ્યાસનાં સાધનો પાછળ ખર્ચી નાખતા અને બાંકા કલારસિકનું જીવન ગુજારતા. તેમણે પોતાના બંગલાના બગીચામાં ગોદાવરીની નહેર ખોદાવી છેક બંગલા સુધી આણી હતી અને તેમાં એક હોડી કાયમ રાખતા. રજા પડે કે તરત થોડાં પુસ્તકો ને ચીતરવાનો સામાન લઇ હોડીમાં જ ધામા નાખતા. ખાવાનું પણ ત્યાં જ ! રંગો ખીલવતી સંધ્યાએ કે સવારે વહેલા એ હોડી લઈ ઘણી વાર નહેરના મુખ બહાર પણ ચક્કર મારી આવતા. હૉકી-ડ્રેસમાં તે શહેરની પોળોમાં પણ આથડતા, લોકો વચ્ચે ઘૂમતા ને ચિત્રો કરતા. તે ગામડિયા જોડે દોસ્તી કરતા ને ઘણી વાર બજાર વચ્ચે બેસી પડી તેમના વિચિત્ર પોશાકો ને ચહેરા પોતાની નોંધપોથીમાં ઉતારી લેતા. તેમણે લગભગ ત્રણસો સ્કેચ સાથે 'સાઉથ ઇન્ડિયન અવર્સ' નામનું પુસ્તક પ્રગટ કર્યું છે.



'જગન્નાથનો રથ' નામે એક ભાવિચિત્રમાંનાં બધાં વિવિધ પાત્રો માટે રામરાવે ખાસ અભ્યાસ કરેલો; તેમાંના 'ઢોલી' માટે સ્કેચ.

મોટી રજાઓ આવે એટલે સાહેબ હિંદુસ્તાનના એકાદ સુંદર ભાગ તરફ દોટ મૂકી જ હોય. કલાનાં બધાં મથકો તેણે એક કરતાં વધારે વાર જોઈ નાખ્યાં હતાં. એનો રસિયો આત્મા કલાથી રંગબોળ નીતરતો હતો. કલાવિહીન વસ્તુઓ એને ડંખતી. છોકરાઓ રાજમહેન્દ્રીની કૉલેજમાં આવતા કે કોટ, પાટલૂન, બુટ પહેરી સાહેબ બની જતા. કૂલ્ડ્રે સાહેબે જોયું કે તેઓ પોતાના દેશનો મૂળ સુંદર પોશાક તજીને આ વાંદરિયા નકલમાં પડે છે તે ખોટું. તરત તેમણે હુકમ કાઢ્યો કે વિદ્યાર્થીઓએ પોતાના સ્વદેશી પોશાકમાં જ કૉલેજ આવવું ! અને તેનું સુંદર પરિણામ એ આવ્યું કે પોતાનો પોશાક પહેરવાની જે વિવિધ તરેહ વિદ્યાર્થીઓને વારસામાં હતી તેમાં તેઓ કળા બતાવવા લાગ્યા. કૉલેજ છૂટે કે સુંદર સોનેરી કોરની પિછોડી ઓઢેલા, માથે વાંકડિયા વાળવાળા, પગમાં અવનવી ચંપલો પહેરેલા, ચોખ્ખાં સફેદ વસ્ત્રોમાં જાણે દેવબાલકો ઊતરી આવ્યા હોય એવા ટોળાબંધ વિદ્યાર્થીઓ કૂલ્ડ્રે સાહેબની કલાદૃષ્ટિને ભરી દેવા લાગ્યા.

રામરાવ કૂલ્ડ્રેની નજરે પડ્યો કે તેના ચકોર આત્માએ એ કલાના અધિકારીને ઓળખ્યો અને મિત્ર બનાવી લીધો. એ વેળા રામરાવની ઉમર ચૌદપંદર વર્ષની અને સાહેબ ચાળીસ વર્ષના ! પણ બેની વચ્ચેનો વયનો અંતરાય કલાએ તોડી નાખ્યો. કૂલ્ડ્રે હમેશાં તેની ચિત્રપોથીઓ જોવા માગતા. કંઇક નવું, કંઈક સરસ જોતા કે એકાદ નાનું ઈનામ રામરાવને મળતું. ભર ચોમાસામાં એક વાર સાહેબ રામરાવને અજન્તાની કલામંડિત ગુફાઓ જોવા લઈ ગયા. સ્ટેશન પર સામાન રાખી વરસતા વરસાદમાં અજન્તા જોવાનો આગ્રહ રાખનાર કલાનો કેવો રસિયો હશે ! એ વેળા રામરાવના પગ દુખવા આવેલા અને થાકથી ભાઈનું મોં રડુંરડું થઈ ગએલું; ત્યારે ભલા સાહેબે 'એમ છોકરીની જેમ રડે છે શું ?' કહીને એને પોતાની ખાંધ પર ઉઠાવી લીધેલો અને ફેરવીફેરવીને અજન્તાની બધી ગુફાઓ બતાવેલી !

રામની ૧૯ વર્ષની વયે મિ. કૂલ્ડ્રેએ તેને મુંબાઈની સ્કૂલ ઑવ આર્ટમાં અભ્યાસ કરવા મોકલ્યો. રામરાવ પર તેનો પ્રેમ અથાગ હતો. રામરાવ મુંબાઇ હતો ત્યારે પણ દર નાતાલમાં એક સુંદર ને અમોલી કલાની ચોપડી ભેટ આવતી. એની પસંદગી જ કંઇક ઓર હોય. મુંબાઇની ચિત્રશાળામાં આવ્યા પછીની રામની કારકીર્દિ એકદમ જ્વલંત બની. શાળાની ભીંત પર શરીરના અભ્યાસ માટે જેટલા નમૂના લટકાવ્યા હતા તે બધાનો તેણે સર્વાંગ પાકો અભ્યાસ કર્યો અને તેની કલ્પિત આકૃતિઓમાં પણ તે અભ્યાસનું પરિણામ દેખાતું. રસ્તે કોઇ સ્ત્રી, પુરુષ કે બાળકને કોઇ નવીન બેઠક કે ઊભેલી સ્થિતિમાં જોતાંવેંત ખિસામાંની નાની નોટમાં નોંધ કરી લે, અને રાત્રે, કે વખત મળે ત્યારે, તે સ્કેચના આધારે એક સરસ આકૃતિ ઉપજાવે. રોજ રાત્રે ત્રણચાર પાનાં આ રીતે કર્યાં વિના તે સૂવા જતો જ નહિ.

એનું કયું ચિત્ર ક્યારે પૂરું થશે તે કોઇ ન જાણે. અજન્તા ખીણનું એનું એક ચિત્ર ઘણા મહિના અધુરું જ રહ્યું હતું. તેમાં અગ્રભાગમાં



કટાક્ષચિત્રોની પહેલી શરૂઆત પણ આ જ કાળે 'કુમારે' કરેલી. પચ્ચીસ વરસ પર ઑક્ટોબર અંકમાં આવેલું 'જિંદગીની સફરે' નામનું આ ઉપરનું કટાક્ષચિત્ર આજે પણ એવું જ સાચું છે : 'કેટલા ને કેવા બોજા સાથે, કેવી જંજીર ગળામાં પહેરીને અને કેવી મામૂલી જીવનનૌકામાં બેસીને આપણો યુવાન વિદ્યાર્થી ધૂઘવતા સંસારસાગરમાં જિંદગીની સફરે ઊપડે છે એનું ઉપલું ચિત્ર વધારે સમજાવવું પડે તેવું નથી. એક બાજુ, પોતે પોતપોતાની ફરજ બજાવી ચૂક્યાં છે એવું માનનારાં માતાપિતા, ધર્મગુરુ અને વિદ્યાગુરુ, તથા બીજી બાજુએથી સફરની ભીષણતામાં વધારો કરતાં ચડી આવતાં તોફાનનાં ઘોર વાદળાં પણ લક્ષ બહાર નહિ હોય.'

મૂકવાને તેને એક વળ ખાધેલું વૃક્ષ જોઈતું હતું. કાઠિયાવાડના પ્રવાસ દરમિયાન એક વાર સાંજે ફરતાંફરતાં તેણે એક વૃક્ષ જોયું અને ચાલાક વેપારીની પેઠે પોતાનો માલ તેણે પરખ્યો. એ વૃક્ષનો, અજન્તાની ખીણમાં જાણે તે વર્ષોથી ઊગ્યું હોય એવો યોગ થઈ ગયો!

કુદરતના જાળામાંથી તે પોતાને જોઈતી સુંદર આકૃતિ કે વસ્તુ ચતુરતાથી તારવી કાઢતો. મુંબાઈની ચિત્રશાળાના બગીચામાંથી એકબે વૃક્ષો તેણે એવાં આબેહૂબ એક ચિત્રમાં ગોઠવ્યાં કે બધા ત્યાર પછી જ એ વૃક્ષોના વળાંકાની સુંદરતા જોઈ શક્યા. જે વસ્તુ હાથમાં લે તે સર્વાંગ સુંદર, સ્વચ્છ અને પ્રત્યક્ષ ન કરે ત્યાં સુધી છોડે જ નહિ. એક વાર માત્ર એક કેળનું ઝાડ ચીતરવામાં છ કલાક લીધેલા! પણ પછી જગતમાં તેવું ચિત્ર કાયમ ખાતે સુંદર જ રહેતું.

મુઘલ ને રાજપુત કળા જેવી ઝીણવટ ને સ્પષ્ટતા છતાં યુરોપી શૈલી પ્રમાણે સંપૂર્ણ યથાદર્શન ને દૂરત્વ બતાવતી હવાઈ વિશાળતા; મહાકવિ જેવી મનોરમ કલ્પના છતાં વાસ્તવિકતાનો ભંગ નહિ; ચિત્રના એકેએક ભાગમાં સમર્થ ને સબલ વસ્તુવિધાન છતાં સરળ ને સુગ્રાહ્ય કલ્પના;–આ બધું રામરાવનું જ. માત્ર સ્ત્રીમાં જ સૌંદર્ય હોય એવું માનનારાઓએ, રામરાવે દોરેલા કુમારો, યુવાનો ને વૃદ્ધો જોવા. કોઈ પણ પદાર્થ, દૃશ્ય કે માનવી રામરાવ ચીતરે ત્યારે તેમાં એક નવી ખૂબી આવી જ જાય, જે બીજે ભાગ્યે જ દેખાય. તમને સમજાય નહિ કે આજ સુધી એ સૌંદર્ય તમે કેમ ન જોઇ શક્યા. એ ચિત્રકાર માનવજાતિ માટે જાણે સૌંદર્યનાં ચશ્મારૂપ હતો.

અમેરિકાના એક આરોગ્ય-સપ્તાહમાં વહેંચાએલું આ હસ્તપત્ર છાપી પૂછેલું. એમાંનાં કેટલાંને તમે અનુસરો છો એ તપાસી જુઓ:

(૧) તમે જે ઘરમાં રહો તેને ચોખ્ખું ને હવા-ઉજાસવાળું રાખો.
(૨) ઋતુ, હવા ને રહેઠાણને અનુકૂળ, છિદ્રોવાળાં, ઢીલાં વસ્ત્ર પહેરો.
(૩) તમારો ધંધો ઘરમાં બેસીને કામ કરવાનો હોય તો એક વાર અચૂક બહાર જઇને ફરી આવવાનું ભૂલતા નહિ.
(૪) તાજી હવામાં સૂઓ;—અને બને તો ખુલ્લા આકાશ નીચે.
(૫) ઉધરસ કે છીંક ખાઓ ત્યારે મોં આડો રૂમાલ રાખો અને બીજા પણ એમ કરે એવો ખાસ આગ્રહ કરો.
(૬) જમવા બેસતાં હાથપગ અવશ્ય ધૂઓ.
(૭) અતિ બહુ ન જમો.
(૮) શાકભાજી કે બીજાં ફળ છૂટથી આરોગો.
(૯) ધીમેધીમે જમો, ચાવીને જમો, આનંદથી જમો.
(૧૦) જમ્યા બાદ દિવસનું નવદસ પ્યાલા પાણી જરૂર પીઓ.
(૧૧) ટટ્ટાર બેસો, ટટ્ટાર ઊભા રહો અને ટટ્ટાર ચાલો.
(૧૨) દાંત અને પેઢાં ચોખ્ખાં રાખો.
(૧૩) આરામ, રમત કે કામ, જે કરો તે બધું હદમાં રહીને કરો. અતિશયતા વર્જો.
(૧૪) શાન્ત સૌમ્ય રહો. બળતરા ને ચિંતા આરોગ્યની ચુડેલો છે.
(૧૫) હાથલાગી જે તે દવા ન લો. પેટંટ દવાઓથી ચેતતા રહો.

આંધ ગઠરિયા (અનુસંધાન પૃ. ૩૩૯થી) મલાયા-જાવા, પેલી ફા માલ્ટા-સિપ્રો, અંગ્રેજ ફોર્ટની દીવાદાંડીઓ,' બધું એની નિગાહ-બંધીમાં અલકમલકના ઊછળતા દરિયાને સુકાનના ચક્કરે એણે વીંધેલા. એની એક બેટી પરણાવેલી મસ્કતમાં; દીકરા માટે વહુ આણેલી પોરબંદરથી, ને નાત-વ્યવહાર વેરાવળ, માંડવી, બસરા, વગેરેથી છેક એડન સુધીના ખારવાઓ સાથે બાંધેલો. વર્ષો પછી માંગરોળ-પોરબંદરના દરિયાખેડુ સાથે મેં વાતો કરી ત્યારે આ વાત પાકી થઈ કે કંઠાળ બંદરોની વસાહતોના સંબંધમાં એમને રાજકીય સરહદો નડતી જ નથી. સાગરને ઘાટે જ એમની જીવનપરકમ્મા ચાલ્યા કરે.

બધું ભુલાશે, પણ જગન કારાની આંખ અને આંબા ટંડેલનાં ભરાઉ ભવાં કદી નહિ ભુલાય. તમે એની ઉંમર મને પૂછશો, પણ શું કહું? ઉમર-બુમર એમને જ યાદ નથી રહેતી! કોઈ સાલ, કોઈ લડાઈ, કોઈ રા'જા ગાદીએ બેઠો કે કોઇ ગુજર્યો, એવું કદીક યાદ હોય; પણ દરિયાના દરેકે દરેક દિમાગ વિષે પૂછો તો માવતરની માફક એનાં પેટાળ ઉઘાડે. વાહ, જગન કારા, વાહ! ભલો તું યાદ રહ્યો, અને ભલી તારી પેલી વાત પણ મને યાદ આવી. પણ હું જરા રહીને કહું તો?

વળી એક ઉનાળો પ્રિયંવદાને ડુમ્મસ લઇ આવ્યા. દેવેશ્વરમાં કંઈ ફાયદો જણાયો નહિ. ત્યાંથી હું મુંબાઈ અને વલસાડ-ડુમ્મસ આંટા માર્યાં કરું. એવામાં મુંબાઈમાં કવિ નાનાલાલ પ્રિન્સેસ સ્ટ્રીટમાં મળ્યા. એ પણ ડુમ્મસ જવાની તૈયારી કરતા હતા. વચ્ચે બેત્રણ મથકો કરી જવાનું હતું એટલે અમે બે જરા વહેલા નીકળ્યા. કવિ દહાણુ ગયા, હું દમણ ગયો: દારૂ-તાડી પીવા નહિ, પણ કવિ ખબરદારને મળવા, એને પ્રિયંવદાની જન્મોત્રી બતાવવા, અને આગળથી મોકલી આપેલી 'ભ્રમ'ની નકલમાંના સુધારા સમજવા.

દમણ પણ જોવાલાયક દરિયાબારું છે. બે દમણ, અને વચ્ચે વહે છે દમણગંગા. નાનકડો કિલ્લો અને દરિયાકાંઠો; અને ત્યાંથી સીધો પાછલે બારણે પવન દાખલ થાય એવું ખબરદારનું ઘર; અને ત્યાં એમનાં બુઝર્ગ માતાજીની મહેમાની;—બધું નોંધવાલાયક હતું. સ્ટેશનથી આઠેક માઇલના રસ્તાનો મોટરનો કૉન્ટ્રાક્ટ ખબરદારના એવા જ અડીખમ નાના ભાઇ કરે. એની મોટરમાં બેસી, કવિ મોટા-લાલ(ખબરદાર)ને ત્યાંથી નીકળી, સ્ટેશન પર આવી ટ્રેનમાં કવિ નાનાલાલ ભેગા થઈ ગયા. અને વલસાડ ઊતર્યા: બે દિવસ રહ્યા.

એમ તો મારે ત્યાં મહાદેવભાઇ રહી ગએલા; પણ કવિ પહેલા આવતાં મારાં માબાપના આનંદનો પાર નહોતો. ત્યાંથી અમે વાંસદા ગયા. ત્યાં તો કવિને કંઈ કામ હતું. ત્યાં રાજાની મહેમાની ચાખી અને ચારે કોરથી વાંસદા જોયું. મને તો ત્યાં બહુ મઝા આવી, કારણ કે અમારો હોસ્ટેલનો અસલી સાથી ચમરબંધ જહાંગીર ત્યાં મળ્યો. રાજમહેલના બગીચામાં એક સારસજોડલી જોઇ, અને કવિએ તે ઉપર એક દાસ્તાન આપ્યું. મહેલમાં રાજાએ બે મગદળ બતાવ્યાં: એમના દાદા એ ફેરવતા. નોકરો પાસે એકેક ઉપડાવ્યા છતાં પણ ન ઊપડ્યાં એવાં ભારે! પછી એમનું તૈલચિત્ર બતાવ્યું. કદાવર નાનાલાલ જ એની આગળ નાના લાગે ત્યાં હું તો ક્યાં?

વાંસદા રળિયામણું છે. બેત્રણ નાના ડુંગરા: એક પછી એક ચડતાં લહેર આવે એવા. નાના બેત્રણ વોકળા, દૂર જરા જંગલ, ઠીકઠીક પ્રાણીઓ, અને ભૂગોળ-પ્રખ્યાત ઊના પાણીના ઉન્હાઈના ઝરા. પણ ઓ ભગવાન! એવી ગંદી હાલતમાં કે ત્યાં ઊભા રહેવાનું પણ મન ન થાય. ગમ્મત તો એ કે અરધો ઝરો ગાયકવાડીમાં અને અરધો વાંસદા રાજ્યમાં, એટલે એનું કોઈ ધણીરણી નહિ!

ત્યાં આપણે તો ખાસ્સા મોડા ઊઠતા, પણ કવિ તો ક્યારના ઊઠી, ડાંગ લઇ ફરી આવી, હું જાગું ત્યારે તો કેટલુંક લખી નાખી બેઠા હોય. બીજે દિવસે તો પોતાની સાથે ચારેક વાગે ઉઠાડીને બહાર કાઢ્યો, ત્યાં-નાં ઘટાઘેરા આંબાવાડિયાંમાં ફેરવ્યો, અને કોયલટહુકાર સંભળાવ્યા.

મુંબાઇ, દહાણુ, દમણ, વલસાડ, તીથલ, વાંસદા, એમ ઊગમણે ને આથમણે ફરીફરી ડુમ્મસ આવ્યા. નવાબના બંગલાની સામે સહેજ જ દૂર કવિએ પોતાનો વિસ્તાર માંડ્યો, અને થોડા બંગલા જોઇ પ્રિયંવદા માટેના નિવાસની જોગવાઈ કીધી. એ બધાં આવ્યાં. એટલે વૈકુંઠભાઇ અને કવિની ઠીક બેઠકો જામતી, અને એમને વાતો સાંભળવાની મઝા આવતી. કવિના ત્યારના વસ્તારમાં એ જ જૂના જોગીઓ 'ઇન્દુકુમાર' અને 'પાંદડી' ત્રીજા ભાગમાં ઘૂમ્યા કરતા.

એક સાંજે અમે બધા બહુ દૂર સૂર્યકુમારીના સંગમ આગળ ઊભા હતા. સૂર્યની દીકરી તપતી—તાપી તે અહીં આવીને સમુદ્રમાં ભળી. એ દૂર દેખાય હજીરાની દીવાદાંડી, અને પેલી કોર ભાઠું. કેવો વળાંક ખાઇને નદી અહીં મળે છે. જરાક દૂર નર્મદા, અને પછી મહી સાગર, ભૃગુકચ્છ, કાવી, સ્તંભતીર્થ, જ્યાં વૈદિક સરસ્વતી સાગરને ભેટવા આવી હતી! દરિયામાંથી, દૂરથી, ઉપરથી, ઊંચેથી આ પ્રદેશ ઘણી વાર જોયા પછી પણ તાપી-નર્મદાના આ સાગરસંગમ, નજીક નજીક પણ, ઘણા સોહામણા લાગ્યા છે; જોઈજોઇને આંખ ઠરે એવા છે. તાપી નર્મદા વચ્ચે ક્રીમ આગળ મુલાયમ રીતે જમીને દરિયાને ચાંચ મારી છે.

આમ ઉમરાંઠ અને આમ ઓરપાડ, સામે કાઠિયાવાડ અને પણે દૂર દીવ, એક પછી એક જાણે જમીનમાંથી ઉપસીઉપસી નજર સામે વિલીન થવા માંડે છે. અહીંથી, આ જ નદીમુખેથી સૂરતથી વહાણમાં બેસી નર્મદ મુંબાઈ જવા ઊપડ્યો હશે. અહીંથી જ ત્રણસોક વર્ષ પર હિંદનો પાદશાહ ઔરંગઝેબ સૂરતના લકડી પૂલ ઉપરથી નીકળી જહાજ-માં બિરાજી મક્કે હજ કરવા ઊપડ્યો હશે. અને હા! આ જ બારણા-માંથી ફરાંસિયા, વલંદા, પોર્ટુગીઝિયા ને અંગ્લીસિયા વેપારીઓ પોતાનાં વહાણો સુરત બંદરે લાંગરવા પેઠા હશે. આ એ જ હજીરાની દીવાદાંડીએ એમને રસ્તો બતાવ્યો હશે—એના ખરાબે અથડાતાં-અથડાઈ દરિયે ગરી જતાં એમને કયા કિસ્મતે બચાવ્યા હશે?

પછી તો સફેદ શઢવાળા બગલાથી માંડીને મોટી મનવારોમાં સર ટૉમસ રો અને કંઇક અંગ્લીસ-વલંદા અફસરો હિંદ દ્વારે ઊભરાવા માંડ્યા. બેચાર વાર ફરાંસિયા તોપોએ વલંદા તોપોને પડકારી, અને અંગ્લીસિયા પોર્ટુગીઝિયા સામે ઝગડ્યા, અને આખરે અંગ્લીસિયા તોપોના ધડાકા હિંદ ભૂમિ પર-વછૂટ્યા: અહીં જ, આ અહીં જ...

'એ શું 'અહીં જ' 'અહીં જ' બબડ્યા કરો છો? ચાલો ઘર તરફ અંધારાં થવા આવ્યાં.' અનસૂયાએ એ દિવાસ્વપ્નમાંથી મને જગાડ્યો, અને ગોળ હાથાવાળી લાકડીનો વળાંક મારે ગળે ભરાવી ખેંચતા કવિએ કહ્યું, કે 'ભાઇ તો હવે કવિતા લખવા માંડ્યા છે તે આવું આવું તો હજી ઘણું થશે; હ્યો, ચાલો.'

એક દિવસ કવિએ જગન કારાને પોતાને બંગલે બોલાવ્યો હતો. હાથગાડીમાં સૂતી બેસાડીને પ્રિયંવદાને પણ અમે ત્યાં લઇ ગયા હતા.

જગને ચારે કોરની દુનિયા ખૂંદી હતી, અને સાતે સમદર ડહો-ળેલા. પણ એ કહેતો કે, લંડનમાં તો બહુ નહિ, પણ સ્કૉટલૅન્ડમાં એણે, નૉર્વેના એક બંદર પાસે બે ઊંચી મોટી પથરાળ ભેખડો વચ્ચે, વરસમાં એક ચોક્કસ દિવસે બરાબર મધરાતે, એક કાળજું ચીરી નાખે એવી ચીસ સંભળાય છે એવી વાત સાંભળી હતી. એ જ્યારે જ્યારે અંગ્લીસ ખાડી ઓળંગી જતો કે એને એ વાત યાદ આવતી, અને મનમાં ચણચણાટ થયા કરતો. આખરે એક વખત તો તે બાજુના આંટામાં એક ફેરો ચુકાવી ત્યાં જ રજા લઈ એણે નૉર્થ સી ઓળંગી

નૉર્વે જવા ડરાવ્યું. એ જમાનામાં ત્યાંથી નૉર્વે જવા માટે એમ ચાલુ સ્ટીમરો તો મળે નહિ, પણ એક ફિશિંગ બોટમાં, ત્યાં જ કોઇ સંગાથે ઓળખાણ પાડી, એ ને એક એવો જ બીજો આયર્લૅન્ડનો ધૂની ખલાસી હામ ભીડી નૉર્વે પહોંચ્યા.

જગન કારો કહે કે ઠંડી તો એવી પડે કે ગાતર થીજી જાય, અને મૂછોમાં બરફ બાઝે! પણ હવે 'ની કહળા એટલે ની કઇળા. માથે અલ્લા બેલી, બને બધું આલબેલ!' જોયું? 'ઑલ્સ વેલ' તે જ 'આલબેલ;' અને એ અલ્લાબેલીની કેટલું નજીક છે!

ભાઈ, પેલો આયર્લૅન્ડનો પીટર અને આપણો કારો, બંને ત્યાંના ખલાસીઓને મહા મથામણે પોતાનો મનસૂબો સમજાવી શકયા, અને એ દિવસને તો હજી બે મહિનાની વાર, એમ જાણતાં ખૂબ જ નિરાશ થઇ પાછા આવવા મંછા કીધી. પણ તરત વહાણ ન મળ્યું. અને પછી તો દા'ડા દૂંકડા રહ્યા કરી જેમતેમ બે મહિના ત્યાંના ખલાસીઓ ભેગા રોજના સાતઆઠ કલાક કંઈ કામ કરી પેટિયું કાઢી પૂરા કીધા.

જગન કહે, તે રાતે કુતૂહલના માર્યા કંઈ ખાધું નહિ, અને ભેખડની ટોચે ચડી મધરાતની રાહ જોતા બેઠા. ત્યાંના લોકોએ બહુ વાર્યા, કે અલ્યા એવું સાહસ કરો ના; કોઇ ત્યાં જતું નથી. ઉલ્ટાના નજીકમાં જે કોઇ રહેતા હોય છે તે પણ આઘાપાછા થઇ જાય છે! એ મધરાતની કીકિયારી એટલે શું? એકવાર સાંભળ્યા પછી જીવતા રહેવું જ મુશ્કેલ.

માન્યતા તો એવી કે બે પહાડોની એ ખોભણમાં દરિયો ઊછળીને આવે, અને એકાદી દેખાવડી કન્યાને ઉપાડી જાય, અને એમાંથી પછી પેલી 'મરમીડો' (Mermaids) થાય. જગન કહે કે, હું કયાં રૂપાળી કન્યા હતો કે મને ફકર?!

ના માન્યું 'લ્યા! અને બન્ને ય જણા ધાબળા લપેટી દુનિયાને કાંગરે દૂંટિયું વાળીને બેઠા! પવન તો ચારે ગમથી સૂસવાટા કરે, અને ધુમરડી ઘાલી ખીણ સોંસરવો પેસે અને કાં નો કાં અલોપ થઇ જાય. પણ એટલામાં એનો ભગલાનો ભાઈ રઘલો બીજો ઘૂંઘીઘૂંઘી કરતો દે દેતોક ને આવ્યો જ છે! અને એમ ઉપરાઉપરી પવનની ઝાપટો આવ્યા જ કરે. કાળું મશ અંધારું, ને ચાંદો તારો કંઈ શોધ્યો જડે નહિ. કલાક બે કલાક પવન એક સૂર હલાવે, પછી વળી બાજી બદલી નવો અવતાર ધરે, અને જુદા જ પડઘા ઘાલે. અગિયારેક વાગ્યા સુધી તો ઠીક ચાલ્યું. ગજવામાં જ ઘડિયાળ, પણ કોની તાકાત છે કે જુએ? આંગળાં પણ વળવાં તો જોઈએને? અને જુએ તો યે દેખાય પણ શું? કાંટા જેવો જ ડાયલ! જેવો કાળો ધાબળો એવી જ અંધારી રાત!

પછી તો, જગન કહે, એવી થઇ છે! એવી થઈ છે! પવનનો એક ફિરકો આવે ને બીજો આવે. જાણે સામેથી બંદૂકના ગોળા આવતા હોય ને બેવડા જોરે પાછા જતા હોય! અને પછી તો પવનના ચોકિયાતો સામસામા સવાલજવાબ કરવા મંડયા! ખૂણેખૂણેથી હોકારા દેવા લાગ્યા. જાણે પવનની આખી ફોજ ડુંગરે ડુંગરે ગોઠવાતી ના હોય! આ તો પવનની માંડી; પણ નીચે સાગરિયો જો ભરખ્યો ભમે છે! જેમજેમ પવન ડચકારા બોલાવે તેમતેમ એ હીબકાં ખાઈ, આફ્ણીઓ થઈ ફુગતાં મરોડે, અને ખીણ સોંસરવો ધસી ધમપછાડા કરી, માતંગ કિલ્લાના દરવાજા સામે અફળાય એમ, ડુંગરાનાં મૂળિયાં હચમચાવવા અથાગનાં માથાં અફાળે. ઘડીભર તો અમને થતું કે ડુંગરો ડોલવાનો અને અમે હોમાવાના.

એટલામાં મધરાત થયા હશે. અમે તો દરિયામાં જિંદગી કાઢેલી, તે ખબર તો પડે ક ની, કે શુમાર કેટલાનો થયો? ને દૂરદૂર કંઇ તાપણા જેવું સળગતું દેખાયું. અમે માન્યું કે સૂરજદાદાએ દયા કરી. પણ એટલામાં તો એ હોલવાઇ ગયું, કે અલોપ થઇ ગયું, કે શું થયું, કોણ જાણે! કાળચક્રે જાણે મશાલ ધરી હોય એમ એનો સંકેત માની બેઠા. અને પછી, મારી જિંદગીમાં નહિ અનુભવેલો એવો એક પવનનો વજ્જર ઘૂમરો. ખૂબ દાબીદાબીને ઢાંકી રાખેલા કાનના પરદા પણ ફાડી નાખે એવો, સાગરના જુવાર હંગાથે ઊપડયો, આખી ખીણને જાણે ખાઉં ખાઉં કરતો અંદર ધસતો આવ્યો, ને ઘડીભર તો અમને થયું કે પૃથ્વી ફરતી થંભી ગઇ! બેત્રણ ધબાક ધબાક એવા ભીષણ-ભયંકર અવાજો સંભળાયા, ને ભાઈ, ખરું કહું? એ જ વખતે, પૃથ્વીનાં પેટાળ ચીરતી હોય એવી એક કારમી ચિચિયારી સંભળાઈ!

મેં એવી ચીસ અગાઉ કદી સાંભળી નહોતી; ફરી કદી સાંભળી નથી. અમે બે તો સડક થઈ ગયા,—એકબીજા સામે જોવાની ગમ પણ ભૂલી ગયા. પછી કલાકેક મોતનાં ખપ્પર જોખાયાં. પણ ચીસ તો એ એક જ. જાણે કોઈ મનેખની હોય નહિ! છતાં હું કહી નહિ શકું કે મનેખની જ હતી. લગભગ ત્રણેકને શુમારે જરા પવન થાકયો, અને દરિયો ટાઢો પડનો લાગ્યો. પણ અમે ત્યાંથી નીચે ઊતરવા જિકર કેમ કરીએ? એક તો કંઈ દેખાય નહિ, અને દિલમાં બધે પેલી ચીસ ભરાઈ રહેલી, તે પગ જ ના ઊપડે. કપડાંમાંથી જે ગરમાવો મળ્યો એ મેળવી, ભેગા થઈ પડી રહ્યા, ને અલપઝલપ ઝોકાં ખાતા રહ્યા.

માથે અલ્લાબેલી! અને મારી જાતના કસમ, એ ચીસ ને એની ભડક દિલ સોંસરવી જે પેઠેલી તે હજી નીકળી નથી.

સવારે ઊભા થવાની ગત કોનામાં હતી જે? એમ તો પછી અરૂપરૂ થતાં સૂરજ દાદો ચડયો ત્યારે બધું દેખાવા માંડયું, અને કંઇક જીવમાં જીવ આવ્યો. પણ હાડકાંમાં યે જાણે ચીસ પેસી ગએલી તે હાડકાં પણ કહ્યુ માને જ નહિ ને!

ત્યાંની નજીકના ગામડામાં એક જૈફ ડાકટર રહે. હાથમાં લાકડી, થોડો તમાકુ અને હંગાથે એક મદદગાર લઈ, લગભગ આઠેકને શુમારે ડુંગરાની ટોચે અમારી ભાળ કાઢવા આવ્યો. એણે તો બે લાશની જ આશા રાખેલી, એટલે લાશોને ઠેકાણે પાડવાની ચિંતામાં એ હપાસે આવેલો. બહુ ભલો ડાકટર એ! બહુ ભલો! એ શું બોલે એ તો કંઈ સમજાય નહિ. મારો સાથી પીટરો કંઈ થોડુંઘણું સમજે. પણ એના મોઢા પરથી મને બોલેબોલ પકડાય. એની તો આંખમાંથી પાણી ડપકે. અમને જીવતા દેખી એના આનંદનો પાર નહોતો!

ડાકટર કહે કે આવી આ રાત પછી બીજે દિવસે સૌકોઈ આસપાસનાં ગામડાંમાં પૂછપરછ કરે, અને કોઇ અજાણી માણસ ખોવાયું છે કે નહિ એની ભાળ કાઢે. તે દિવસે અમે ડાકટરને ત્યાં રહ્યા, અને આખું ગામ રાતના શું બન્યું તે પૂછવા આવ્યું. આઠેક દિવસ રહી પછી અમે સ્કૉટલૅન્ડ જવા એમ જ એવી એક નોધારી બોટમાં ઊપડયા, અને પછી હું મારે કામે ચડયો. જ્યારેજ્યારે પી. ઍન્ડ ઓ.માં વીલાતનો આંટો કરું, ત્યારે પીટરને હું લખું કે મને લંડન મળે. મળીએ ત્યારે એ જ ચીસની વાતો કરી ઊઠીએ. આજે પણ એ કાળસમન્દર, એ કાળી રાત અને કારમી કીકિયારી મારા મગજમાં સનસનાટી બોલાવ્યા કરે છે. (ચાલુ)

એક હરરાજીમાં ખૂબ ઉપરાઉપરી 'બિડ' બોલીને પૂંજાભાઈએ એક પોપટ ખરીદ્યો. પૈસા ચૂકવતાં વખતે તેમણે વેચનારને પૂછયું: 'આ પોપટ બોલે છે તો ખરો ને?'

'બોલે છે?' પેલાએ ઉત્તર આપ્યો: 'અત્યાર સુધી તમારી સામે 'બિડ'માં વધતું'તું કોણ?'

પહેલો શિકારી: જો! જો! વાઘનાં પગલાં!

બીજો: વાહ, સરસ! એ જે તરફ જાય છે તે દિશામાં તું જા, અને એ જ્યાંથી આવે છે તે દિશામાં હું જાઉં છું.

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શોખ વિષેની માહિતી આપતો વિભાગ

આ માસથી, ટિકિટો કાઢનારાઓમાં એક નવા આગંતુકનો પ્રવેશ થાય છે. ટિકિટોના ઇતિહાસમાં પણ તે એક સીમાચિહ્ન બનશે. એ આગંતુક તે કોઇ એક દેશ નથી, પણ અનેક દેશોને સાંકળનારો રાષ્ટ્રસંઘ છે. ભાષાએ, ધર્મે, રહેણીકરણીએ, વિચારસરણીએ–એમ ઘણીરીતે એકબીજાથી જુદા પડતા—અને ઘણીવાર એક બીજા સાથે અથડામણમાં આવતા જગતના દેશોને એક ઓરા પર એકઠા કરીને પરસ્પરના ભેદો ભુલાવવાનો અને એક ગાંઠે બાંધવાનો જે સમર્થ પ્રયત્ન 'સંયુક્ત રાષ્ટ્ર સંઘ' (યુનો-યુનાઇટેડ નેશન્સ ઑર્ગેનિઝેશન) દ્વારા થાય છે તે દુનિયાના ઇતિહાસમાં અનન્ય છે. એ રાષ્ટ્રસંઘ તરફથી નીકળતી ટપાલની ટિકિટો એ જ એકચનું કદાચ એક વધુ ચિહ્ન બની રહેશે.

તેના ચાલુ ટપાલવ્યવહાર માટે વિવિધ કિંમતના ૧૧ પ્રકારોની, અને વિમાની ટપાલ માટે ૪ એર મેઇલની, એમ મળીને કુલ જે પંદર જાત તાજેતરમાં બહાર પડનારી છે, તેમાંની આઠનાં ચિત્રો આ સામે આપ્યાં છે. એ દરેક ટિકિટ પર અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પૅનિશ, રશિયન અને ચીની, એમ પાંચ ભાષામાં 'યુનાઇટેડ નેશન્સ' શબ્દો લખેલા છે. રાષ્ટ્રસંઘની વડી કચેરીએથી દુનિયાભરમાં મોકલાતી સર્વ ટપાલ પર હવે અમેરિકાની ટિકિટોને બદલે આ ટિકિટો લગાડાશે.

સૌથી મથાળાનું ચિત્ર રાષ્ટ્રસંઘના નિષ્ણાતોની કમિટીએ પસંદ કરેલું ચાલુ ટિકિટોનું પહેલું ચિત્ર છે. ટૉમસ દ લા રૂની પેઢીના મુખ્ય કલાકાર ઓ. સી. મેરૅન્ડીએ આલેખેલા એ ચિત્રમાં, જગત પરની પાંચ મુખ્ય જાતિઓના માનવોને, જંજીરોનાં બંધન તોડીને શાંતિ અને આબાદીની ક્ષિતિજ પર થતા રાષ્ટ્રસંઘના સૂર્યોદયને ઉત્સાહ ને આતુરતાથી નિહાળતા દર્શાવ્યા છે.

નીચેની હારમાની પહેલી ટિકિટ બે રંગમાં છપાશે. તેમાં વચ્ચેનો રાષ્ટ્રસંઘનો ધ્વજ, સંઘના ઑફિશિયલ બ્લુ રંગમાં, ને ગોમેરની કિનારી ગુલાબી, જાંબલી અને બ્રાઉન, એમ ત્રણ રંગમાં ત્રણ જુદીજુદી કિંમત માટે છપાશે. રાષ્ટ્રસંઘ કચેરીમાં જ સ્ટાફ-આર્ટિસ્ટ તરીકે કામ કરતા ડૅનિશ કલાકાર ઓલ હૅમાનનું તે આલેખન છે.

ફ્રેન્ચ અને સ્પૅનિશ ભાષામાં 'યુનાઇટેડ

સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનાઇટેડ નેશન્સ) તરફથી છપાનારી પંદર ટિકિટો પૈકીની આઠ ટિકિટોની મંજૂર થએલી આકૃતિઓ: કલાકારોનાં મૂળ આલેખનો પરથી (યુનાઇટેડ નેશન્સ કચેરીના સૌજન્યથી).

















નેશન્સ' એવા શબ્દો લખેલી પટ્ટી વડે પૃથ્વીના બે ગોળાર્ધને સાંકળતું, બીજી હારમાંનું પહેલું ચિત્ર લંડનની ટૉમસ દ લા રૂની જાણીતી પેઢીના કલાકાર એચ. વૉટ્રી-વિમરનું દોરેલું છે. ને એ જ પેઢી તે ટિકિટો છાપવાની છે.


પહેલી-બીજી હારમાં જમણી તરફ ઉપર-નીચે આવેલાં ચિત્રો, રાષ્ટ્રસંઘ તરફથી નીકળનારી ચાર એરમેઈલ ટિકિટો પૈકીની બે છે. ત્રણ ઊડતી સ્વૉલોવાળું ચિત્ર, રાષ્ટ્રસંઘના કલાકાર ઑલ હૅમાનનું છે; અને વિમાન તથા 'સી-ગલ' (દરિયાઈ પંખી)ને એકમેકમાં ગૂંથી ઉડ્ડયન દર્શાવતું ચિત્ર પણ રાષ્ટ્રસંઘના જ સ્ટાફ પરના બીજા ડનિશ કલાકાર ઑલાવ મથેસનની કૃતિ છે. એ બંને ટિકિટો પણ લંડનની દ લા રૂની પેઢી છાપવાની છે.

સૌ નીચેની હારનું પહેલું ચિત્ર બેવડી રીતે સૂચક છે. એમાં નાના બાળકના હાથને ટેકો દઇને પ્રેમથી પોતાના તરફ ખચતો, દોરતો, ઊંચે લઈ જતો પુખ્ત માનવીનો હાથ આલેખેલો છે, તે, નાની પ્રજાને પ્રેમથી મિત્ર-

તામાં અપનાવતી મોટી પ્રજાની ભાઈચારાની ભાવનાનો દ્યોતક ગણાય. પાંચ સેન્ટની એ બ્લુ રંગની ટિકિટના વેચાણની બધી આવક રાષ્ટ્રસંઘના 'આંતરરાષ્ટ્રીય બાળ-સહાયક-ફંડ'માં જવાની હોવાથી પણ એ ચિત્ર સાર્થ બને છે. નેધરલૅન્ડ (હોલાંડ)ના હારલેમ ખાતે આવેલી એન્શીડે ઍન્ડ સન્સની મુદ્રક પેઢીના કલાકાર એસ. એલ. હાર્ટ્ઝનું આલેખેલું એ ચિત્ર છે અને એ જ પેઢી તે ટિકિટો છાપવાની છે.

રાષ્ટ્રસંઘની વડી કચેરીનું હમણાં નવું ઊભું કરેલું મકાન દર્શાવતી બીજી ટિકિટ મેક્સિકન કલાકાર લીઑન હોલગ્રેરાની કૃતિ છે ને તેમા મકાનની પાછળ રાષ્ટ્રસંઘનું પ્રતીક છે, જેમાં શાંતિ સૂચક ઑલિવ વૃક્ષની ડાળીથી વીંટાએલો દુનિયાનો નકશો છે. ચોમેર પાંચ ભાષામાં 'યુનાઇટેડ નેશન્સ' શબ્દો છે.

Peace, Justice, Security (શાંતિ, ન્યાય, સલામતી),ના સૂત્રવાળી ત્રીજી ટિકિટમાં પણ વચ્ચે રાષ્ટ્રસંઘનું પ્રતીક છે. હોલાંડના કલાકાર જે. એફ. ડોગેવેનીએ તે આલેખેલી છે. એ બંને ટિકિટો પણ એન્શીડે કંપની છાપવાની છે.



આ બીજી ઑક્ટોબર રાષ્ટ્રપિતા ગાંધીજીના જન્મ દિવસના સ્મરણમાં ભારતના ટપાલ-ખાતાએ પોણા પોણા આનાની કિંમતનાં, ગાંધીજીની ચાર પ્રકારની છબિઓવાળાં પોસ્ટ-કાર્ડ કાઢ્યાં છે તેનું ચિત્ર ઉપર આપ્યું છે. બે કાર્ડમાં એક આખી બાજુને આવરી લેતાં ચિત્રો છે, જે પૈકી એકમાં ઊભા કદમાં મોટો ચહેરો છે (જે અહીં અર્ધો દેખાય છે); અને બીજામા રેંટિયો કાંતતા ગાંધીજીનું આડું ચિત્ર છે. બીજાં બે કાર્ડમાં, સરનામાવાળી બાજુના અરધા ભાગ પર ગાંધીજી અને કસ્તુરબા, તથા ગાંધીજી અને એક બાળકનાં ચિત્રો છાપેલાં છે.

પત્રમિત્ર-વિભાગ (સામેના પાનાથી ચાલુ)

અમારું ટ્રાન્સમીટર તો અમે જાતે જ બનાવી લીધેલું. માત્ર જરૂરી સામગ્રી સ્ટોરમાંથી ખરીદેલી. ઘણાખરા ઍમેટરો પોતાનો રેડિયો પોતે જ બાંધી લે છે. કેટલાક બજારમાંથી તૈયાર સેટ ખરીદે છે.

બીજા કોઇ સ્ટેશનની સાથે આ રીતે સંપર્ક ચાલુ થાય, એટલે પછી બંને સ્ટેશનો પરસ્પર પોતપોતાના 'કૉલ-લેટર' છાપેલાં પોસ્ટ કાર્ડ મોકલીને એ સંબંધને પાકો કરે છે. આ કાર્ડ 'QSL કાર્ડ' કહેવાય છે. અમારું એવું કાર્ડ આ સાથે બીડું છું. (તે સામે છાપ્યું છે.)

આ ઍમેટરોનું 'અમેરિકન રેડિયો રીલે લીગ' નામે એક મંડળ છે. (મારો ભાઈ એનો સભ્ય છે.) તે વળી પોતા તરફથી ઍમેટરોને 'WAS Certificate' નામનું એક સુંદર ને સંઘરી રાખવા જેવું સર્ટિફિકેટ આપે છે. એ મેળવવા માટે અમેરિકાના દરેક પ્રાંતમાંથી ઓછામાં ઓછાં બે 'QSL કાર્ડ' મેળવીને ઍમેટરે તેની આગળ રજૂ કરવાં જોઈએ. પોતે દુનિયાના દૂરદૂરના માણસો જોડે વાતો કરી છે તેની સાબિતીદર્શક એ કાર્ડ ઍમેટરો ગૌરવથી સાચવે છે, ને મળવા આવનારા બીજા ઍમેટરોને હોંશથી બતાવે છે. કેટલાક તો એ કાર્ડ પર પોતાની કે પોતાના સ્ટેશનની છબિ, કે અન્ય સુશોભનો વગેરે પણ છપાવે છે.......

લિ. હૃદયપૂર્વક તમારો Chuck.

પરદેશના પત્રમિત્રો

(1) Nanalal G. Tanna, P. O. Box 179, Kisumu, (Kenya Colony), Br. E. Africa–24, Stamps, Photos, Coins, Commerce; (2) Vinodray V. Badiani, P. O. 179, Kisumu (Kenya Colony), Br. E. Africa–16, Art, Music, Photography, Games, Stamps; (3) Babulal V. Karia, P. O. Box 40, Kisumu (Kenya Colony), Br. E. Africa–15, Music, View-cards, F. D. Covers, Stamps, Coins; (4) Dinker K. Joshi, P. O. Box 936, Kampala (Uganda)–18, Stamps, Post-cards, Match lables; (5) Abdul Haleem Abdul Khaliq, C/o Aden Treasury, Aden–22, Stamps, Photography, Reading; (6) I. J. Shrimanker, 18/15, Esplanade Road, Aden –19, Coins, Stamps, Photography; (7) A. Habeen A. Khaliq, Section 'F' St. No. 12, Camp Aden–13, Stamps, Photography; (8) Hamed M. Samsuddin, The secretariat, Aden–25, Magazines, Autographs, Corres. (9) Adolphus Nzenwa. St. Pauls School Osu, Anquare, P. O. C/o R. C. M. Unuezike, Via Okiqwi, N. B. W. A. Nigeria (Br. W. Africa); (10) Akira Isii, Hamanoiti, Ikusimati, Oita City, Oita Pref. (Japan). (11) Harsukhlal S. Mehta, P. O. Box 57, Kampala (Br. E. Africa)—17, Stamps & Gardening; (12) Mohanlal N. Ghadhka, P. O. Box 256, Kisumu (Kenya); (13) Mansukhlal J. Mehta, C/o Nathoo Moolji, P. O. Box 4, Grater-Aden (Arabia); (14) Mr. Helmut Brussatis, 24, Rendsburg, Sophienstr, 20, Germany—21, Languages; (15) Mr. Max Kaplan, 1110, Wyoming Ave, Philadephia, 40, Penna (U.S.A.)—29, Stamps. (ઉલ્લેખ: ગિરધારીલાલ શ્રૉફ, સાકર બજાર, અમદાવાદ.)

વિદ્યાર્થીઓને નિબંધ લખતાં હોંશ અને આનંદ જણાય તે માટે શિક્ષકે ક્રિકેટમૅચની હકીકત લખવા કહી. બધા વિદ્યાર્થીઓ લખવા માંડ્યા, પણ મોહન એમ ને એમ બેસી રહ્યો. શિક્ષકે વખત પૂરો થતાં બધાના નિબંધો તપાસવા માંડ્યા. મોહને છેલ્લી મિનિટમાં પોતાના કાગળ પર આ એક જ વાક્ય લખ્યું હતું: 'ધોધમાર વરસાદને કારણે મૅચ બંધ રહી હતી.'

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

આ પત્ર મેળવનાર : શ્રી રાજેન્દ્ર રમણિકલાલ ઇનામદાર, સારંગપુર, અમદાવાદ

ઍમૅટર રેડિયો એટલે શું?

પો. બૉ. ૪૦૪, કેન્ટલૅન્ડ, ઇન્ડિયાના (યુ.એસ.એ.)

પ્રિય રાજેન્દ્ર,


તમને વહેલું ન લખી શકવા માટે દિલગીર છું. હમણાં એક બીઆરણ કંપનીના પ્રયોગ-વિભાગમાં હું કામે રહ્યો છું. ગામથી દૂર થોડા માઈલ પર આવેલી તેની નર્સરીમાં અમે જુદીજુદી જાતનાં અનાજોના બીઆરણનાં પુંકેસર--સ્ત્રીકેસરને, મેન્ડેલ પદ્ધતિએ ૧: ૨: ૧ના પ્રમાણથી સંલગ્ન કરીને અનાજની વધારે સારી તથા વિવિધ જાતો ઉગાડવાના અખતરા કરીએ છીએ......

તમે લખ્યું છે કે 'ઍમૅટર રેડિયો'ની બાબતમાં તમે કાંઈ સમજ્યા નહિ. એ વિષયના એક પુસ્તકનું જ વાક્ય ઉતારીને તમને સમજાવું: "ઍમૅટર રેડિયો, એ વૈજ્ઞાનિક શૉખ છે. ઇલેક્ટ્રૉનિક્સની કલામાં ચાતુરી કેળવવાનું તે એક સરસ સાધન છે; અને ખાનગી શૉર્ટ વેઈવ રેડિયો ઊભો કરીને એ શૉખવાળા જગતભરના નાગરિકો સાથે સંદેશાવ્યવહાર ચલાવવાની તેમાં તક મળે છે. દુનિયામાં આજે એવા લગભગ એક લાખથી પણ વધુ ઍમૅટર રેડિયો ઑપરેટરો છે."

મારો ભાઇ એ પૈકીનો એક છે. એ લોકો 'હૅમ' કહેવાય છે. અમારા ભોંયતળિયાના ૮×૮ ફૂટના ભંડકમાં મેં ને મારાભાઇએ ફોટોગ્રાફીની એક ટચુકડી ડાર્ક રૂમ અને એક રેડિયો રૂમ ઊભી કરી છે. એમાં એક ટ્રાન્સમીટર, એક રીસીવર, એક ફોનોગ્રાફ, એક માઈક્રોફોન ઍમ્પ્લીફાયર ને એક VFO છે. એ VFO વડે માત્ર એક હટ્ટો ફેરવીને ટ્રાન્સમીટરની અમુક ફ્રીક્વન્સીઓ(૧૬૦, ૮૦, ૭૫, ૪૦, ૨૦, ૧૧, ૧૦, ૬ અને ૨ મીટર બૅન્ડ અને બીજી કેટલીક હાઈ ઇનફ્રીકવન્સી) ઉપર રેડિયો ચલાવવાની છૂટ હોય છે.

જેમ રેડિયો ઉપર 'વૉઇસ ઑફ અમેરિકા', કે 'VUD', કે એવાં બીજાં વ્યાપારી સ્ટેશનો હોય છે, તેમ રેડિયો સ્પેક્ટ્રમમાં ઍમૅટરના સમૂહો પણ મળી આવશે. એ બધાં સ્ટેશનો (વ્યાપારી કે ઍમૅટર) સરકારે નક્કી કરી આપેલી ફ્રીક્વન્સીઓમાં જ કામ કરે છે. જોકે વ્યાપારી સ્ટેશનોને તો ટ્રાન્સિમટ કરવાની ચોક્કસ જ ફ્રીક્વન્સીઓ ઠરાવી આપી હોય છે, પણ ઍમૅટરો તો સરકારે આંકી આપેલી મર્યાદામાં ગમે તે ફ્રીક્વન્સી ઉપર 'ભમી' શકે છે, ને પોતાના જેવો જ બીજો કોઇ 'ઍમૅટર' એ રીતે ભમતો હોય તને પકડી લઇને તેની જોડે વાત કરે છે. આ રીતે રેડિયો ચલાવવા દેવા માટે દરેક ઍમૅટરે વેપારી સ્ટેશનોની પેઠે, સરકારી લાઇસેન્સ લેવું પડે છે. મારા ભાઇએ તે માટેની રેડિયો થીયરી તથા ઑપરેટિંગ ટેક્નીકની સરકારી પરીક્ષા આપી છે, જેમાં પાસ થયા પછી તેને W9NJS 'કૉલ-લેટર્સ' આપવામાં આવ્યા છે. તેની રૂએ તેને 'ઍમૅટરો'ના બધા અધિકારો મળે છે.

હવે આ ઍમૅટર રેડિયો કેમ ચલાવાય છે તે સમજાવું. પહેલાં તો અમે રીસીવર, ટ્રાન્સમીટર ને VFO ચાલુ કરીએ છીએ. એમાંનાં છેલ્લાં બે ગરમ થાય તે દરમ્યાન અમે ઍમૅટર ૪૦ મીટર બૅન્ડ મૂકીને સાંભળીએ છીએ. એના પર માત્ર CW (એટલેકે ઇન્ટરનૅશનલ મોર્સ કોડ-ટેલીગ્રાફની સંકેતલિપિ)માં જ વ્યવહાર કરવાની છૂટ હોય છે. જ્યારે બીજા બૅન્ડ ઉપર પોતાનો અવાજ મોકલવાની છૂટ હોય છે. એ ૪૦ બૅન્ડ પર અમે અનેક ઍમૅટરોને પરસ્પર વાતો કરતા, તો કોઇને પોતાનાં સાધનો ચકાસી જોતા સાંભળીએ છીએ એ બૅન્ડ ઉપર તમે અમેરિકાભરના લોકોને સાંભળી શકો, ને ક્વચિત તો દુનિયાના બીજા ભાગના લોકો પણ સંભળાય. કોઈ વાર વળી કોઇ 'CQ'ને બોલાવતો સંભળાય. એ CQ નો અર્થ એ કે જે કોઇ તેને સાંભળતો હોય તેની જોડે તે વાત કરવા ચાહે છે. પછી તે પોતાના 'કૉલ-લેટર' તારની સંકેતલિપિમાં જણાવે, અને જો તેનો સિગ્નલ સારો હોય અને તેની સાથે વાત કરવાની ઇચ્છા હોય તો અમે VFO ફેરવીને તેની ફ્રીક્વન્સી ઉપર મૂકીએ અને ટ્રાન્સમીટર ફેરવીને તેને બોલાવીએ. પહેલાં તો અમે તેને એમ કહીએ કે તેના કૉલ-લેટર W5NRA છે. એમાં 5 તે અમેરિકામાં આવેલા તેના પ્રદેશનો નંબર છે.(આખા અમેરિકાને ૧૦ 'કૉલ-ઍરિયા'માં વહેંચી નાંખવામાં આવ્યું છે: W1, W2, W3, W4, W5, W6, W7, W8, W9, W0.) તેની પછીના ત્રણ અક્ષરો, તે, (જેમ બીજા વ્યાપારી રેડિયોવાળાઓને અપાય છે તેમ) સરકારે તેને માટે ખાસ ઠરાવી આપેલા અક્ષરો છે. એને બોલાવ્યા બાદ અમે અમારા 'કૉલ-લેટર' તેને જણાવીએ. (એ પણ તારની સંકેતલિપિમાં જ થાય. તેને માટે ખાસ ચાવી હોય.) અને પછી કહીએ કે "ઓવર!" તે જો એ સાંભળે તો અમારી સાથે અનુસંધાન કરી લે; પણ જો આ દરમ્યાન બીજા કોઈ સાથે જોડાઈ ગયો હોય ને તેનો સિગ્નલ સારો હોય તો તેની સાથે વાતચિત શરૂ કરે.



ઍમૅટર રેડિયો ચલાવનારાઓના 'કૉલ-લેટર'વાળું કાર્ડ

જો અમારી સાથે વાત શરૂ થાય તો આટલા મુદ્દાની તેમાં આપ-લે થાય: હવામાન કેવું છે? પરસ્પરનાં સાધનો કેવાં છે? બીજા સંદેશાઓ કેવીરીતે મેળવાય છે? અને એકબીજાનો પરિચય. એ ભાઈ સાથે વાત પૂરી થઈ જાય એટલે અમે બીજો કોઈ 'CQ' પોકારતો હોય તેને પકડીએ; અથવા તો અમે 'CQ' પોકારીને કોઇની સાથે અનુસંધાન કરવા મથીએ; અથવા તો કોઈ બેની વાતચિત પૂરી થતી હોય તેમાંના એક જણને પકડી લઇને જોડાણ કરી વાત કરવા માંડીએ! આમ, આ બહુ જ દિલચસ્પ શૉખ છે. (અનુસંધાન સામેના પાને)

લખ્યું ન બદલે લાખા (અનુ૦ પૃષ્ઠ ૩૩૧થી) આશાનગરીમાંના પાંચમા વર્ષના વસવાટ દરમ્યાન એને એક આફ્રિકામાં ફોટોગ્રાફીનો ધંધો કરનાર કાઠિયાવાડી તરફથી લલચાવનારા પગારવાળી નોકરીનો પ્રસ્તાવ મળ્યો. જદુએ જૂની નોકરી છોડી. થોડા દિવસ માટે વતનમાં ગયો અને હવે એના ઉપર ખાસ વહાલ ધરાવતા પિતાને અને માંદી રહેતી માતાને પગે લાગી જદુ આફ્રિકા ગયો.

આફ્રિકામાં થોડાંક વર્ષો ગાળી, સારો એવો પૈસો રળી, અને માત્ર જદુમાંથી 'શેઠ જદુરાય' બની જદુએ મુંબાઈના એક રૂપાળા રસ્તા પર ધંધાદારી બેસણું જમાવ્યું.

'હિંદુસ્તાન ફોટોગ્રાફિક્સ લિ૦' નામની કંપનીના સરનશીન શેઠ જદુરાયે, પોતાની માલિકીના ચાર માળના મકાનમાં, એમના ધીકતા ધંધાની ઑફિસ, શો-રૂમ, સ્ટૂડિયો વગેરે સમાએલું હતું. એ આલીશાં ઇમારતના મુખ્ય દરવાજે એક દરવાન આવતા-જતા ગ્રાહકોને સલામ કરતો ઊભો રહેતો. ગાડીવાળા ઘરાકોની મોટરના દરવાજા ખોલવા-બંધ કરવા, અને ઘરાક મોટરમાંથી ઊતરે કે ચડે ત્યારે વિનયપૂર્વક સલામ ભરવી, એ એની નોકરી અંગેની મુખ્ય ફરજ હતી. ફરજને કારણે એને ગરદન હમેશાં ટટ્ટાર રાખવી પડતી. નીચું જોઈ ચાલવાવાળા શેઠ જદુરાય અને ઊંચી ગરદન રાખતા એ દરવાન રઘુ વચ્ચે આર્થિક અંતર બહુ મોટું હોવા છતાં બેઉ વચ્ચે સારું એવું સામ્ય હતું. બેઉ સામાન્ય કોટિનાં પ્રાણી હતાં.

શેઠ જદુરાય કડપવાળા આદમી હતા. નોકરોને સારો પગાર આપતા અને અતડું વર્તન દાખવતા. ગાંભીર્યને વરેલા અને નીચા નજરે બધું પતાવવાની આદતવાળા એ શેઠ, બનતાં લગી વાત કરનાર સાથે આંખ મિલાવતા નહિ. અને આ કારણે 'આંખની શરમ' નામે ઓળખાતી વસ્તુ એમને અસર કરતી નહિ. શેઠ જદુરાય આગ લાખોપતિ બની ગયા હોવા છતાં બચપણના દિવસોમાં મૂળમાંથી જડેલી એક આનીના કારણે વિકસેલી એમની નીચી નજર રાખવાની આદત જીવન સાથે જડાઈ ગઇ હતી. આ આદતના કારણે, દુકાનમાં, કે દુકાન બહાર, કે એમના બંગલાના આંગણામાં, કે બગીચામાં, ક્યાંય નકામી વસ્તુ કે કચરો પડ્યો હોય તો તરત એ તરફ એમનું ધ્યાન દોરાતું ને નોકરોને ઠપકો મળતો. દુકાનમાં ઘરાકોએ જ્યાંત્યાં ફેંકેલાં સિગરેટનાં ઠૂંઠાં કે સિગરેટનાં ખાલી ખોખાં કે નકામું કાગળિયું વીણી લેવાની નોકરો ખાસ ચીવટ રાખતા. આવી જાતની ચીવટ શેઠ જદુરાયને ઘણી ગમતી એનું નોકરવર્ગને સારું ભાન હતું. દુકાન બહારનાં પગથિયાં ચોખ્ખાં રાખવા દરવાન રઘુ પણ હમેશાં તત્પર રહેતો.

રઘુ શેઠ જદુરાયની નોકરીમાં સુખી હતો. સંતાનમાં એને એક પુત્ર હતો. થોડીક તકલીફ વેઠીને એણે દીકરાને મૅટ્રિક લગી ભણાવ્યો હતો. ગઇ પરીક્ષામાં જ એ પાસ થઇને એક વીમા કંપનીમાં કારકુન તરીકે જોડાયો હતો અને વહેલામાં વહેલી તકે બાપને આરામ બક્ષવાનાં સ્વપ્નો સેવતો હતો.

ખાડો ગણાતી મૅટ્રિકની પરીક્ષામાંથી પોતે પહેલા જ વર્ષે પાસ થાય તો પિતાએ પોતાને બજારમાં હમણાં જ આવેલાં સરસ સોનેરી ફ્રેમનાં અમેરિકન ગૉગલ્સ ભેટ આપવાં એવી એણે રઘુ પાસે માગણી કરી હતી, અને રઘુએ એ માગણી સહર્ષ સ્વીકારી હતી. પુત્ર પાસ થયો. પિતાએ ચશ્માં ખરીદવા કોટની બેચાર દુકાનોમાં જઇ એ નવતર વસ્તુનો ભાવ પૂછ્યો, પણ બાવીસ રૂપિયાની કિંમતનાં એ ગૉગલ્સ એને ખૂબ મોંઘા લાગ્યાં. પુત્રે તો હવે એ ખરચાળ વસ્તુનો આગ્રહ છોડી દીધો હતો, પણ પિતાને પોતે આપેલું વચન ખૂંચતું હતું. દીવાળી પર સામાન્યરીતે બે મહિનાનો પગાર બોનસમાં મળતો. રઘુએ એ વખતે ચશ્માં ખરીદવાની મનમાં ગાંઠ વાળી.

દીવાળી આવી ને બોનસ મળ્યું. એ જ દિવસે ચશ્માં ખરીદાયાં. કોટના ઉપલા ગજવામાં ખૂબ હિફાઝતથી એ મોંઘી વસ્તુ મૂકી સાંજે ઘેર પહોંચતાં પુત્રને આશ્ચર્યમાં મૂકી દેવાના વિચારો તેણે ઘડવા માંડ્યા. સાંજ પણ આવી પહોંચી.

દુકાન બંધ થવાના સમયે, કશુંક ખરીદીને બહાર નીકળતા એક ગ્રાહકે ખોખામાંની છેલ્લી સિગારેટ હોઠ વચ્ચે દાબી ખોખું દુકાનના પગથિયા પર નાખ્યું અને ચાલ્યો ગયો. રઘુએ આ જોયું. એ જ વખતે શેઠ જદુરાય ઘેર જવા માટે દુકાનમાંથી બહાર આવતા જણાયા. દોડીને સામે ઊભેલી મોટરનો દરવાજો ખોલતાં પહેલાં પગથિયા પર પડેલું સિગારેટનું ખાલી પાકીટ ઉઠાવી લેવું રઘુને વધુ જરૂરી લાગ્યું. એણે ઝડપથી પાકીટ ઉંચકી લીધું અને પછી દોડતો મોટર પાસે પહોંચી દરવાજો ઉઘાડી એક હાથે સલામ કરી ઊભો રહ્યો.

પણ શેઠ પગથિયા પાસે અટક્યા. રઘુની નજર પગથિયા પર પડી. ત્યાં ચશ્માંનું એક ઘર પડ્યું હતું. રઘુએ મોટરનું બારણું પકડેલો હાથ બારણું છોડી પોતાના કોટના ઉપલા ખિસ્સા પર મૂક્યો. સિગરેટનું ખાલી ખોખું ઉઠાવવા જતાં એના જ ખિસ્સામાંથી એ ચશ્માં પડી ગયાં હતાં. રઘુ ટટ્ટાર ગરદને આંખના ખૂણામાંથી શેઠ સામે જોઇ રહ્યો.

શેઠ જદુરાય આગતેગ નજર ફેરવતાં નીચા નમ્યા, ચશ્માં ઉઠાવ્યાં, ખિસ્સામાં મૂક્યાં અને ઝડપથી એમની કૅડિલૅક ગાડી ભણી ડગલાં ભરવા માંડ્યાં. ઊંચી ગરદન રાખી ઊભેલો રઘુ પોતાને ચશ્માં ઉઠાવતાં જોઇ શક્યો નહિ હોય એવી ખાત્રી સાથે, શેઠે ગંભીરતાપૂર્વક પણ નજર નીચી રાખીને રઘુની સલામ ઝીલી, મોટરમાં બેઠા, અને બંગલે હંકારી ગયા.

રઘુ એક શબ્દ પણ બોલી શક્યો નહિ. હા, એ દિવસે ઘેર જતાં એની ગરદન રોજ જેટલી ટટ્ટાર ન હતી.

આ વર્ષ દરમ્યાન પ્રકટ થએલી મૌલિક વાર્તાઓ તેમજ નાટિકાઓ પૈકી શ્રેષ્ઠકરનારને 'કુમાર', ચાલુ પુરસ્કાર ઉપરાંત ૩૦ રૂપિયાનું નાનું પારિતોષિક આપે છે.

અથાણું

એક : કાલ રાત્રે હું માંડ બચી ગયો !

બીજો : કેમ ? શું થયું ?

એક : મધરાતે જાગ્યો તો મારા ઓરડામાં સામેની ભીંતે લટકેલું કાંઇક ધોળુંધોળું જોયું. એટલે બંદૂક લઇને કર્યો બાર. પછી બત્તી સળગાવીને જોયું તો એ તો મારું પહેરણ લટકતું હતું.

બીજો : પણ એમાં તમારે બચી જવાનું ક્યાં આવ્યું ?

એક : કેમ ? હું પહેરણ કાઢતાં જ ભૂલી ગયો હોત તો !

ટિકિટ ચેકર– અરે એય, આ તારી ટિકિટ તો છે નડિયાદની અને ગાડી તો જાય છે વીરમગામ તરફ.

દારૂડિયો મુસાફર–તો ડ્રાયવરે દારૂબારૂ પીધો છે કે શું ? નડિયાદ તરફ લઇ લે કહી એ ગાડી.

શાહ ધીરેથી ઑફિસમાં પ્રવેશ કર્યો, ગુસ્સે થઇને હેડક્લાર્કે કહ્યું, 'મિ. શાહ, આટલા મોડા ? શું કારણ છે એનું ?'

'હું દિલગીર છું, સાહેબ, હું આજે જરા વધારેપડતું ઊંઘ્યો.'

'શું ? શું તમે એમ કહેવા માગો છો કે તમે ઘેર પણ ઊંઘો છો ?'



માધુકરી

જે યુદ્ધ તો જગવવું. પણ પ્રેમ રાખી !
લોહી લીધા વગર લોહી દઈ જ દેવું.
તાકાત હોય કરવા સહુ સાહસો આ,
ને મૃત્યુ પાછળ ય રાખી શકે તું આશા
તો કેડી છોડી નવી કેડી તું ખેડતો છો.—કલાપી

સંગીતશિરોમણિ સ્વામી હરિદાસજી

ગઇ તા. ૯મી સપ્ટેમ્બર ૧૯૫૧ ને રાધા-અષ્ટમીને દિવસે વ્રજભૂમિ મથુરામાં, જેમના નામસ્મરણમાં 'સ્વામી હરિદાસ સંગીત વિદ્યાલય'ની સ્થાપના કરવામાં આવી. તે સ્વામી શ્રી હરિદાસજી સમ્રાટ અકબરના કાળમાં થઇ ગએલા ભારતવર્ષના એક બીજા જ ક્ષેત્રમાં સમ્રાટ હતા : સંગીત-સમ્રાટ. વસ્તુતઃ તો તેઓ વ્રજભૂમિના એક બહુમુખી પ્રતિભાવાન સિદ્ધ મહાત્મા, મહાન ત્યાગી, પરમ ભગવદીય વૈષ્ણવ અને સમર્થ પુરુષ હતા.

અતિ પ્રાચીન કાળથી વ્રજભૂમિએ ભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં—શિલ્પ, સાહિત્ય, કલા, સંગીત, સર્વ ક્ષેત્રમાં-ઉજ્જ્વલ પ્રકરણો ઉમેર્યાં છે. ભગવાન શ્રી કૃષ્ણના જન્મસ્થાનના ગૌરવ ઉપરાંત બૌદ્ધ અને જૈન સમૃદ્ધિકાળમાં પણ વ્રજપ્રદેશ એક શક્તિશાળી કેન્દ્ર બની રહેલો. એ જ ઉજ્જ્વલ પરંપરામાં એ ભૂમિએ જે મધ્યકાલીન પ્રતિભાઓ સર્જી તે પૈકી સંત શિરોમણિ સ્વામી હરિદાસજી ગુણવિશિષ્ટ મહાપુરુષ હતા.

આપણા દેશના લગભગ બધા જ સાધકો જેમ હરિદાસજીના જીવન વિષે પણ કશી વિગતો મળતી નથી, સિવાય કે તે અકબરના સમકાલીન, અને તેના દરબારના ગાયક શિરોમણિ તાનસેનના ગુરુ હતા. વૃન્દાવનમાં 'નિધિવન'માં તે રહેતા અને યુવાવસ્થાથી જ બ્રહ્મચર્યનું કઠિન વ્રત ધારણ કરીને આજન્મ આધ્યાત્મિક તથા નૈતિક ઉચ્ચતાથી મંડિત પોતાનું જીવન તેમણે શ્રીકૃષ્ણની ભક્તિમાં વીતાવ્યું. તેમની અદ્ભુત સંગીતસિદ્ધિ ઉપરાંત તેમની આધ્યાત્મિક શક્તિને પ્રતિપાદિત કરતા ચમત્કારોની અનેક બોધક કથાઓ વ્રજભૂમિમાં પ્રચલિત છે. કૃષ્ણભક્તિને રસમય લોકભોગ્ય કરવામાં તેમનો ફાળો મોટો છે. રાસનાં પદોની ગાયનપરંપરાની પરિપાટી એમણે જ સર્જી. અને વ્રજમાં ધાર્મિક રંગમંચની સ્થાપના કરીને ધર્મને કલાત્મક ભૂષા એ કલાકાર ધર્માચાર્યે પહેરાવી.



સ્વામી હરિદાસજીની એક પ્રાચીન છબિ

તાનસેન ઉપરાંત સૂરદાસ અને રામદાસ જેવા ઉત્તમ સંગીતાચાર્યો આપવા માટે દેશ હરિદાસજીનો સદા ઋણી રહેશે. તાનસેન તેમને હાથે કેવી રીતે ચડ્યા તે વિષેની જુદીજુદી દંતકથાઓ પ્રચલિત છે. પં. ઓંકારનાથજી લખે છે કે તે ગ્વાલિયરના મકરન્દ પાંડેનો પુત્ર હતો અને તેનું મૂળ નામ તન્નામિશ્ર હતું. નાનપણમાં તે પિતાના ખેતરની રખવાળી કરતો ત્યારે, રાત વેળા પશુઓ કે ચોરો ખેતરમાં ભેળાણ ન કરી જાય તે માટે અસલ સિંહના જેવી ગર્જના પોતાના કંઠની શક્તિથી કરતો. એક વખત સ્વામી હરિદાસજી પોતાના શિષ્યસમુદાય સાથે ત્યાં થઈને જતા હતા એવામાં આ સિંહના ડણક સાંભળીને શિષ્યો ધ્રુજી ઊઠ્યા. પણ સ્વામીજીએ તેમાં માનવકંઠની રણક ઓળખી

માસમાસનાં પંખી

[૬૯] લીખ



ચોમાસું બેસતાં ઉત્તર ભારતમાંથી આપણે ત્યાં ઊતરી આવતાં આ લીખ પંખી ઘણુંખરું અહીં પ્રજનન કરી પાછાં વળે છે; પણ ઘાસનાં બીડ, ચોમાસુ ધાન્યનાં ખેતરો કે ગીચ ઝાળાંઝાંખરાંવાળાં સ્થળો સાથે સાનુકૂળ આબોહવા મળી જાય તો કેટલાંક રોકાય પણ છે. મોર જેવા તેના દેખાવથી તથા ઘાસમાં રહેવાની ટેવથી તેને 'ખડમોર' પણ કહે છે.

વર્ષામાં સંવનનકાળે નરની વર્ણશોભા ખીલી નીકળે છે. માથું, દાઢી ને ઉપલા ગળાનો મધ્યભાગ નિર્મળ શ્વેત; પીઠના ઉપલા ભાગે વચ્ચેથી, ડોકની બંને બાજુએ ઊતરતો પહોળો શ્વેત પટ્ટો; પીઠ રેતિયા બદામી; પૂછડી લાલ ઝાંયવાળી ઝીણી લીટીઓ ને ચાર તપખીરી આડા પટાવાળી રેતિયા બદામી; ખભા પીઠ જેવા જ, પણ શ્વેત ડાઘવાળા; હેઠલો ભાગ કાળો. પણ નરની આ વર્ણશોભામાં વૃદ્ધિ તો કરે છે બંને કાનની પાછળ ઊગી નીકળતી કાળાં પીછાંની લાંબી મનોહર બંકી કલગી.

પ્રજનન બાદ નર-માદા બંનેનો વર્ણ સરખો થઈ જાય છે. માથું ઉપલે ભાગે કાળું, ને ફીકા પટાવાળું; પીઠ કાળી, ને બદામી ભલ્લાકૃતિથી મંડિત; પાંખો ને પડખાં અનિયમિત કાળા પટાવાળાં ધૂળિયા બદામી; પૂછડી કાળા પટાવાળી પીળાશ પડતી બદામી; આંખો ફીકી પીતવર્ણી; નરની આંખમાં કાળી છાયા ને ચાંચ પીળાશ પડતી; પગ લાંબા ને મેલા ધોળાશ પડતા પીળા. કદ : લગભગ મરઘી જેવડું, પણ માદા સહેજ મોટી લાગે.

ટૂંકા ઘાસ ને નીચા મોલમાં થતાં જીવડાં તેનો આહાર; પણ વનસ્પતિનાં બી પણ ખાય ખરાં. સંવનનકાળમાં નરપંખી વારંવાર ટૂંકાર કરતો ઊંચા ઠેકડા મારતો દેખાય છે, પણ પ્રજનનકાળ બાદ તેની આ વૃત્તિ ચાલી જાય છે. ઑક્ટોબર સુધીના વર્ષાકાળમાં તે ટૂંકા ઘાસમાં બદામી રંગનાં, ઘેરા ટપકાંવાળાં ૩થી ૪ ઇંડાં મૂકે છે. ('પ્રકૃતિ'માંથી તારવીને)

કાઢી અને નજીક જતાં તાનસેન મળી આવ્યો. એ હીરાનું તેજ પારખી લઇને હરિદાસજીએ તેને પોતાની સાથે લઈ લીધો. સ્વામી રામકૃષ્ણને જેમ વિવેકાનંદ મળી ગયા હતા તેમ હરિદાસજીને તેમનું નામ ઉજ્જ્વળ કરનાર તાનસેન મળી ગયો. બાર વરસની સાધના પછી રીવા નરેશે તેને પોતાને ત્યાં બોલાવી લીધો જ્યાંથી અકબરે તેની પ્રશંસા સાંભળીને પોતાના દરબારમાં નિયુક્ત કર્યો. તાનસેન જો આટલું ઉત્કૃષ્ટ ગાય છે તો તેના ગુરુ કેટલું અદ્‌ભુત ગાતા હશે એવી અકબરને ઉત્કંઠા થઈ. પણ તાનસેને કહ્યું કે મારા ગુરુને સાંભળવા સહેલ નથી, કેમકે તે બાદશાહોના પણ બાદશાહ પરમાત્માના ગાયક છે. કહેવાય છે કે અકબર તાનસેનના શિષ્યરૂપે, હાથમાં તેનો તંબૂર ઝાલીને, હરિદાસજીનાં દર્શને ગયો, અને ગુરુને પ્રણામ કરી તાનસેન તેનાં ચરણોમાં બેઠો ત્યારે અકબર એક ઝાડને ઓથે ઊભો રહ્યો. તાનસેન બેઠો બેઠો જાણી જોઈને કંઇક અશુદ્ધ રાગણી ગણગણવા લાગ્યો, એ સાંભળી ગુરુએ તેને ઠપકો આપી સુધારીને સાચો રાગ ગાઈ બતાવ્યો, અને આ યુક્તિથી હરિદાસને સાંભળવાની તક પામેલો અકબર એ સંગીતશક્તિથી સ્તબ્ધ જ થઈ ગયો.

૯૫ વર્ષના જીવન પર્યંત કેવળ ભગવદ્‌ભક્તિમાં જ અપૂર્વ સંગીતની સાધના કરીને મધ્યયુગના આ મહાન સંગીતાચાર્ય વૃંદાવનમાં જ અવસાન પામ્યા.

ઔષધવિજ્ઞાન (ફાર્માસ્યુટિકલ સાયન્સ)

દુનિયાભરમાં આજે આ વિજ્ઞાન મહત્ત્વ ધરાવતું થયું છે અને વૈદકીય ધંધાનું તે અંતરંગ બની ગયું છે. વૈદકનું કામ જેમ દર્દીની ચિકિત્સા અને સારવારનું છે; તેમ આ વિજ્ઞાનનું કાર્ય વનસ્પતિ, ધાતુ કે પ્રાણીજન્ય પદાર્થોમાંથી પ્રયોગશાળાઓમાં ઔષધો તૈયાર કરવાનું છે. વૈદક-વિજ્ઞાનના વિકાસ સાથે જેમજેમ જુદાજુદા પ્રકારનાં ઔષધો વધતાં ગયાં તેમતેમ ઔષધોના ઉત્પાદનનું કાર્ય પણ વધતું ગયું. અને આજ તે વૈદકની એક સ્વતંત્ર શાખા બની ગઈ છે. એમાં માત્ર ઔષધોના મિશ્રણો તૈયાર કરવાનું કે દર્દીને આપવાયોગ્ય બનાવવાનું જ નહિ, પણ દ્રવ્યમાત્રને ઓળખવાં, ચૂંટવાં, સાચવવાં, અવનવાં મિશ્રણો સર્જવાં તથા તેની અંતિમ શક્તિઓ અને પ્રમાણ સ્થાપિત કરવાં વગેરે કાર્યોનો પણ સમાવેશ થાય છે. સંશોધનો કરી નવાં ઔષધો બહાર પાડવાં ને તે ઉપચારયોગ્ય બને તેવાં તેનાં સેન્દ્રિય મિશ્રણો તૈયાર કરવાં એ પણ ઔષધવિજ્ઞાનનું કાર્ય છે.

છેલ્લા ત્રણચાર દસકામાં જે ઉપચારયોગ્ય અભિનવ ઔષધો બહાર પડયાં છે તેનો વિચાર કરતાં જણાશે કે આ ઔષધવિદ્યા ઉપચારવિદ્યાના હાથમાં હાથ મિલાવીને કેવી આગળ વધી રહી છે. મૅલેરિયાના ઉપચાર માટે મેપાક્રીન અને પેલ્યુડ્રીન; નાકના સોજા, દમ, પાચનમાર્ગમાં સંકોચ, માનસિક નિરુત્સાહ, થાક વગેરે માટે એન્ઝીડ્રાઈન; શ્વાસનળી તથા ફેફસાંમાં પડતી ફાટો માટે નીકેથેમાઈડ; ઉપદંશ, ચાંદી, વિસ્ફોટક વગેરે માટે નીઓ-આર્સફેનામાઈન; અનિદ્રા માટે બાર્બિટોન હિપ્નૉટિક્સ; અતિસાર કે કૉલેરા માટે એન્ટરોવિયોફૉર્મ; સાદી શસ્ત્રક્રિયાઓ વખતે તે અંગને બહેરું કરી નાખવા માટે નૉવૉકેઇન, બેન્ઝોકેઈન તથા પાઇપરોકેઈન; બ્રૉંકોન્યૂમોનિયા(ત્રિદોષ), મૅનિન્જાઇટિસ (મસ્તકજ્વર), ગોનોરિયા (પ્રમેહ), સિફિલિસ (ઉપદંશ) આદિ જેવા ચેપી રોગો પર વપરાતું પેનીસિલીન; ક્ષય માટે સ્ટ્રેપ્ટોમાઈસીન; કફ, વરાધ મૂત્રાશયના કેટલાક રોગો માટે ટેરામાઈસીન; ટાઇફૉઈડ માટે ઑરિયોમાઇસીન; તથા સલ્ફાડાયાઝાઈન, સલ્ફાપાઈરીડાઇન જેવાં સલ્ફા ઔષધો; પાસ જેવાં જંતુવિનાશકો; બી. સી. જી. જેવાં ક્ષયનિરોધક વૅક્સીનો; ઇન્સુલીન, ઍડ્રીનાલીન જેવાં સંપૂરકો; તથા ફૉલિક ઍસિડ તેમજ વિટામિન એ, બી ૧, બી ૨, બી ૧૨, સી, ડી, ઇ, વગેરે વિટામિનો,—એમ અસંખ્યાત ઔષધો આ વિજ્ઞાનને પ્રતાપે આજે શોધાયાં છે.

આપણા દેશમાં બ્રિટિશ અમલ દરમ્યાન વૈદકવિદ્યાનો કાંઇક વિકાસ થયો પણ ઔષધવિજ્ઞાનની તો તદ્દન ઉપેક્ષા જ કરાએલી, ને એ વિજ્ઞાન તથા ધંધામાં બીજા દેશોને મુકાબલે આપણે એટલા પછાત રહેલા કે તેમાં અંધાધૂંધી જ પ્રવર્તતી હતી. એ ભયંકર સ્થિતિ નિવારવા ૧૯૩૧માં હિંદી સરકારે સર રામનાથ ચોપરાના અધ્યક્ષપદ નીચે એક 'ડ્રગ ઇન્કવાયરી કમિટી (ઔષધ તપાસ સમિતિ)' નીમી, અને તેની ભલામણો પરથી એ ધંધામાં ચાલતી અંધાધૂંધી ઉપર નિયંત્રણ મૂકતો 'ડ્રગ ઍન્ડ ફાર્મસી ઍક્ટ' નામનો કાયદો પસાર કર્યો, પણ તે અમલી બની શકયો નહિ. અંતે સ્વરાજ્ય મળ્યા પછી ૧૯૪૮માં રાજકુમારી અમૃતકોર તથા ડૉ. જીવરાજ મહેતા જેવાના પ્રયાસોથી 'ફાર્મસી ઍક્ટ' પસાર થયો, જેને લીધે આ વિજ્ઞાન જવાબદારીભર્યા સ્થિર પાયા પર મુકાયું છે ને યુવાન વિદ્યાર્થીઓ માટે દેશના ધંધા અને વિજ્ઞાનની એક નવી કારકિર્દી ખુલ્લી થઈ છે. (અમદાવાદની ફાર્મસી કૉલેજના વાર્ષિકોત્સવ પ્રસંગે તેના આચાર્ય શ્રી આર. પી. પટેલે કરેલા વ્યાખ્યાનમાંથી.)

કેસર

કાશ્મીર ઘણા લાંબા કાળથી તેનાં કેસર અને મધને માટે પ્રખ્યાત છે. દુનિયામાં કેસર મુખ્યત્વે સ્પેન, ફ્રાન્સ, સિસિલી, ઍપિનાઈન પર્વતોના ઢોળાવના પ્રદેશો, ઇરાન અને કાશ્મીરમાં થાય છે; પણ સૌમાં કાશ્મીરનું કેસર શ્રેષ્ઠ ગણાય છે. કાશ્મીરી કેસરની ધમક અને ગુણ ધરાવતું કેસર જગતભરમાં બીજે કયાંય થતું નથી.



કેસરનો છોડ

હિંદુઓના ધર્મવિધિઓ અને ઉત્સવોમાં તથા આયુર્વેદ વૈદકમાં કેસરનું મહત્ત્વ તો આપણને જાણીતું છે. ઘણાં અગત્યનાં ઔષધોમાં તે વપરાય છે. આપણી પેઠે દેશદેશની ખોરાકની ઉત્તમ વાનીઓમાં પણ તેનો ઉપયોગ થાય છે. ચીનાઓ તેનો ઘણો ઉપયોગ કરે છે અને ઇરાનીઓ તથા સ્પૅનિયાર્ડો આજે પણ ભાતમાં તે વાપરે છે. પ્રાચીન કાળના ગ્રીક આવાસો ને નાટ્યગૃહોમાં તથા મુઘલ દરબારોમાં તે સુગંધી તરીકે વેરવામાં આવતું. નીરોએ જયારે રોમમાં પ્રવેશ કર્યો ત્યારે રોમની શેરીઓમાં કેસર છાંટવામાં આવ્યાનું કહેવાય છે!

કેસરનું વાવેતર પાનખર ઋતુમાં કરવામાં આવે છે. જેવો ઉનાળો ઊતરવા માંડે તેવી જ કાશ્મીરની ખીણો કેસરની રંગ-ભભક અને ગંધ-ધમકથી ભભૂકી ઊઠે છે. જોકે કેસરની ખેતી કરવી બહુ કપરી છે અને તે અઢળક કાળજી તથા જહેમત માગી લે છે. જમીનથી થોડા થોડા ઊંચા એક ચોરસ વારના કયારામાં, છ છ ઇંચ છુટા કેસરના દોડા વાવવામાં આવે છે, અને આમ લાગટ ત્રણ વરસ સુધી તેનો પાક

ઉતાર્યા બાદ બીજાં ત્રણ વરસ એ જમીનને પડતર રાખવી પડે છે. કેસરનાં ખેતરો ખાસ તેની ખેતી માટે જ આગવાં રાખવામાં આવે છે ને તેમાં બીજું કશું વાવવામાં આવતું નથી.

કેસરના છોડ અત્યંત નાના ને તેની દાંડલી બહુજ નાજુક હોય છે. સોય જેવાં અણિયાળાં તેને પાંદડાં થાય છે. સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં તેને જાંબલી રંગનાં ફૂલ બેસે છે. તેમાંથી ત્રણ પીળી ને ત્રણ લાલ પૂંખડીઓ નીકળે છે. ફૂલો પૂરેપૂરાં ખીલી રહ્યા પછી તેને કાળજીથી ચૂંટી લઇને થોડાં સુકાવા દીધા બાદ તેની પૂંખડીઓ ચૂંટી લઈને લાલ અને પીળીની જુદીજુદી ઢગલીઓ કરવામાં આવે છે. તેમાં લાલ પૂંખડી ઉત્તમ ગુણવાળી ને પીળી ઊતરતી કક્ષાની ગણાય છે.

કાશ્મીરમાં પામપુર ખાતે અને જમ્મુમાં કિસ્તવારમાં એમ બે સ્થળે જેલમ નદીના નીચાણના પ્રદેશમાં કેસરની ખેતી થાય છે. તેમાં પામપુરનું કેસર ઉત્તમ ગણાય છે. ખેતરો રાજ્યની માલિકીનાં છે અને હરરાજીમાં સૌથી વધારે બોલનારને તે ખેડવા અપાય છે. કાશ્મીર રાજ્યને તેની મોટી આવક છે. ('કાશ્મીર' પત્ર)

દાંતનો સડો અટકાવવાના ઉપચાર

દાંત ઉપરનો ધોળો કઠણ પદાર્થ ઇનૅમલ છે. તેનું બંધારણ નખ જેવા દ્રવ્યનું છે. તેમાં કૅલ્શ્યમ, ફૉસ્ફરસ, ઍલ્યુમીનિયમ, બેરિયમ, બૉરોન, ત્રાંબું, લોહ, ક્રોમિયમ, મૅગ્નેશિયમ, મૅન્ગેનીઝ, સોડિયમ, પોટાશિયમ, ફ્લુઑરાઇડ વગેરે ધાતુઓ અને ક્ષારો છે. ખોરાકમાં મૅગ્નેશિયમ અને એ, સી તથા ડી વિટામિનોના અભાવ કે અછતના પરિણામે એ ઇનૅમલ અને ડેન્ટીનનું બંધારણ નબળું બને છે.

જે પ્રદેશના પાણીમાં ફ્લુઑરીનનું જેટલું પ્રમાણ હોય તેટલા પ્રમાણમાં તે દેશવાસીઓના દાંતનો સડો ઓછો હોય છે. કારણ કે ફ્લુઑરીનવાળા પાણી કે આહારથી દાંતનાં ઈનૅમલ ને ડેન્ટીન એવાં તો સખત બને છે કે તે જીવાણુઓએ ઉપજાવેલી અમ્લતાનો બરાબર સામનો કરે છે; અમ્લતામાં તે ઝટ 'ઓગળતું' નથી.

દાંતનો સડો અટકાવવાઅંગેનાં સંશોધનોના પરિણામે પ્રો. ક્રીસબી કહે છે કે ફ્લોરીન વાયુનો ખનિજક્ષાર ફ્લુરાઈડ દાંતના સડા સામે રક્ષણ આપે છે. આ અંગે એક સારવાર ઊભી થઈ છે. બળિયા ટંકાવવાથી જેમ શીતળાના ચેપી રોગ સામે રક્ષણ મળે છે તેમ આ સારવાર પણ દાંતના સડાને અટકાવવા માટેની (Preventive) છે.

સારવારની સરળ ને સહેલી રીત પાણીમાં ફ્લુઑરાઇડ (fluoride) ઉમેરવાની છે. પીવાના અને રાંધવાના કામમાં વપરાતું પાણી દસલાખ ભાગે એક ભાગ ફ્લુઑરીનવાળું હોવું જોઇએ. બીજી સારવાર કાયમી દાંત ઊગ્યા હોય એવાં બાળકોને આપવાની છે. દાંતને બરાબર સાફ કર્યા બાદ સોડિયમ ફ્લુરાઈડનું બે ટકાનું દ્રાવણ દાંત ઉપર લગાડવામાં આવે છે. ચાર મિનિટમાં દ્રાવણ સુકાઇ જાય છે, ને પંદર મિનિટમાં સારવાર પૂરી થાય છે. વર્ષભરમાં ચાર વખત આવી સારવાર આપવાનો પ્રચાર અમેરિકામાં ખૂબ જોરમાં છે.

સડો એ જીવાણુઓએ ઉપજાવેલું દરદ છે. એટલે સડાના ઉપચારમાં જંતુઘ્ન દવાઓનું સ્થાન છે. જંતુઘ્ન દવાઓમાં હાઇડ્રોજન પેરૉક્સાઈડ ઉત્તમ લેખાય છે, કારણ કે તેમાં સમાએલો ઑક્સિજન બધી જાતના જંતુઓને હણે છે. વળી તેનામાં લોહીસ્રાવ બંધ કરવાનો, દુર્ગંધ હઠાવવાનો અને ઘાને સાફ કરવાનો ગુણ પણ છે. પણ આ દવા લાંબા ગાળા સુધી 'સ્થિર' નથી રહેતી. વળી ઘાના સંસર્ગમાં થોડા વખતમાં તે ગુણહીન થઇ જાય છે. પણ બોસ્ટનના કેમિસ્ટ વિલ્ફ્રેડ ક્રાબેકે યૂરિયા સાથે હાઈડ્રોજન પેરૉક્સાઈડ મેળવી કારબામાઈડ પેરૉક્સાઇડ નામનું દ્રવ્ય શોધ્યું છે. આ દવાના બે ટકાનું ગ્લીસેરીનમાં દ્રાવણ તૈયાર કરીને તેનું નામ 'થેનારડોલ' રાખવામાં આવ્યું છે—આજથી દોઢસો વર્ષ અગાઉ થઈ ગએલા હાઈડ્રોજન પેરૉક્સાઇડના શોધનાર ફ્રેન્ચ વિજ્ઞાની જૅકસ લુઈ થેનાર્ડના માનમાં, કારબામાઈડ પેરૉક્સાઇડ શ્રેષ્ઠ જંતુઘ્ન લેખાય છે. ઘા કે સડામાં છેક ઊંડે ઊતરી ઑક્સિજનની જંતુઘ્ન ક્રિયા લાંબા વખત સુધી રહે છે અને ઘા પણ તદ્દન સાફ થઇ જાય છે. અભૂતપૂર્વ આ જંતુઘ્ન દવા દાંતના સડાના ઉપચાર તરીકે હવે દાંતના પાઉડરોમાં ભેળવવામાં આવે છે.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

કાગળ-કટાઈની કૃતિ

આ અંકમાંનો કલાકાર રામલાલજીની 'કાગળ-કટાઇની કલા'નો લેખ તૈયાર થતો હતો તે જ અરસામાં રાધનપુરના ડ્રૉઇંગ માસ્તર શ્રી પરશુરામ મહેતાએ અમને તેમની એ જ પ્રકારની કૃતિઓના થોડા નમૂના મોકલેલા. જોકે તે પ્રાથમિક દશાના હતા, છતાં પ્રોત્સાહનને પાત્ર હોવાથી તેમાંનો એક નમૂનો આ નીચે અમે આપીએ છીએ. રામલાલજીની કૃતિઓ આવા અનેકને નવી પ્રેરણા અને પ્રગતિ માટેનું પ્રોત્સાહન પૂરાં પાડશે.



આપણી જગનામી વેધશાળા

હિંદમાં કોડાઈકનાલ ખાતે આવેલી વેધશાળા દુનિયાભરમાં સૂર્યના અવલોકન માટેની સર્વશ્રેષ્ઠ વેધશાળા ગણાય છે એ ઘણા નહિ જાણતા હોય. ગઈ ૧૮મી સપ્ટેમ્બરે તેણે પોતાની સુવર્ણજયંતી ઊજવી. સમુદ્રસપાટીથી ૭૭૦૦ ફૂટ ઊંચે આવેલી એ વેધશાળા કોઇ અજબરીતે ધુમ્મસ અને વાદળાંથી મુક્ત જ રહે છે. આથી તેનો ઉપયોગ મોટે ભાગે ખાસ કરીને સૂર્યની ભૌતિક રચના, તેના ડાઘા, તેમાં થતાં ફેરફારો વગેરેના અભ્યાસ માટે જ થાય છે, અને ત્યાં થએલાં સંશોધનોએ દુનિયામાં સૂર્ય વિષેના ભૌતિક વિજ્ઞાનમાં ઘણો નવો ને અગત્યનો ફાળો આપ્યો છે.

મુંબઇ રાજ્યમાં ગંધકની શોધ

મુંબઇ રાજ્યના દક્ષિણના પહાડી વિસ્તારમાં ગંધકની ખાણો મળી આવી છે, તેથી થોડા જ વખતમાં હિંદ ગંધકનું પહેલા વર્ગનું ઉત્પાદક બનવાનો સંભવ છે. દુનિયામાં ગંધક અછતની ચીજ છે ને સલ્ફ્યુરિક ઍસિડ બનાવવામાં તેનો ખાસ ઉપયોગ થાય છે.

આ ખાણ ૧૨ માઈલના વિસ્તારમાં કારવારમાં કાઈગા ગામ નજીક મળી છે. હિંદની ગંધકની વાર્ષિક વપરાશ ૪૦,૦૦૦ ટનની છે જે બધી જાપાન તથા અમેરિકાથી આયાત થાય છે. હિંદ તેમાંથી એકલાખ ટન સલ્ફ્યુરિક ઍસિડ બનાવે છે. મુંબઇ રાજ્યમાં નીકળેલી ખાણમાં ૫૧ ટકા ગંધક, ૫ ટકા નિકલ ને ૧ ટકો ત્રાંબું માલૂમ પડયું છે. શરૂમાં ૧૦,૦૦૦ ટન કાચી ધાતુ કઢાશે, જેમાંથી ૪,૦૦૦ ટન ગંધક મળશે.

અસાર સંસારતણા પ્રવાસી હે! બે સૂત્ર આ અંતરમાં તું આંકજે:
માયા–દયા દુઃખ વિશે બીજાના ને ધૈર્ય તારાં દુખમાં તું ધારજે.

—ચમનલાલ ગાંધી—

ચમાર સંત રૈદાસની દરિદ્રતા ફેડવા પ્રભુએ સાધુ રૂપે આવી એમને પારસમણિ આપ્યો અને જોડા સીવવાના એક સોયાને તેના સ્પર્શથી સોનાનો બનાવી દઇ તેની શક્તિનો પરિચય પણ કરાવ્યો. છતાં એ ભક્તિધન સંતે તે લેવાના પાડી. સાધુએ જ્યારે તે લેવા અતિઆગ્રહ કર્યો ત્યારે તેને છાપરામાં ખોસી મૂકવા કહ્યું. તેર મહિના પછી સાધુએ પાછા આવી પેલા પારસમણિ વિષે પૂછતાં રૈદાસે કહ્યું કે, 'જ્યાં મૂકયો હતો ત્યાંથી લઈ લો; મેં તો એનો સ્પર્શ પણ નથી કર્યો.'

અનેકાર્થી શબ્દ: **પાકું**=પાક ઉપર થતું ગૂમડું; કૂવામાંથી માટી કાઢવાની દોરડે બાંધેલી ટોપલી; કોલુમાં પીલ્યા બાદ રહેલો શેરડીનો કૂચો; કુંવારનું પાન.

કહેવતોના અર્થ: 'માંડ કમાઉ ને મોઢો ઊંટ'–બીજાને ભાર રૂપ હોવા ઉપરાંત પાછા નુકસાનકર્તા દુર્ગુણ પણ હોય એવા માટે વપરાતી આ કહેવતનો શબ્દાર્થ સ્પષ્ટ છે. એવી બીજી કહેવતો: 'કાણું ઘોડું ને કરડકણું'.


ગણિતની આ ગમ્મત એ ત્રણ મિત્રો આગળ કરી શકો. એક મિત્રને, ગમે તે ચાર આંકડાની સંખ્યા લખવાનું કહો. માનો કે તેણે ૫૩૪૨ લખ્યા. હવે તમે તે ઉપરથી આટલું કરો: છેલ્લા બે અંક ૪૨માંથી ૨ બાદ કરો, અને તે બગડાને એ રકમની શરૂઆતમાં ગોઠવો. એટલે ૨,૫૩,૪૦ની રકમ આવી. આ રકમ તમે એક કાગળમાં લખીને તમારી પાસે ગુપ્ત રાખો. પછી બીજા એક મિત્રને, પહેલા મિત્રે લખેલી રકમની નીચે બીજી એક ચાર આંકડાની રકમ લખવા કહો. માનો

૫૩૪૨ કે તેણે ૬૧૭૬ લખ્યા. તો તમે
૬૧૭૬ તેની નીચે એવી રકમ લખો કે
૩૮૨૩ એ મિત્રની ને તમારી રકમનો સર-
૨૭૮૫ વાળો ૯૯૯૯ થાય. એટલે તમે
૭૨૧૪ ૩૮૨૩ લખશો. પછી ત્રીજા મિત્ર-
૨૫૩૪૦ ને કહો કે તે પણ ફાવે તે એક

ચાર આંકડાની રકમ તેની નીચે લખે. ધારો કે તેણે ૨૭૮૫ લખ્યા, તો તમે, આપણે ઉપર કહ્યું તેમ, સરવાળો ૯૯૯૯ લાવવા માટે ૭૨૧૪ લખો. હવે એ પાંચે રકમનો સરવાળો કર્યા વિના જ તમે મિત્રોને તમારી પાસેના કાગળમાં જોઇને કહી દો કે તેનો સરવાળો ૨૫૩૪૦ આવશે! અને એ આવવાનો જ. અજમાવી જુઓ! (ચન્દ્રકાન્ત ઠાકર)

તવારીખમાં નોંધાયું છે કે Lepodotemachoselachogaieokraniolcipsanodrimupotrimmatosiphioparaomelitokatakeclumnenokichlcipkossuphophattoperisteralektruonoptegkephalokigklopelsiolagoosiraioealetraganopterugon નામે એક સરદાર ઇ. ૧૮૬૬માં અમેરિકાના વિસ્કૉન્સિન મુકામે ગુજરી ગયો. આખી માનવજાતના ઇતિહાસમાં તેના જેટલું (૧૭૮ અક્ષરનું) લાંબું નામ હજી જાણવા મળ્યું નથી.

અને ગયા વરસ (૧૯૫૦)ના ફેબ્રુઆરીમાં ફ્રાન્સના ન્યુઈલી-પ્લેસાંસ ગામે શ્રી 'ઓ' (O) તથા તેમનાં પત્નીએ પોતાના લગ્નની સુવર્ણ જયંતી ઊજવી. એ બાઇનું નામ ટૂંકામાં ટૂંકું એક જ અક્ષરનું છે: O.



રટવ કે ચૂલા ઉપરથી ગરમ વાસણ ઉતારવા માટેની આપણી ચાલુ સાણસી ઊભી પકડવાની હોવાથી વરાળની કે દેવતાની ઝાળ લાગી ઘણી વાર દાઝી જવાય છે. તેમાંથી બચાવતી આ સાણસી સલામત તેટલી જ મજબૂત પકડવાળી છે આપણા કારીગરો પાસે આવી બનાવડાવવી જોઇએ.

મા: મનુ, તું શું કરે છે?
મનુ: કાંઈ નહિ, બા.
મા: અને કનુ, તું?
કનુ: મનુને મદદ કરું છું.

ચાર શેર ગરમ પાણીમાં મોટો ચમચો કેરોસીન નાખી, બરાબર મેળવી તે વડે બારીબારણાં તથા શીશા-શીશીઓ ધોવાથી તે સાફ ને તેજદાર બને છે.


પુ. હ. પટેલ




કલાકણિકા: અહીંતહીં સોને રસેલું, ઈરાનનું આ રૂપાનું શરાબનું પાત્ર, છેક પ્રાચીન કાળમાં પણ ત્યાંના મોજશોખ પાછળના વૈભવનું નિદર્શક છે. નીચેથી તેને ઘેટાના માથાનો સુંદર ઘાટ આપ્યો છે ને ઉપલી કિનારે કમળવેલ છે.

દીવાસળી સળગાવવા માટે પેટીનાં બે પડખાં પર જે રાસાયનિક પટ્ટીઓ લગાડેલી હોય છે તે, ચામડાં પરના ડાઘ ઘસી કાઢવા માટે બહુ જ ઉચિત ખપમાં આવે છે.

'વનસ્પતિનો જાદુગર' કહેવાતા વિખ્યાત અમેરિકન વનસ્પતિશાસ્ત્રી લ્યૂથર બ્યુરબૅંક અખતરા કરીકરીને એક એવો છોડ પેદા કર્યો કે જેનાં જમીનમાંનાં મૂળમાં બટેટાં બેસે, ને બહાર છોડ પર ટમેટાં: એકીસાથે બે શાક!








વનનાં વેણુ ચિત્રકાર· સુકુમાર દેઉસ્કર

કાશીઘાટ પર કથાવાચન ચિત્રકાર: કમલરંજન ઠાકુર

[ન્યૂ દિલ્હીની ઑલ ઇંડિયા ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટસ સોસાએટીના સૌજન્યથી]



આકાશચારી ગાન્ધર્વો (ફોટો શ્રી ચંદુભાઈ ભટ્ટ) ગુપ્ત રાજ્ય અમલ હિંદી ઇતિહાસમાં સંસ્કારિતાનો સુવર્ણયુગ ગણાય છે. ગ્વાલિયર રાજ્યમાં સોંદાની ખાતેની દીવાલ પર છઠ્ઠી સદીમાં કોતરેલું ગાંધર્વ યુગલનું આ અર્ધશિલ્પ એ સુવર્ણયુગની કલાનો એક સુંદર અવશેષ છે. ખંડિત હોવા છતાં એમના પુષ્ટ છતાં લાવણ્યભર્યાં અંગ, મુખભાવ, અને ગંધર્વીની પાછળ લહેરાતાં વસ્ત્રો સુધીની ઉડ્ડયન-છટા આકર્ષક છે.



કુવ્વત-ઉલ-ઈસ્લામ (દિલ્હી કુતુબમિનાર પાસેની) મસ્જિદમાંના લીવાનના એક ભાગમાંની જાળીનું કોતરકામ. (ફોટો • બલવન્ત ભટ્ટ) કુતુબ મિનારની જોડે જ આવેલી મસ્જિદ વગેરેમાં હિંદુ સ્થાપત્યકલાની પરંપરા સ્પષ્ટ છે. આ ચિત્રમાંની કમાન તથા તેની ચોમેર અરબી લિપિમાં કોતરેલા કલમા વગેરે ઈસ્લામી હોવા છતાં કળશ ને કમળની આકૃતિવાળા બંને સ્તંભ તથા કલમા પછીની તકતીઓમાંની વેલ સ્પષ્ટ હિંદુ પ્રણાલિનાં છે.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૨ મુંબાઇનું માધવબાગનું જાણીતું મંદિર હરિજનો માટે ખુલ્લું મુકાયું, ૧૯૪૭.
તા. ૩ સીવવાના સંચાના શોધક ઇલિયાસ હૉવેનું અવસાન, ૧૮૬૭.
તા. ૫ મહારાણી ઝિન્દાને દેશપાર કરી ડેલહાઉસી શીખો સામે યુદ્ધે ચડયો, ૧૮૪૮.
તા. ૬ હિંદના ભાગલા પછી થએલા જુલ્મને પરિણામે પશ્ચિમ પંજાબમાંથી ચાર લાખ હિજરતીઓનો સૌથી મોટો કાફલો હિંદ આવ્યો, ૧૯૪૭.
તા. ૮ હિંદમાં નૂતનયુગનાં મંડાણ કરનાર 'યંગઇંડિયા' પત્રના ગાંધીજી તંત્રી બન્યા, ૧૯૧૯.
તા. ૧૦ નૉર્વેજિયન સાહસ-સફરી ને પ્રદેશશોધક ડૉ. ફ્રિજોફ નાનસેનનો જન્મ, ૧૮૬૧.
તા. ૧૧ વરાળથી ચાલતી પહેલી હોડી 'સ્ટીમ ફેરી' અમેરિકામાં ચાલુ થઇ, ૧૮૧૧.
તા. ૧૬ દવા સુંઘાડી બેભાન કરીને વેદનારહિત શસ્ત્રક્રિયા કરવાનો પહેલો સફળ પ્રયોગ અમેરિકન ડૉ. વિલયમ માર્ટિને કર્યો, ૧૮૪૬.
તા. ૧૭ ભારતીય ફિલસૂફીના તત્ત્વજ્ઞ યોગી સ્વામી રામતીર્થે જલસમાધિ લીધી, ૧૯૦૬.
તા. ૨૨ પોર્ટુગીઝ સરકાર સામે બ્રાઝિલે સ્વાતંત્ર્ય જાહેર કર્યું, ૧૮૨૨.
તા. ૨૬ પાકિસ્તાને સરહદ પ્રાંતના હુમલાખોરોને લઇ કાશ્મીર પર હલ્લો કર્યો, ૧૯૪૭.
તા. ૨૮ હિંદુ ધર્મ સ્વીકારી ભારતની સેવા કરનાર ભગિની નિવેદિતાનો જન્મ, ૧૮૬૭.
તા. ૩૧ શેખ અબ્દુલ્લાએ કાશ્મીરના વડા પ્રધાન તરીકે સોગંદ લીધા, ૧૯૪૭.

સપ્ટેમ્બર ૧૯૫૧ની તવારીખ

તા. ૨ તિબેટની રાજધાની લ્હાસામાં લાલ ચીનની ફોજનો પ્રવેશ; **તા.** ૩ ભારતને ખેદાનમેદાન કરવાની પાકિસ્તાની જેહાદ સામે ભારતે બહાર પાડેલો શ્વેતપત્ર; **તા.** ૪ બીજા મહાયુદ્ધ પછીની જાપાન સાથેની સુલેહ કરવા માટે જગતના કેટલાક દેશોની સાનફ્રાન્સિસ્કોમાં મળેલી પરિષદ; **તા.** ૫ કાશ્મીરના પ્રશ્નનો ઉકેલ લાવવામાં ડૉ. ગ્રેહામની નિષ્ફળતા; **તા.** ૬ ટંડન–નહેરૂ મડાગાંઠમાંથી ઊભી થયેલી કટોકટી ટાળવા કૉંગ્રેસ કારોબારીના બધા સભ્યોનાં એકસામટાં રાજીનામાં; **તા.** ૮ પંડિત જવાહરલાલની કૉંગ્રેસ-પ્રમુખ તરીકે વરણી; **તા.** ૧૦ ઈરાનને આર્થિક ભીંસમાં મૂકવા બ્રિટને તેની સાથેની ખાસ સગવડો રદ કરી; **તા.** ૧૧ આબાદાનનાં તેલક્ષેત્રો ખાલી કરવાનું ઇરાનનું બ્રિટનને આખરીનામું; **તા.** ૧૩ ભારતની આગામી ચૂંટણીના નિયમોની પ્રસિદ્ધી; **તા.** ૧૬ કૉંગ્રેસમાંથી છૂટા થયેલાઓને ફરી કૉંગ્રેસમાં જોડાવાનું જવાહરલાલનું આમંત્રણ; **તા.** ૧૮ અમેરિકાના અગ્રણી દૈનિક 'ન્યૂયૉર્ક ટાઈમ્સ'ની શતાબ્દી; **તા.** ૧૯ ૨૫મી ઑક્ટોબરે બ્રિટનમાં જાહેર ચૂંટણી કરવાની ત્યાંના વડા પ્રધાન ઍટલીની રેડિયો જાહેરાત; **તા.** ૨૦ આંધ્રને સ્વતંત્ર પ્રાંત કરાવવા માટે સ્વામી સીતારામે માંડેલા ઉપવાસનાં પારણાં; **તા.** ૨૨ શાંતિનિકેતનની વિશ્વભારતીનું કેન્દ્રસ્થ યુનિવર્સિટી તરીકે ઉદ્‌ઘાટન; **તા.** ૨૭ આબાદાનનાં તેલનાં કારખાનાંઓનો ઇરાને કબજો લીધો.

વ્યક્તિવિશેષ : ધર્માનન્દ કોસંબી



બૌદ્ધ ધર્મના સમર્થ અભ્યાસી, પાલી ભાષાના પ્રખર વિદ્વાન તથા પુનરુદ્ધારક અને સત્યશીલ સાધુપુરુષ વિદ્વાન ધર્માનન્દ કોસંબીનો જન્મ મહારાષ્ટ્રમાં કોસંબી (ગોવા) માં ૧૮૭૬ની ૯મી ઑક્ટોબરે થયેલો. ૨૩ વર્ષની યુવાન વયે બૌદ્ધ ધર્મથી આકર્ષાઇ ઘરબાર છોડી તેમણે કાશી જઇ સંસ્કૃતનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું ને ભગવાન તથાગતની જન્મભૂમિ લુંબિયા (નેપાળ) તથા બુદ્ધ ગયાની યાત્રા કરી, લંકા જઈ પંડિત મહાસ્થવિર સુમંગલાચાર્ય પાસે પાલીનો સંપૂર્ણ અભ્યાસ કર્યો. ત્યાંથી હિંદ ને બ્રહ્મદેશનાં બૌદ્ધ તીર્થોની યાત્રા કરી બૌદ્ધ ભિક્ષુકો પાસેથી તેના ધર્મ તથા ગ્રંથોનું ઊંડું જ્ઞાન મેળવ્યું. પાલી ભાષામાં તેમણે મેળવેલા પ્રાવીણ્યથી તેમને કલકત્તા વિશ્વવિદ્યાલયમાં તેના અધ્યાપક નીમવામાં આવ્યા; અને ૧૯૧૪માં અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીના આમંત્રણથી પાલી ભાષાના સંશોધન તથા અધ્યાપન માટે તેઓ ત્યાં ગયા. ત્યાંથી આવીને પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં અધ્યાપક થયા પણ ત્યાં તો અસહકારનો જુવાળ ચડયો અને ગુજરાત વિદ્યાપીઠ સ્થપાતાં તેમાં તેઓ પુરાતત્ત્વ મંદિરમાં જોડાયા. એટલામાં સત્યાગ્રહ શરૂ થતાં તેમાં ભાગ લઈ જેલ ગયા. ૧૯૩૧માં અમેરિકાના નિમંત્રણથી ફરી ત્યાં જઈ આવ્યા બાદ આમ જનતામાં બૌદ્ધ ધર્મપ્રચારાર્થે શ્રીમંતોની મદદથી મુંબાઈમાં પરેલ બાજુએ 'બહુજનવિહાર' નામનો વિહાર સ્થાપી મજૂરોમાં લોકકલ્યાણનું પ્રશંસનીય કાર્ય કર્યું. પણ વૃદ્ધાવસ્થાથી તદ્દન, જર્જરીત થઈ ધર્મ કે દેશની સેવા કરવાને અશક્ત બનતી જતી કાયા વિષે વીતરાગ થતાં અનશન કરી દેહત્યાગ કરવા તત્પર થયા, પણ ગાંધીજીએ તેમ કરતાં વારી વર્ધા મોકલ્યા. પણ ત્યાં યે તેમનો દૃઢ નિર્ધાર જોઇ અંતે ગાંધીજીએ પણ સંમતિ આપી. ધીરેધીરે સર્વ ખોરાક, પછી ફળનો રસ અને અંતે પાણી સુદ્ધાં છોડી દઇ એક યોગીને છાજે તે રીતે, પરમ શાંતિથી, ૧૯૪૭ની ૪થી જૂને એમણે દેહત્યાગ કર્યો.

બૌદ્ધ ધર્મ વિષેનાં ઘણાં વિદ્વત્તાભર્યાં પુસ્તકો ઉપરાંત, પોતે બૌદ્ધ ધર્મના અભ્યાસાર્થે કરેલા કઠિન પ્રવાસો અને કપરી અથડામણો આલેખતું પોતાની 'આપવીતી, પણ એમણે લખી છે, જે તેમનાં પુરુષાર્થ, ખડતલપણું, નિશ્ચયબળ તથા તેજસ્વી બુદ્ધિ અને અણિશુદ્ધ ચારિત્ર્યની ઊંડી છાપ પાડે છે.

પ્રસંગવિશેષ : ટ્રફાલ્ગરનું યુદ્ધ

ગમે તે ભોગે ઇંગ્લિશ ખાડી પાર કરી ઇંગ્લંડ સર કરવા જતા નેપોલિયનના ફ્રાન્સ અને સ્પેનના સંયુક્ત કાફલાને ૧૮૦૫ની ૨૧મી ઑક્ટોબરે સવારે સ્પેનની ભૂશિર આગળ ભૂમધ્ય સમુદ્ર પર ચોકી કરતા અંગ્રેજ નૌકાપતિ નેલ્સને આંતર્યું. ગોલંદાજી શરૂ થઇ ને બપોરના દોઢ વાગ્યા સુધીમાં તો ખૂનખાર યુદ્ધ મચ્યું. નેલ્સનને એક પ્રાણઘાતક ગોળી વાગી, પણ મરતાં મરતાં યે તેણે પોતાના જહાજ 'વિકટરી' પર સંદેશો લહેરાવ્યો કે 'ઇંગ્લૅંડ તેના સર્વ સૈનિક પાસેથી તેમની ફરજો અદા કરવાની આશા રાખે છે.' આ યુદ્ધમાં દાખવેલ કૌશલ અને બહાદુરીએ નેલ્સનને તો અમર કરી જ દીધો, પણ તેના દ્વારા પ્રોત્સાહિત થએલા અંગ્રેજ કાફલાએ ફ્રાંસ અને સ્પેનના મહાન ગણાતા નૌકાદળને જે જબરી શિકસ્ત આપી તેનાથી તો નેપોલિયનની ઇંગ્લૅંડ જીતવાની બધી જ મુરાદ ઓસરી ગઈ. ઇંગ્લૅંડના નૌકાદળને સર્વોપરી સ્થાન મળી કાયમ માટે દુનિયાના જળમાર્ગો તેના સારુ ખુલી ગયા ને કદાચ તેથી જ ઇંગ્લૅંડ તે પછી આખી દુનિયાના પ્રદેશોમાં પોતાનો પગદંડો જમાવી શક્યું.

કામાક્ષી નટરાજન (અનુ. પૃ. ૩૩૦થી) વર્તમાનપત્રો, રાજદ્વારી નેતાઓ તેમજ સરકારી મોટા અમલદારો એમના વિદ્વત્તાભર્યા, ઊંડા, ગંભીર ચિંતન ને અભ્યાસથી પરિપક્વ વિચારો ધ્યાન દઇને વાંચતા.

પત્રકાર તરીકે એમના જેટલા લાંબા સમય સુધી આપણા દેશમાં ભાગ્યે જ કોઇએ કાર્ય ચલાવ્યું હશે. 'ઇન્ડિયન સોશ્યલ રીફોર્મર' એમણે એકલે હાથે પચાસ વર્ષ સુધી સફળતાથી ચલાવ્યું, અને જે ઉદાત્ત સિદ્ધાન્તો તથા ઉચ્ચ જીવન માટે એમણે વર્ષો સુધી પોતાના પત્રના લેખો દ્વારા સમાજને જાગ્રત કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો તેમાંની ઘણી બાબતો સફળ રીતે સમાજમાં અમલમાં મુકાએલી જોવાનું પણ સુભાગ્ય એમને પ્રાપ્ત થયું.

જાહેર જીવનની બીજી પ્રવૃત્તિઓમાં નટરાજન ઝાઝો ભાગ લેતા નહિ. પરંતુ જે હિંદીઓ આફ્રિકા, મલાયા, ફીજી વગેરે દૂર દેશોમાં જઈ વસ્યા હતા તેમનું હિત સંભાળવા માટે તથા તેમના વેપારધંધામાં નડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે આપણા દેશમાં જે મંડળ સ્થાપવામાં આવ્યું હતું તેના મંત્રી તરીકે એમણે વર્ષો સુધી કાર્ય કર્યું હતું. એકંદરે નટરાજનને જીવનભર સુમેળની મનોવૃત્તિ અને ધાંધલ અગર ઘોંઘાટ વિના શાન્ત રીતે પોતાનું કાર્ય કરવાનું વિશેષ પ્રિય હતું.

કર્નૂલ, મ્હૈસૂર ને મુંબાઈમાં મળેલી અખિલ હિંદ સમાજસુધારા પરિષદોના એ પ્રમુખ નીમાયા હતા. એ પ્રસંગે એમણે કરેલાં વ્યાખ્યાનો સમાજસુધારાના મૂળભૂત સિદ્ધાન્તો અને પદ્ધતિ દર્શાવતા પ્રમાણભૂત લેખો ગણાય તેવાં છે.

રાજકીય બાબતમાં નટરાજનના મત વિનીત પક્ષને મળતા હતા. જોકે વિનિત પક્ષના મત પ્રમાણે હિંદને માટે સાંસ્થાનિક સ્વરાજ્ય એ લક્ષ્ય હતું, જ્યારે નટરાજને તો સંપૂર્ણ સ્વાતંત્ર્યનો જ આદર્શ પોતાની સન્મુખ રાખ્યો હતો. અને તેથી જ સને ૧૯૨૧માં જ્યારે સ્વરાજ્ય પક્ષ સ્થપાયો ત્યારે તેમણે એને સબળ ટેકો આપ્યો હતો.

સને ૧૯૪૮થી નટરાજને રીફોર્મરનું તંત્રીપદ પોતાના પુત્રને સોંપ્યું. એ પછી જાહેર જીવનમાંથી એ નિવૃત્ત થયા હતા, તેમ છતાં રીફોર્મરમાં 'રેક્લૂઝ' અને 'સ્પેક્ટેટર'ના નામે અનેક વખત એ લખતા. એમના એ લેખોમાં કેટલાકને એમની મનોવૃત્તિ હવે જૂની પ્રણાલિકા તરફ ઢળતી જતી જણાતી. પરંતુ એ માન્યતા સાચી નથી. જીવનભરના વાચન, વિચાર અને અનુભવને પરિણામે એમને એવી પ્રતીતિ થઇ હતી કે જીવનવ્યાપાર સંબંધી ભારતની મૂળભૂત દૃષ્ટિ સ્વીકારવાથી જ આપણા દેશને બળ, દૃઢતા, દીર્ઘકાળ સુધીનું સ્વાસ્થ્ય, સમદૃષ્ટિ અને જીવનમાં આવશ્યક સાત્ત્વિકતા પ્રાપ્ત થશે. એમના એ લેખો ચિંતનાત્મક અને પ્રેરણાદાયી નિબંધો જેવા હતા.

સને ૧૯૩૩માં એમને શિકાગો યુનિવર્સિટીમાં હેસ્કલ લેક્ચર્સ આપવા માટે નિમંત્રણ મળવાથી તે અમેરિકા ગએલા. અમેરિકાના પોતાના એ પ્રવાસ વિષે એમણે એક પુસ્તક લખ્યું છે.

એકાંતિક અને શાન્ત જીવનના ચાહક નટરાજન ખૂબ કુટુંબવત્સલ હતા. એમને મિત્રો બહુ થોડા હતા, પરંતુ જે નાનું મિત્રમંડળ એમનું હતું તેમની સાથે કુટુંબીજન જેવો નિકટનો સંબંધ એમને હતો.

૧૯૪૮ની ૨૯મી એપ્રિલે મુંબાઈમાં વાંદરામાંના એમના મકાને ૭૯ વર્ષની વયે એમનું અવસાન થયું. એમના લાંબા જીવનનું અવલોકન કરતાં લાગે છે કે સાદું જીવન, સાહિત્ય ને ધર્મગ્રંથોનો ઊંડો અભ્યાસ, સાત્ત્વિક મનોવૃત્તિ, ઉચ્ચ આદર્શો, ઉત્કટ દેશપ્રેમ, ન્યાયબુદ્ધિ અને ઠરેલ ગંભીર વિચારો, તથા એ સર્વની પાછળ રહેલી આધ્યાત્મિક વૃત્તિને લીધે જ એ પોતાના સુદીર્ઘ જીવનકાળમાં આટલાં મહત્ત્વનાં કાર્યો કરી ગયા ને નવા જમાનાનાં સ્ત્રીપુરુષોને દૃષ્ટાન્ત રૂપ બની ગયા.


આ અંકમાંનાં ઈરાનીકળાનાં ચિત્રો

આફ્રિકાથી આવેલા એક ગ્રાહકે કહ્યું કે 'કુમાર'માં આવતાં જૂની કળાઓનાં ચિત્રો એમને બહુ નથી રૂચતાં. એથી આશ્ચર્ય તો નહિ પણ જરા અફસોસ થયો. બાળકને ઘણીવાર ભણવું નથી ગમતું એના જેવું આ કાંઇક છે. ભણતર ઉપયોગી હોવા છતાં અરુચિકર બને છે.

આ અંકમાંના ઈરાનની કળાના નમૂના જ લઈએ. થોડાં વરસ પર લંડનમાં એ દેશની કળાના દુનિયાભરના નમૂનાઓનું એક જંગી પ્રદર્શન ભરેલું, ને પછી તેના પાંચેક મહાગ્રંથો બહાર પાડેલા, જે આજે હજાર રૂપિયે વેચાય છે! જગત આખાના દેશો જેના પર આટલું ઓવારી જાય છે તેમાં મહત્ત્વ ને ખૂબી તો હશે જ, એટલી જિજ્ઞાસા સાથે આ વસ્તુઓ જોવાય તો યે આંખ કેળવાતી જાય. આ અંકમાંના ઈરાનના લેખ સાથેનાં, તેમજ પૂઠાપરનાં ચિત્રોમાં ત્યાંનાં માટીકામ ધાતુકામ, ફરસબંધી, ગાલીચા, લિપિકલા ગ્રંથશોભન ચિત્રકલા અને કાવ્ય-કલા એટલા વૈવિધ્યનો દરેકનો એકેએક ચૂંટેલો નમૂનો આપ્યો છે, જે પરથી ત્યાંની સર્વતોમુખી કલાપ્રતિભાનો ખ્યાલ આવે. એ પૈકી જડતરકામ, માટીકામ, ગાલીચા, ફરસબંધી, આદિમાંનાં સુશોભનો પાછળ રહેલી કારીગરીની બારીકાઈ તથા શોભન ડિઝાઇનોની અદ્ભુત સર્જનશક્તિ તો કદાચ સમજાવવી પડે તેમ નથી. એની મબલખ વિવિધતા તથા સપ્રમાણ સંયોજનની કદર કરનારને પોતાના ઉપયોગ માટે પણ ઘણી ખપની ચીજો મળી રહેશે.

પયગંબર સાહેબની આકાશયાત્રાના ચિત્રમાંની કલ્પનાશક્તિ, અને સમભારયુક્ત વસ્તુગુંફન જુઓ. એમની ચોમેર વીંટાળાઇને દેવદૂતો હાથમાં વિવિધ ભોજન, વસ્ત્ર, ધૂપ-દીપ આદિ લઇને ઊડતા દાખવ્યા છે તેમની અવનવી છટાઓ જુઓ. વાદળાં ને અગ્નિજ્વાળાની આકૃતિઓની રેખાની લીલા તથા સામર્થ્ય જુઓ. એમના વાહન બુરાક પર સવાર થએલા પયગંબર સાહેબની આગળ અગ્રદૂત ગ્રૅબ્રીઅલ છે, અને પાછળ નીચે દૂર પૃથ્વીનો ઝાંખો ગોળો દેખાય છે. એમ કર્ણરેખાએ કરેલા સંયોજનમાં વાદળાં અને દેવદૂતોની રચનાનું ગુંફન ભરચક એટલું જ મનોહર છે. ઉપરનીચે ખૂણામાં કાવ્યની પંક્તિઓ લખવા માટેની તકતીઓ પણ સપ્રમાણ યોજી છે. ઈરાની કલમની જે એક વિશિષ્ટ લાક્ષણિકતા છે તે આમાં શ્રેષ્ઠ સ્વરૂપે દીપી ઊઠી છે. વિખ્યાત કવિ નિઝામીના 'ખમસા' નામના પાંચ કાવ્યના એક ગ્રંથમાંનું આ રંગીન ચિત્ર બ્રિટિશ મ્યૂઝિયમના કલાસંગ્રહમાં છે.


અને હવે તેને પડખે આપેલી પેલી ફરસબંધીની શોભનકલા જુઓ, અષ્ટકોણ તારક ને ચોકડી ભાતની સંયુક્ત ભૌમિતિક આકૃતિએ રચેલાં, ફરસબંધીની લાદીનાં એ ઇરાની ચકતાં એ દેશમાં ૧૨મી-૧૩મી સદીમાં—આજથી ૭૦૦ ૮૦૦ વરસ પર કેવી વિવિધવિપુલ ને રૂપસુંદર શોભનકલા વિકસી અને વિલસી હતી તેની સાખ પૂરે છે. એકેએક તકતીમાં નવીન જ વિષય અને વસ્તુગુંફન ધરાવતી ચકચકિત ફરસબંધીની આ બહુમૂલ લાદીના નમૂના ફ્રાન્સના જગવિખ્યાત કલાસંગ્રહસ્થાન લુવ્રમાં મોઘા માનથી સંઘરાયા છે. રાજા રાણીના દાંપત્ય ઉપરાંત હરણ ને હંસ, મત્સ્ય ને પોપટ, સિંહ ને સસલાં આદિ પ્રાણીસૃષ્ટિના, એમાં ફૂલપત્તીની બિછાત વચ્ચે કલાકારે જે મુક્ત ને મનોરમ કલ્પનાવિહાર કર્યો છે તે આપોઆપ પ્રશંસાના ઉદ્ગાર કઢાવે છે. અને પ્રત્યેક અષ્ટકોણ તારકની ચોમેરની પટ્ટીમાં સુવચનોની પંક્તિઓ સુંદર લિપિકલા વડે ગૂંથી છે તે જોઇ? આટલા પરિચય પછી હવે એ એકેએક તકતી ધીરજથી અને ઝીણવટથી જોશો તો દરેકમાં નિરનિરાળી સૌન્દર્યલીલા જણાશે.



ઈરાની ગાલીચા તો આલમ-મશહૂર છે અને હરકોઇ કલારસિક એ મેળવવા ઝંખે છે. ૪૦૦ વર્ષ પહેલાંના એવા એક ઊની ગાલીચાની શોભનકલાનો ખ્યાલ આપવા તેનો એક ભાગ અહીં મોટો કરી બતાવ્યો છે. મૂળ તે ૧૭ાા×૯ાા ફૂટનો છે. એમાંની વેલપત્તી, ફળ-ફૂલના બુટ્ટા, માછલી, પોપટ, સિંહ અને પંખીગણ આદિની શોભનગૂંથણી દિલચસ્પ છે.



ગ્રંથશોભન જેવા વિષયમાં તો કલારસિક ઈરાન ઊણું ન જ રહે.ઈ.૧૪૬૩માં તેબ્રિઝમાં લખાએલા કુરાને શરીફના આ અગ્ર પૃષ્ઠ—પહેલા પાનાની સજાવટ કેવી નયનરંજક રંગ-લહર વડે કરી હશે તે જોવાનું સદ્ભાગ્ય આપણું નથી. એક ઝીણાં ચિત્ર ઉપરથી મોટી કરી બતાવેલી આ આકૃતિમાં એની કારીગરીની ખૂબીનો કંઈક ખ્યાલ આવી શકશે.



માનવદેહનાં માપ

હિંદુ મૂર્તિવિધાનશાસ્ત્રમાં મૂર્તિરચના કરવા માટે 'તાલ' નામનું એક માપ નક્કી કરેલું છે. એક તાલ એટલે કપાળના મધ્યબિંદુથી દાઢીના છેડા સુધીનો ચહેરો. એ 'તાલ-માન' ઉપર જુદાજુદા હિંદુ શાસ્ત્રોમાં વિવિધ પ્રકારની મૂર્તિરચના માટે વિવિધ પ્રકારનાં માપ આપેલાં છે. જેમકે નરમૂર્તિ (રામ, કૃષ્ણ, અર્જુન વગેરેની મૂર્તિ) દશ તાલની; ક્રૂરમૂર્તિ (ચંડી, ભૈરવ, નરસિંહ, હયગ્રીવ, વરાહ વગેરે) બાર તાલની; અસુરમૂર્તિ (હિરણ્યકશિપુ, રાવણ, કુંભકર્ણ, મહીષ વગેરે) સોળ તાલની; બાલમૂર્તિ (ગોપાલ, બાલકૃષ્ણ વગેરે) પાંચ તાલની અને કુમાર મૂર્તિ (કુમાર, વામન વગેરે) છ તાલની હોય. સર્વસાધારણ પુરુષની મૂર્તિરચના માટે હિંદુ મૂર્તિવિધાનમાં સામાન્ય પણે પ્રચલિત માપ નવ તાલનું છે તેનું ચિત્ર ઉપર આપ્યું છે.

ઉપરનું ચિત્ર તથા તેની સમજણ જોઈ-વાંચીને ખાતરી થશે કે શિલ્પ અને ચિત્ર સમજવા માટેની દૃષ્ટિ કેળવવામાં તે કેટલી જરૂરી છે. આ જ પ્રકારના અનેક સિદ્ધાંતો સમજાવીને આપણી કલાદૃષ્ટિ ખીલવતી ૨૦૦ ચિત્રોથી ભરપુર એક સંગીન મીમાંસાપોથી છે. જેમાં કલાના રૂપ-સ્વરૂપની શાસ્ત્રીય સમજણ આપતો એક આખો અભ્યાસક્રમ નિરૂપાયો છે. કિંમત ત્રણ રૂપિયા: પોસ્ટેજ જુદું. કુમાર કાર્યાલય (૧૪૫૪ રાયપુર - અમદાવાદ)માંથી મળશે.